શ્રી શત્રુંજયનું યથાર્થ નામ
સ્થાપન કરાવનાર

શુકરાજ ચરિત્ર.

પુસ્તક મળવાનું ઠેકાણું.
મુંબઈ-શાંતિ સુધાકર પ્રેસ.
શાન્તિનાથના દેરાની કોઠમાં.

પ્ર
લાલ ચાંદ મારફતીયા.

૬૯૫૯

શ્રી પરમાત્મને નમઃ

શ્રી શત્રુંજયનું યથાર્થ નામ સ્થાપન કરાવનાર

શુકરાજ ચરિત્ર

અને

શ્રી સિદ્ધાચળજીના એકસો આઠ ખમાસમણના દૂહા

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા

કેશવલાલ સાંકળચંદ મારફતીયા.

જૈન કાવ્ય પ્રકાશ વિગેરેનો પ્રસિદ્ધ કર્ત્તા.

મુંબઈ.

"શાન્તિ સુધાકર" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮.

કીંમત ૦-૮-૦

५८५८

શુકરાજ ચરિત્ર.

---:o:---

ધાન્યની એક સંપદાજ હોયની શું! એવા આ દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં પૂર્વે ક્ષિતિપ્રતિષ્ઠિત નામે પ્રસિદ્ધ નગર હતું, કે જે નગરમાં નિર્દયપણું તો એક ષડ્ગ (તરવાર) માંજ, કુશીલતા (વાંકાઇ) તો હળમાંજ, જડતા તો જળમાંજ, અને બંધન તો ફક્ત ફૂલની માળામાંજ ગણાતું; પણ લોકમાં તો હતુંજ નહીં. ત્યાં કામદેવના રૂપ સમાન અને શત્રુઓને તો સાક્ષાત્ અગ્નિ સમાન તથા રાજ્યલક્ષ્મી, ન્યાયલક્ષ્મી અને ધર્મલક્ષ્મી, એમ ત્રણે પ્રકારની લક્ષ્મી તો એકેક કરતાં જેને વધતી છે, અને એકેકની ઇર્ષાથીજ હોયની શું! એમ ત્રણે લક્ષ્મીઓ પોતાની મેળેજ સ્વયંવરા બની જે રાજાને વરી છે એવો રૂતધ્વજ રાજાનો પ્રતાપી પુત્ર મકરધ્વજ નામે રાજા રાજ્ય કરતો હતો. એક વખત ક્રીડારસમય વસંત રૂતુમાં તે રાજા પોતાની રાણીઓ સહિત ક્રીડા કરવા ઉદ્યાન (બાગ) માં ગયો. જળક્રીડા, પુષ્પક્રીડા પ્રમુખ વિવિધ પ્રકારની ક્રીડાઓ રાણી સહિત રાજા હસ્તિણી સહિત જેમ હાથી કરે તેમ તે ઉદ્યાન વિહાર કરતે પૃથ્વી પર એક છત્રજ હોય એવા સુંદર આકારવાળા એક આમ્ર વૃક્ષ (આંબાના ઝાડ) ને જોઇ તે સર્વ પ્રકારે વર્ણન કરવા યોગ્ય જાણીને બોલ્યો કે,

छाया कापि जगत्प्रिया दलतति दत्तेऽतुलं मंगलं ।
मंजर्युद्गम एष निस्तुलफले स्फाते निमित्तं परं ॥
आकाराश्चमनोहरास्तरुवरश्रेणिषु त्वन्मुख्यता ।
पृथ्व्यां कल्पतरो रसालफलदो ब्रूमस्तवैव ध्रुवम ॥ १ ॥

હે મીષ્ટ ફળના દાતાર આમ્ર વૃક્ષ, આ તારી છાયા તો કોઇક અલૌકિક જગત્પ્રિય છે, તારી પત્રપંકિત તો અતુલ મંગલકારક છે, આ તારી કોમલ માંજરોનું ઉત્પન્ન થવું તો ઉત્કૃષ્ટ મોટા ફળોની શોભાનુંજ કારણ છે, તારો બહારનો દેખાવ પણ મનોહર છે, સઘળા વૃક્ષોની પંકિતમાં તારી મુખ્યતા છે, અને તુંજ આ પૃથ્વીપર કલ્પવૃક્ષ છે, આથી વિશેષ તારૂં શું વર્ણન કરીયે!

એ પ્રમાણે તે આમ્ર વૃક્ષની પ્રશંસા કરીને જેમ દેવાંગનાઓને લેઇને દેવતા નંદનવનમાં કલ્પવૃક્ષની છાયાને આશ્રયે આવે તેમ તે આદર આનંદ સહિત પોતાની રાણીઓને લેઇને તે આમ્ર વૃક્ષની શીતળ છાયા નીચે આવીને બેઠો. અત્યંત શોભાનું પણ જાણે ચાલતું શૃંગારજ હોયની શું! એવું પોતાનું સ્વચ્છ અંતઃપુર (સ્ત્રી વર્ગ) દેખીને અભિમાનમાં આવવાથી તે (રાજા) વિચારવા લાગ્યો કે, આખા જગત્રયમાંથી જાણે સારોદ્ધારજ કર્યું હોયની શું! એવું આ અંતઃપુર જે મને પ્રાપ્ત થયું છે તે અહો આશ્ચર્ય કે, આ એક વિધાતાની પ્રસન્નતા છે. જેમ સર્વ ગ્રહોની તો નહીંજ પણ માત્ર ચંદ્રનીજ સર્વ તારા રૂપ સ્ત્રીઓ છે, તેમ આવું સ્વચ્છ અને સર્વોત્કૃષ્ટ અંતઃપુર તો મારા વિના બીજા કોઇપણ રાજાના દરબારમાં નહીં હોય,

વર્ષાકાળમાં જેમ નદીઓનું પાણી ઉભરાઇને બહાર આવે, તેમ આ રાજાનું હૃદય પણ મિથ્યાભિમાનથી અત્યંત મોટાઇપણાને પામવા લાગ્યું. તેવામાં પ્રસ્તાવોચિત બોલનાર જાણે કોઇક પંડિતજ હોયની શું, એવો તે આમ્ર વૃક્ષ ઉપર બેઠેલો એક પોપટ શ્લોક બોલ્યો કે,

क्षुद्रस्यापि न कस्य स्याद्गर्वश्चित्तप्रकल्पितः ।
शेते पातनयाव्योम्नः पादावुत्क्षिप्य टिट्टिभः ॥ १ ॥

"જેમ ટિટોડી સુતી વખતે પોતાના મનમાં અભિમાન રાખે છે કે, મારાજ ઉંચા રાખેલા પગના પ્રતાપથી આ આખો આકાશ ઊંચો રહે છે, તેમ કયા તુચ્છ પ્રાણીને પોતાનો મન કલ્પિત અભિમાન ઉત્પન્ન થતો નથી"!

આવું પોપટનું બોલવું સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે, "આ પોપટ કેવો ધિઠો (વાચાળ) અને અભિમાની છે, કે જે પોતે પોતાના વચનથી મારા અભિપ્રાયનું ખંડન કરે છે; અથવા અજાકૃપાણી ન્યાય[1], કાકતાલીય ન્યાય[2], કે ઘુણાક્ષર ન્યાય[3], કે બીલ્વ પતન મસ્તક સ્ફાટન ન્યાય[4], જેમ સ્વભાવથીજ હોય છે, તેમ આ પોપટ પણ સ્વભાવથીજ બોલે છે, કે મારા વચનનું ખંડન કરવાને જ માટે બોલે છે, એ કાંઇ સમજાતું નથી". જ્યારે રાજા આમ વિચારે છે, ત્યારે તેટલામાં તો ફરીને તે પોપટ અન્યોકિત કરીને બોલ્યો કે,

पक्षिन् प्राप्तः कुतस्त्वं ननु निजसरसः किंप्रमाणो महान्यः ।
किं मे धाम्नोऽपि कामं प्रलपसि किमुरे मत्पुरः पापमिथ्या ॥
भेकः किंचित्ततोऽधः स्थित इति शपथे हंसमभ्यर्णगंधिक् ।
दृप्यत्यन्येऽपितुच्छः समुचितमिति वा तावदेवास्यबोद्धुः ॥ १ ॥

એક કુપક (કુવા) નો દેડકો હંસ પ્રત્યે બોલ્યો કે, અલ્યા હંસ! તું કયાંથી આવ્યો? હંસે કહ્યું-માન સરોવરથી. ત્યારે દેડકે પૂછયું કે, તે કેટલું મોટું છે? હંસે જવાબ આપ્યો, ઘણુંજ મોટું. તે સાંભળી દેડકો કહેવા લાગ્યો કે, શું મારા કુપકથી પણ મોટું છે? હંસે કહ્યું, હા. ત્યારે મંડુક (દેડકો) બોલ્યો કે, ખરેખર તું મૂર્ખ છે, આમ વિચારશૂન્ય થઇને મારી પાસે અસંભવિત શું બકે છે! એટલું બોલી ગર્વિત થઇને જરા પાણીમાં પેસી જઇને પાસે રહેલા હંસ પ્રત્યે બોલ્યો કે, હા! ધિક્ તુજને, એમ કહીને તે (દેડકો) પાણીમાં પેસી ગયો. એ પ્રમાણે તુચ્છ પ્રાણી બીજાની પાસે ગર્વ કર્યા વિના રહેતા નથી એ યોગ્યજ છે; કેમકે, તેને એટલોજ બોધ છે અથવા પોતે જેટલું દીઠું છે તેટલુંજ માનીને ગર્વ કરે છે. માટે હે રાજા, તું પણ કુપકના દેડકા જેવોજ છું. કુપકનો દેડકો બિચારો માનસરોવરની વાત શું જાણે, તેમ તું પણ એથી અધિક શું જાણે. પોપટનાં આવાં વેણ સાંભળીને રાજા વિચાર કરવા લાગ્યો.

---

૧. અજાકૃપાણીન્યાય બકરીએ ધરતી ખોદતાં નીકળેલા ચપુથીજ તેનું માથું કપાયું તેની માફક. ૨ કાતાલીયન્યાય કાગનું બેસવું ને તાડનું પડવું. ૩ ઘુણાક્ષરન્યાય લાકડાની અંદર પડેલા જીવથી તેમાં થતી અક્ષરના જેવી આકૃતી. ૪ બીલ્વપતન મસ્તક સ્ફાટનન્યાય બીલાનું પડવું અને માથાનું ફુટવું. આ ચારે બાબતો સ્વભાવીક રીતેજ બને છે.

કે, ખરેખર આ પોપટ કુપકના ડેડકાની ઉપમા સમાન મને ગણીને અન્યોક્તિ બતાવી મનેજ કહે છે. આ આશ્ચર્યકારક હકીકત ઉપરથી ખરેખર આ પોપટ કોઇક જ્ઞાનીની પેઠે મહા વિચક્ષણ માલમ પડે છે. રાજા એમ વિચારે છે એટલામાં વળી ફરીને પોપટ બોલ્યો કે,

ग्रामीणस्य जडाऽग्रिमस्य नितमां ग्रामीणता कापिया ।
स्वग्रामं दिविषत्पुरीयति कुटीमानी विमानीयति ॥
स्वर्मक्षीयति च स्वभक्ष्यमखिलं वेषं द्युवेषीयति ।
स्वंशक्रीयति चात्मनः परिजनं सर्वसुपर्वीयति ॥ २ ॥

મૂર્ખમાં સરદાર એવા ગામડીયા માણસોની ગામડીયાપણાની વિચારણા પણ કોઇક તરેહવારનીજ હોય છે, કેમકે તેઓ પોતાના ગામડાને દેવલોકની નગરી સમાન માને છે, પોતાની ઝુંપડીને વિમાન સરખી માને છે, પોતાના ઘેંસ રાબના ભોજનનેજ સ્વર્ભોજન (અમૃત) માને છે, પોતાના ગામડીયા વેષને સ્વર્ગ નેપથ્ય (વસ્ત્ર વેષ) સમાન માને છે, પોતાનેજ ઇંદ્ર સમાન માને છે, અને પોતાના પરિવારનેજ સર્વ સામાન્ય દેવ સમાન માને છે; કેમકે, જેવું જેણે દીઠું છે તેવુંજ તેને ભાન થાય છે.

આટલુંજ માત્ર સાંભળીને રાજાએ વિચાર્યું કે, "વચન વિચિક્ષણ આ પોપટે ખરેખર મને ગામડીયા સમાન ગણ્યો છે, અને તેથી એમ વિતર્ક થાય છે કે, મારી રાણીઓ કરતાં પણ અત્યંત સ્વરૂપવંતી સ્ત્રી એણે કયાંક પણ દીઠી દેખાય છે." આ પ્રમાણે તે પોતાના મનમાં વિચાર કરે છે, તેટલામાંજ જેમ અધુરી વાત સાંભળનારને પૂર્ણ હર્ષ ઉત્પન્ન થતો નથી તેથી તે પૂરી કરવી જોઇયે, એટલાજ માટે મનહર મનોજ્ઞ વાણી ફરીથી પોપટ બોલવા લાગ્યો કે, જ્યાંસુધી ગાંગીલેય ઋષિની કન્યાને તેં જોઇ નથી ત્યાંસુધીજ આ પોતાની રાણીઓને, હે રાજા, તું ઉત્કૃષ્ટ માને છે. સર્વાંગ સુભગા, આખા જગતની શોભા રૂપ, અને આ વિધાતાને સૃષ્ટિ રચનાના પરિશ્રમના એક ફળ રૂપ તે કન્યા છે. એ કન્યા જેણે જોઇ નથી, તેનું જીવિતવ્ય પણ નિષ્ફળ છે, કદાચિત્ જોઇ હોય પણ તેને જો આલિંગન ન કર્યું, તો નિશ્ચે કરી તેનું જીવિતવ્ય નિષ્ફળજ છે. જેમ ભ્રમર નવ માલતીને દેખીને બીજાં પુષ્પોની સુગંધીને છાંડી દે છે, તેમજ એ કન્યાને જેણે જોઇ હોય તો શું તે પુરૂષ કોઈ પણ બીજી સ્ત્રી સાથે પ્રીતિ કરે! સાક્ષાત્ ઇંદ્રિનીજ જાણે કન્યા હોયની શું! એવી એ કનકમાલા નામની કન્યાને જોવાની, તેમજ મેળવવાની જો તને ઇચ્છા હોય તો, હે રાજા, તું મારીજ પાછળ પાછળ આવ. એમ કહીને અત્યંત ઉતાવળો તે પોપટ આકાશ માર્ગે ઉડીને જાય છે તેટલામાં ઘણીજ ઉત્સુકયતાપૂર્વક રાજાએ પોતાના સેવકોને બોલાવી હુકમ કર્યો કે, અરે! અરે! સેવકો, પવનના સમાન ગતિ છે જેની, એવા પવનવેગ નામના ઘોડાને તૈયાર કરીને જલદી લાવો-જલદી લાવો. નોકરોએ તત્કાળજ તે અશ્વ સાજ સહિત લાવી આપ્યો. તેના પર ક્રોડો રાજામાં મુખ્ય તે રાજા સ્વાર થઇ પોપટની પાછળ પાછળ ચાલ્યો. અહીંયાં આટલું આશ્ચર્ય છે કે, તે પોપટની વાત માત્ર રાજાએજ સાંભળી, પણ દૂર રહેલા માણુસો જેમ ન સાંભળે, તેમ સમીપ

રહેલા તે રાજાના સેવકો, અને રાણી પ્રમુખ બીજા કોઇએ પણ કોણ જાણે શા હેતુથી તે વાત સાંભળીજ નહીં. આ હકીકતથી અજાણ રાજવર્ગી લોકો રાજાના અકસ્માત્ કહ્યા વગર ચાલ્યા જવાથી આકુળ વ્યાકુળ થતા બોલવા લાગ્યા કે, આજે રાજાને આ શું થયું, અને એ કયાં જાય છે! એમ ધારી તે રાજવર્ગી લોકોમાંના ઘણા માણસો અશ્વોપર સ્વાર થઇ રાજાની શોધને માટે તેની પાછળ ચાલ્યા, પરંતુ રાજા એટલા તો વેગમાં આગળ કયે માર્ગે દૂર નીકળી ગયો કે, તેનો પત્તો પણ બીલકુલ મળ્યો નહીં, તેથી રખડી રખડીને તે સર્વ પાછા આવ્યા. પોપટ આગળ અને રાજા પાછળ એમ ઉતાવળા ઉડતા ક્ષણેકમાં પવનનીજ પેઠે તેઓ પાંચસે યોજન ઉલ્લંઘન કરી આગળ જઈ પોહોંચ્યા. આ પ્રમાણે કોઇંક દૈવિક પ્રભાવથીજ રાજા, અશ્વ અને શુકરાજ એ ત્રણે જણ ક્ષણવારમાં પાંચસો યોજન ભૂમિ ઉલ્લંઘન કરી ગયા તથાપિ તેમને જરામાત્ર થાક પણ લાગ્યો નહીં. જેમ કર્મ સંબંધથી ખેંચાયેલો પ્રાણી ક્ષણેકમાં ભવાંતર જઈ પોહોંચે છે, તેમ વિઘ્નનિવારક શુકરાજથી ખેંચાયો રાજા પણ ક્ષણેકમાં એક મહાવિકટ અટવીમાં જઈ પહોંચ્યો. આ પણ કોઇક આશ્ચર્યજ છે, કે, પૂર્વભવના સ્નેહ સંબંધથી કે અભ્યાસથીજ રાજા તે કમલમાલાની પ્રાપ્તિને વાસ્તે આટલો બધો માર્ગ ઉલ્લંઘી દોડી આવ્યો; જો એમ ન હોય તો સ્થાનાદિકની સ્થિતિનો પણ જ્યાં નિશ્ચય નથી, ત્યાં જવા સત્પુરૂષ એકાએક પ્રવૃત્તિજ કેમ કરે!

પછી આ અટવીના મધ્યગત મનોહર સૂર્યકિરણથી ઝળકતું, મેરૂ પર્વતની એક ટુંકજ હોયની શું! એવું ઊંચું, દર્શનથી પણ કલ્યાણકારક, રત્નજડિત સુવર્ણમય એક શ્રી ઋષભદેવ સ્વામીનું દેવાલય આવ્યું. તે પ્રાસાદના કલશ ઉપર બેસીને મધુર વાણીથી શુકરાજ બોલવા લાગ્યો કે, "હે રાજન્, આજન્મકૃત પાપશુદ્ધિને વાસ્તે આ ઋષભદેવ સ્વામીને તું નમન કર." રાજાએ તે વેણ સાંભળી શુકરાજના નાશી જવાના ભયથી અશ્વ ઉપર બેઠે થકેજ પ્રથમ તીર્થંકરની રત્નમયી મૂર્ત્તિને નમસ્કાર કર્યો. આ રાજાના મનની આશંકાનો જાણનાર, સ્વપરહિતાભિલાષી શુકરાજ તત્કાળ કળશપરથી ઉડીને તે દેવાલયમાં આવી પરમાત્માની મૂર્ત્તિને નમન કરવા લાગ્યો. પછી રાજા પણ અશ્વપરથી ઉતરીને દેરાસરમાં આવી શુકરાજની પાછળજ રહીને વિવેક સહિત તે અલૌકિક રત્નમણિમયી શ્રી ઋષભદેવ સ્વામીની પ્રતિમાને વંદન નમન કરીને પ્રસન્ન ચિત્ત થાય એવી સ્તવના કરવા પ્રવર્ત્યોઃ—"હે પ્રભુ, એક તો ઘણીજ ઉતાવળ છે અને બીજું તમારી સંપૂર્ણ સ્તવના કરવા જેટલી મારામાં નિપુણતા નથી, માટે તમારી ભકિતની આશકિતમાં મારૂં ચિત્ત દોલા (હિંચકા) ની માફક દોલાય છે (ચપલ છે); તથાપિ જેમ મચ્છર પોતાની શકિતપૂર્વક આકાશમાં ઉડવાનો ઉદ્યમ કરે છે, તેમ હું પણ યથાશકિત તમારી સ્તવના કરવાને પ્રવર્ત્તમાન થાઉં છું. અગણિત સુખના આપનાર, હે પ્રભુ! તમને ગણના માત્ર સુખના આપનાર કલ્પવૃક્ષાદિકની ઉપમા કેમ આપી શકાય? તમે કોઇપર પ્રસન્ન પણ થતા નથી, કાંઇ આપતા પણ નથી, તોપણ સેવક સર્વે તમારી સેવા કરે છે, અહો આશ્ચર્યકારક તમારી રીતિ છે. તમે મમતા રહિત છતાં પણ જગત્રય રક્ષક છો, નિઃસંગી છતાં પણ જગત્પ્રભુ (સ્વામી) છો, માટે લોકોત્તર સ્વરૂપ (સ્વભાવ) છો, હે રૂપ રહિત

પરમેશ્વર તમોને નમસ્કાર હો." મીષ્ટ ભોજનના જાણે ઉદ્‌ગાર (ઓડકાર)જ હોઅની શું! એવી આ પ્રભુની ઉદ્દાર સ્તુતિ તે દેરાસરના પાસે આવેલા આશ્રમમાં રહેલા ગાંગીલ નામે મહર્ષિ (મોટા ઋષિ)એ સાંભળી, પછી પહેલાંથીજ જાણે કોઇએ સંકેત (ઠરાવ) કરી રાખ્યો હોયની શું! એમ મોટી જટાવાળો, વૃક્ષની છાલને પહેરનાર અને મૃગચર્મ રાખનાર એવો તે ગાંગીલ મહર્ષિ તે દેરાસરમાં તત્કાળ આવીને શ્રી ઋષભદેવ સ્વામીની મૂર્ત્તિને ભકિતપૂર્વક અભિવંદન કરીને, નિર્મળજ્ઞાન હૃદય બનીને તરતજ બનાવેલી ગદ્યાત્મક નિર્દૂષણ ભગવંતની સ્તુતિ કરવા લા યો:-

"ત્રણ જગતમાં એકજ અદ્વિતીય નાથ, હે પ્રભુ! તમો સર્વોત્કર્ષે પ્રવર્તો, ત્રણે જગતના લોકોને ઉપકાર કરવાને સમર્થ છતાં પણ અનંતાતિશયની શોભાથી સનાથ છો, નાભિરાજાના વિપુલ (મોટા) કુળરૂપ કમળને પ્રફુલ્લિત કરવા તથા ત્રણે ભુવનના લોકને સ્તવવા યોગ્ય મનોહર શ્રી મરૂદેવા માતાના કુક્ષીરૂપ સરોવરને શોભાવનાર રાજહંસ છો, ત્રણ જગતના ઘણા ઘણા લોકોના મનને શોક રહિત કરવા સૂર્ય સમાન છો, વળી સર્વ દેવતાના ગર્વને સકળ પ્રકારે દૂર કરવાને સમર્થ એવી નિર્મળ, ઘણી અને અદ્વિતીય મહિમારૂપ લક્ષ્મીને વિલાસ કરવાને કમલાકર (સરોવર) સરખા, હે પ્રભુ! તમે જયવંતા વર્તો. આસ્તિકય સ્વભાવ (જ્ઞાન દર્શન-સદ્‌બોધ)થી ઉત્પન્ન થયેલા ભક્તિરસમાં લીન બની ગયેલા અને દેદીપ્યમાન સેવાના કામમાં એક એકથી અગ્રેસર થઇને નમસ્કાર કરવામાં તત્પર એવા અમર (દેવતા) અને નર (મનુષ્ય) સમુહના મસ્તકે રહેલા મુકુટના માણિકયની કાંતિરૂપ પાણીની લેહેરોથી પખાલ્યા છે ચરણારવિંદ જેના એવા, હે પ્રભુ જયવંતા વર્તો. નાશ કર્યા છે સર્વ રાગ, દ્વેષ, મત્સર, કામ, ક્રોધાદિ દોષ રૂપ મલ જેણે એવા, અપાર સંસાર રૂપ સમુદ્રમાં ડુબતા પ્રાણીઓને પંચમ ગતિ (મોક્ષ) રૂપ તીરપર પહોંચાડવાને ઝાઝ સમાન એવા, હે પ્રભુ! તમે જયવંતા વર્તો. સુંદર સિદ્ધિરૂપ વધૂના હે પ્રભુ! તમે ભર્તાર છો, અજર, અમર, અચર (અચળ), અડર (ભય રહિત) અપર (જેથી વધારે બીજો પરોપકારી નહીં એવા) અપરંપર (સર્વોત્કૃષ્ટ), પરમેશ્વર, પરમ યોગીશ્વર, હે શ્રી યુગાદિ જિનેશ્વર તમને નમસ્કાર થાઓ.

એ પ્રકારે મનોહર ગદ્ય ભાષાની રીતિ પ્રમાણે હર્ષભર જિનરાજની સ્તુતિ કરીને ગાંગીલ મહર્ષિ નિષ્કપટપણે મૃગધ્વજ રાજા પ્રત્યે બોલવા લાગ્યો કે, "રૂતધ્વજ રાજાના કુળમાં ધ્વજા સમાન, હે મૃગધ્વજ રાજા! તું ભલે આવ્યો. હે વત્સ! અકસ્માત્ તારા આગમનથી અને દર્શનથી હું અત્યંત પ્રમુદિત થયો છું. તું આજે અમારો અતિથિ (પરોણો) છું, માટે આ દેવાલયની પાસે રહેલા આ અમારા આશ્રમમાં ચાલ, એટલે અમે ઉલટથી તારી પરોણાગત કરીએ; કેમકે, તારા જેવા પરોણા કોઇ ભાગ્યથીજ પામી શકીએ. કોણ આ મહર્ષિ! શામાટે મને આટલા આગ્રહપૂર્વક બોલાવે છે, અને એ મારૂં નામ પણ કયાંથી જાણી શકયો! એમ વિચારવાથી વિસ્મિત થએલો મૃગધ્વજ રાજા તે મહર્ષિના આશ્રમે ઘણી ખુશીની સાથે ગયો; કેમકે, ગુણી હોય તે એવા મોટા ગુણીની પ્રાર્થનાનો ભંગ કરતાંજ બીહે છે. પછી મહા તેજસ્વી તે રાજાની મોટા તપસ્વી સર્વ પ્રકારે બરદાસ કરવા લા

ત્યારપછી ગાંગીલ ઋષિ બોલ્યા કે, અહીં અકસ્માત્ આવીને અમોને આજે તમે ઘણાજ કૃતાર્થ કર્યાં. અમારા કુળમાં ખરેખર એક અલંકાર સમાન, સર્વ જગતની ચક્ષુને પણ એક કામણગારી, અમારા જીવિતનું પણ જાણે જંગમ જીવિતજ હોયનીશું! એવી, અને દૈવિક પુષ્પમાળાજ હોયનીશું! એવી, આ અમારી 'કમલમાલા' નામની કન્યાને તમેજ યોગ્ય છો, માટે તેનું પાણીગ્રહણ કરીને અમને કૃતાર્થ કરો. આવું તે ગાંગીલ ઋષિનું બોલવું સાંભળીને મનમાનતું જેમ વૈદ્યે બતાવ્યું હોય તેમ તે રાજાએ પણ આગ્રહપૂર્વક કબુલ કર્યું; કેમકે, સંત પુરૂષ જે કાર્યમાં પ્રવર્તે, તે કાર્યમાં ખચિત બહુમાનજ હોય છે. પછી તે ગાંગીલ રુષિએ પ્રફુલ્લિત થતું છે નવયૌવન જેનું એવી પોતાની 'કમલમાલા' કન્યાનું તત્કાળ તે રાજા સાથે પાણીગ્રહણ કરાવ્યું. કહ્યું છે કે, વહાલા કાર્યમાં કોણ મૂર્ખ વિલંબ કરે. જેમ રાજહંસ કમળની પંક્તિને દેખીને પ્રસન્ન થાય, તેમ વૃક્ષની છાલરૂપજ વસ્ત્ર પેહરચાં છે, તોપણ તે કમલમાલાને દેખીને રાજા અત્યંત પ્રસન્ન થયો. આનંદપૂર્વક તાપસણીઓના વૃંદે ધવલ મંગલ ગીતો જેમાં ગાવા માંડ્યાં છે, અને જેમાં ગાંગીલ રુષિયે પોતેજ યોગ્ય વિધાન કર્યું છે, એવો તે કમલમાલાનો લગ્ન સમારંભ થયો. ત્યારપછી કરમોચન (છેડા છોડાવતી) વખતે તે રાજાને આપવા યોગ્ય તે રુષિની પાસે બીજું શું હોય! તથાપિ તેણે તે દંપતીને સત્વર પુત્ર થાય એવો આશીર્વાદરૂપ મંત્ર સમર્પણ કર્યો. વિવાહ લગ્ન થયા પછી મૃગધ્વજ રાજાએ ગાંગીલ મહર્ષિને કહ્યું કે, અમોને વિદાય કરવાની જે કાંઈ તમારે તૈયારી કરવી હોય તે સત્વરથીજ કરી અમને વિદાય કરો; કેમકે, હું મારૂં રાજ્ય સૂનુંજ મૂકીને આવેલો છું. તેના જવાબમાં રુષિ બોલ્યા કે, દિશા રૂપજ (દિગંબર) વસ્ત્રના પહેરનારા અમો, તમોને વિદાય કરવાની તૈયારી શું કરીએ! ક્યાં તમારો દિવ્યાંબરધારી (દેવતાઈ) વેષ અને ક્યાં અમારા વનવાસ (વૃક્ષની છાલ) નો વેષ, આ અમારી કન્યા પોતીકા પીયરના લજામણા વેષને દેખીને લજવાતી નથી શું? વળી આ અમારી કમલમાલા કન્યાએ જન્મી ત્યાંરથી ફક્ત આ તાપસી પ્રવૃતિજ નજરે દીઠી છે, જેથી આ વૃક્ષોને પાણી સીંચવાની કળા શીવાય બીજી કાંઇપણ કળા તે જાણુતી નથી. માત્ર તમારા ઉપરજ અત્યંત સ્નેહ રાખનારી આ જન્મી ત્યારથીજ મુગ્ધા (ભોળી-નિષ્કપટી) છે, તેને શોકયો (તમારી બીજી કોઇ સ્ત્રીઓ) તરફથી ઈર્ષારૂપ પીડા થવા દેશો નહીં. રાજાએ ઉત્તર વાળ્યો કે, એ ભાગ્યશાળીને કદાપિ શોકયો તરફથી પીડા થનારી નથી, અને હું પણ એનું વચન માત્ર ઉત્થાપન કરીશ નહીં. અહિંયાં તો હું એને અલંકાર (દાગીના), નેપથ્ય (વસ્ત્ર વેષ) પણ શોભાવી શકતો નથી, પરંતુ સ્વસ્થાનકે ગયા પછી હું એના સંપૂર્ણ મનોરથોને પૂરા પાડી શકીશ. આવાં વચનો સાંભળતાં માત્ર ગાંગીલ રુષિ ખેદ પામીને બોલવા લાગ્યો કે, ધિઃક્કાર છે મને કે હું જન્મ દરીદ્રિની પેઠે એવો નિર્ધન છું કે, સાસરે વોળાવતી વખતે પણ આ મારી પુત્રીને વસ્ત્રવેષ સરખો સમર્પણ કરી શકતો નથી. આમ બોલતાં તે રુષિવરના નેત્રમાંથી જેટલામાં અશ્રુધારા છુટવા લાગી તેટલાજ વખતમાં તે પાસે રહેલા એક આમ્ર વૃક્ષમાંથી નિર્મળ (સ્વચ્છ) રેશમી વસ્ત્ર અને અત્યુત્તમ આભુષણુની પરંપરા જેમ આકાશમાંથી મેઘવૃષ્ટિ આવતી હોયનીશું!

એમ એકેકની ઈર્ષાથીજ જાણે પડતી હોયની ! તેમ પડવા લાગી. આવા આભુષણાદિકની વૃષ્ટિ થવાથી તેમણે અત્યંત આશ્ચર્યપૂર્વક નિશ્ચય કર્યો કે, ખરેખર આ ઉત્કૃષ્ટ ભાગ્યશાળી કન્યાનાં ભાગ્યોદયથીજ એની ભાગ્યદેવીએ વૃષ્ટિ કરી છે. ફળદાયક વૃક્ષો કદાચિત્ ફળ આપી શકે છે, મેઘ કદાચિત્ જળ વૃષ્ટિ પાડી શકે છે, પણ અહો આશ્ચર્ય કે, આ ભાગ્યશાળી કન્યાના ભાગ્યોદયથી વૃક્ષ પણ વસ્ત્રાલંકાર આપી શક્યું, માટે ધન્ય છે એ કન્યાના ભાગ્યને ! તેમજ કહ્યું છે કે, "ભાગ્યશાળીઓના ભાગ્યોદયથી અસંભવિત પણ શું સંભવી શકતું નથી?" જેમકે, રામના વખતે સમુદ્રમાં પથ્થર પણ તરી શકતા હતા, તો આ વૃક્ષો પણ વસ્ત્રાલંકાર આપી શકે એમાં શું શંકનીય છે? ત્યારપછી હર્ષિત થયેલા મહર્ષિને સાથે લેઇને મૃગધ્વજ રાજા કમલમાલા સહિત ચિત્ત પ્રમોદક જિન મંદિર ભણી આવ્યો. ત્યાં ઋષભદેવ સ્વામીને વિધિપૂર્વક વંદન કરીને સ્તવના કરવા લાગ્યો કે, "હે પ્રભુ ! જેમ પાષાણમાં ટાંકેલા અક્ષર તેમાં સ્થિર થઇને રહે છે, તેમ મારા હૃદયમાં પણ તમારૂંજ સ્વરૂપ સ્થિર થઈ રહ્યું છે, માટે હે ભગવન્ ! તમારૂં પવિત્ર દર્શન ફરીને સત્વર થજો". એમ પ્રથમ તીર્થંકરને વિનયપૂર્વક વંદન સ્તવન કરીને રાણી (કમલમાલા) સહિત રાજા દેરાસરની બહાર આવીને ગાંગીલ રુષિને માર્ગ પૂછવા લાગ્યો. ત્યારે મહર્ષિ બોલ્યા કે, તમારા નગરનો માર્ગ તો હું કાંઇપણ જાણતો નથી. રાજાએ કહ્યું-જો અમારા નગરનો માર્ગ પણ તમે જાણતા નથી તો તમોએ મારૂં નામાદિક કયાંથી જાણ્યું? મહર્ષિએ જવાબ આપ્યો કે, તે તું સાંભળ. "આ મારી નવયૌવન કન્યાને જોઇ મેં મોટી ચિંતાપૂર્વક વિચાર્યું કે, આ અદ્ભુત મારી કન્યાના યોગ્ય વર કોણ હશે ! તેટલામાં આ આમ્રવૃક્ષ ઉપર બેઠેલા શુકરાજે મને કહ્યું કે, "રુષિવર ! એના વર માટે તું ફોકટ ચિંતા કરીશ નહીં. રૂતધ્વજ રાજાના પુત્ર મૃગધ્વજ રાજાને આજેજ હું આ ઋષભદેવના દેરાસરમાં લાવીશ. કલ્પવલ્લિને યોગ્ય તો કલ્પવૃક્ષજ હોય, તેમ આ કન્યાના યોગ્ય તેજ સર્વોત્કૃષ્ટ વર છે, માટે એની ચિંતા ન કર." એમ કહીને તે શુકરાજ તત્કાળ ઉડીને ગયા પછી થોડાજ વખતમાં તમોને અહિંયાં લાવ્યો; અને મેં એના કહેવાથીજ આ કન્યા તમને પરણાવી છે, બાકી બીજી વધારે વાત હું કાંઇપણ જાણતો નથી. ગાંગીલ ઋષિ એમ જેવામાં બોલી રહ્યો, અને રાજા આમ તેમ જેવામાં જુએ છે, તેવામાં અવસરનો જાણજ હોયનીશું ! એવો પેલો પોપટ (શુકરાજ) સન્મુખ બોલવા લાગ્યો કે, ચાલ, ચાલ, હે રાજા તું મારી પાછળ આવ. કેમકે, જો કે હું પક્ષી છું, તોપણ મારા આશ્રિતોને નિરાશ કરવાને હું બીલકુલ રાજી નથી. જેમ ચંદ્રમા સ્વાશ્રિત સસલાને જરાવાર માત્ર પણ દૂર મૂકી શકતો નથી, તેમ હું પણ કોઇ સામાન્ય માણસ પણ મારે આશ્રયે આવ્યું હોય તો તેને મૂકી ન શકું; તો તમારા જેવા મહાન્ પુરૂષને કેમ મૂકી શકું. હે આર્ય જનોમાં અગ્રવર્તી ધર્મ ધુરંધર રાજેંદ્ર યદ્યપિ હું લઘુ જંતુ છું, તોપણ તમને હું ભૂલનાર નથી, તેમ તમોએ પણ મને તુચ્છ પુરૂષના જેમ ભૂલવો નહીં. આવાં પ્રિય વાકયો સાંભળતાંજ રાજા આશ્ચર્ય પામીને ગાંગીલ ઋષિની રજા લેઈ સ્ત્રી સહિત અશ્વપર ચડીને તે શુકરાજની પાછળ પાછળ ચાલ્યો. ત્વરા ગતિથી શુકરાજની પાછળ ચાલતો

પોતાના રાજ્યની ચિંતાથી વ્યગ્ર થયેલો રાજા થોડાજ વખતમાં તેના ક્ષિતિપ્રતિષ્ઠિત નામના નગરને કેટલેક દૂરથી દેખી શકાય તેમ નજીક આવી પહોંચ્યો; એટલે શુકરાજ ત્યાં પાસે રહેલા એક વૃક્ષની ટોચપર બેસી ગયો. તે જોઇ ચિંતાતુર બની રાજા તેને આગ્રહપૂર્વક કહેવા લાગ્યો કે, આ સન્મુખ નગરના કીલ્લા, મહેલ પ્રમુખ જોકે દેખાય છે, તોપણ નગર હજી ઘણુંજ દૂર છે; માટે હે શુકરાજ, રીસાયેલા માણસની પેઠે અહિંયાંજ કેમ બેસી ગયો? હુંકારપૂર્વક તેણે પ્રત્યુત્તર આપ્યો કે, પ્રાજ્ઞ (ડાહ્યા) માણસોની જે જે પ્રવૃત્તિ હોય છે, તે સર્વ સાર્થકજ હોય છે; કદાપિ નિરર્થક હોતીજ નથી; તેમ આગળ ન જતાં અહિંયાંજ અટકી રહેવાનું પણ એક ખરેખર કારણ છે, માટેજ હું અહિંથી આગળ જતો નથી. આથી અત્યંત ગભરાઇને રાજા પૂછવા લાગ્યો કે, શું, શું, એવું શું કારણ છે? તે સત્વર મને કહીદે. તેણે કહ્યું, સાંભળો મહારાજ. "ચંદ્રપુરી નગરીના ચંદ્રશેખર રાજાની બેન ચંદ્રવતી નામે તમારી જે વહાલામાં વહાલી રાણી છે, તે તમારી પાસે મુખથીજ મીષ્ટ વચન બોલે છે, પણ પરિણામથી તમારા પર તે દુષ્ટ અભિપ્રાય રાખે છે; ખરેખર એ રાણી ગોમુખ જેવી દેખાતી છતાં વ્યાઘ્ર રૂપિણી છે. જેમ પાણીની નીચીજ ગતિ હોય છે, તેમ નારીની પણ નીચીજ નજર હોય છે. તમે જ્યારે આ કમલમાલાના મેળાપને માટે મારી સાથે રાજ્ય સૂનું મૂકી આવતા રહ્યા, ત્યારે તમારા પર વિરક્ત થઈ ગયેલી તે રાણીએ શાકિની (ડાકણ)ની પેઠે છલ પામીને પોતાના ચંદ્રશેખર ભાઇને તમારૂં રાજ્ય તાબે કરવાનો સમય જણાવી દીધો; કેમકે, પોતાના ધારેલા કામને પાર પાડવામાં સ્ત્રીઓમાં છલ (કપટ) નુંજ અતુલ્ય (મોટું) બળ હોય છે. સહેજમાં આવી મળતા રાજ્યપર કોણ દોડી ન જાય, તેમ તે ચંદ્રશેખર પોતાનું ચતુરંગ (ચાર પ્રકારનું) સૈન્ય લેઇ તમારૂં રાજ્ય લેવાની આશાથી સત્વર તમારા નગર સમીપ આવી પહોંચ્યો, પણ અંદર રહેલા તમારા પ્રધાનો અને સેનાપતિ આદિકે ત્વરાથી નગરના દરવાજા બંધ કરી દીધા, તેથી નિધાન (ખજાના) પર જેમ સર્પ વીંટાઇ જાય તેમ આ તમારા નગરને ચોતરફ પોતાના સૈન્યથી વીંટીને તે રાજા નગરની બહારજ સમુદ્ર સરખી સૈના લેઇ પડ્યો છે. કિલ્લાપર ચડીને તારા ઉદ્ધત દેદીપ્યમાન સુભટો ચોતરફથી અભિમાની થઇને ચંદ્રશેખરના સૈન્ય સાથે યુદ્ધ કરી રહ્યા છે. પરંતુ લોકીકમાં પણ એવુંજ વાક્ય છે કે, "हतं सैन्यमनायकं" (નાયક વિનાનું સૈન્ય હારજ પામે) માટે તારા વિના શત્રુઓને શી રીતે જીતી શકે. આવું યુદ્ધ મચી રહ્યું છે, ત્યાં આપણે એકદમ શી રીતે જઇ શકીએ! એમ ધારીનેજ મનમાં ખેદ ધરતો હું આ વૃક્ષપર આવી બેઠો છું. આ વૃક્ષપર બેસી જવાનું એજ કારણ છે." આવી વાર્તા સાંભળતાંજ રાજાનું અતિ વિકલ્પિત થતું અંતઃકરણ જાણે આટલા માર્ગના જવા આવવાથી શ્રાંતજ (થાકેલુંજ) હોયની શું! એમ અતિ સંતાપિત થઇ ગયું. આ વખત તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, "ધિઃકાર થાઓ આવી દુરાચારિણી સ્ત્રીના દુષ્ટ હૃદયને; આશ્ચર્ય છે એ ચંદ્રશેખરની સાહસીકતાને, અહો આશ્ચર્ય એની નિઃશંકતાને, વળી અહો આશ્ચર્ય કે સ્વામીના રાજ્યની પણ તૃષ્ણા કરી. ખરેખર જુઓ તો ખરા એની કેવી અન્યાયની રીતિ! પણ એમાં એનો

શો દોષ છે, સૂનું રાજ્ય લેવા કોણ ઇચ્છા ન કરે? સૂના ક્ષેત્રમાંથી દાણા પણ ચોરાઇ જાય છે, તો પછી સૂના રાજ્યનું શું કહેવું. ધિઃકાર થાઓ મુજને, કેમકે, હું પોતેજ ત્યાં અવિચારે ઉતાવળથી દોડી ગયો, મોહગ્રસ્ત તેમજ અવિવેકી થઇ ગયો, તો પછી પાછળથી આમ પશ્ચાતાપરૂપ આપદામાં આવી પડું એમાં શી નવાઇ! ઉતાવળમાં કરાઇ ગયું, મૂકાઈ ગયું, વિશ્વાસે રહેવાયું, આપી દેવાયું, આદરી લીધું, બોલાઇ ગયું, ખવાઇ ગયું, કે ભાંગી તોડી નાંખ્યું, આટલાં વાનાંમાંથી હરકોઇ પણ કામ અવિચાર્યું જો થાય તો ખરેખર પાછળથી પશ્ચાતાપ કરવા જેવું થઇ પડે છે." કહ્યું છે કે, "સારૂં કે નરસું કાંઈપણ કામ કરતાં પહેલાંજ પંડિતોએ તેના તાત્પર્યનો ખરેખરો વિચાર કરવોજ જોઇયે. કેમકે, અસ્થિર ચિત્તથી વગર વિચારે ઉતાવળું જો કામ કર્યું હોય તો તેમાં એટલી બધી આપત્તિઓ આવી પડે છે કે, તેનો વિપાક (ફળ) ખરેખર પોતાના હૃદયને દાહકારી (શલ્ય) તુલ્ય થાય છે. રાજ્ય મળવાની આશા જેણે છોડી દીધી છે એવા પશ્ચાતાપમાં પડેલા રાજાને શુકરાજ કહેવા લાગ્યો કે, પુરૂષમાં પ્રવર, હે રાજા! તું તારા મનમાં ફોકટ ચિંતા ન કર. વૈદ્યના બતાવ્યા પ્રમાણે વર્ત્તનારની શું વ્યાધિ ગયા વિના રહે? તેમ હું પણ તને એક ઉપાય બતાવું છું, તે ઉપાય કરતાંજ તારૂં શ્રેયસ્કર થશે. તું જાણીશ માં કે તારૂં રાજ્ય ગયું, હજી તો તું ઘણાં વર્ષ સુખપૂર્વક રાજ્ય કરનાર છું. આવું તેનું બોલવું સાંભળીને નિમિત્તિઆના વચનપર જેમ આશા રાખી શકાય છે, તેમ આ રાજાને પણ તે શુકરાજના વચનથી રાજ્ય મને પાછું મળશે એમ આશા જેવામાં બંધાણી તેટલામાં અકસ્માત્ જાણે દાવાનલજ (વનમાં લાગેલી આગ) સામે આવતો હોયની શું! એમ સનદ્ધબદ્ધ (હથીયારવાળું) ચાતુરંગિક (ચાર પ્રકારનું) સૈન્ય પોતાના સામે સત્વર આવતું દેખીને તે સભય બનીને વિચારવા લાગ્યો કે, જે ચંદ્રશેખર રાજાની સેનાથી મારા મનમાં ઉદાસી આવી છે એજ સેના અહિયાં આવી પહોંચેલા મને હણવાને મારી સામે આવે છે. હા! હા! હવે શું થશે! ખરેખર આ વખતે આ કમલમાલાને કેમ રાખી શકીશ, અને આ સ્રી સહિત આ શત્રુઓની સાથે હું એકલો કેમ કરી યુદ્ધ કરી શકીશ! એમ વિચાર કરવામાં ગુંથાઇ ગયેલો રાજા જેટલામાં સ્તબ્ધ બની જાય છે, તેટલામાં "જયજીવ, ચિરંજીવ, હે મહારાજ જય જય, હે મહારાજ આ ખરેખરા વખતે તમે ભલે આવી પહોંચ્યા. જેમ હાથમાંથી નિધાન ખોઇ બેઠેલાને પાછું આવી મળે, તેમ મહારાજ આજે ભલે તમારૂં દર્શન થયું. 'હવે અમને આદેશ આપો.' સંભાવિત સ્વપરિચિત એના પોતાનાજ સૈનીકોનું આવું વચન છે, એમ ધારતાં તે ખરેખર પોતાનીજ સેના પાસે આવી પહોંચ્યો; તેને દેખીને તે અત્યંત વિસ્મય પામી પ્રસન્ન ચિત્તે તેઓને પૂછવા લાગ્યો કે, અરે, આ વખતે તમે અહિંયાં કયાંથી આવ્યા? તેઓએ ઉત્તર વાળ્યો કે, સ્વામી, તમે આવ્યા છો એમ જાણીનેજ અમો અહિં તમારા દર્શનને માટેજ તમારી પાસે તમારો આદેશ લેવા આવ્યા છીએ. આ આવા અવસરપર આજે અમને તમારૂં દર્શન થયું તે તો ખરેખર ભાગ્યયોગથીજ બન્યું છે. શ્રોતા, વક્તા અને જોનારને પણ અકસ્માત્ ચમત્કાર

ઉત્પન્ન કરે એવા આ સમાચાર પામતાં *રાજા વિચાર કરીને બોલવા લાગ્યો કે, આપ્તવાક્ય (સર્વજ્ઞ વાક્ય) અવિસંવાદથી (સત્ય બોલવાથી) સર્વ પ્રકારે જેમ માનવાજ યોગ્ય હોય છે, તેમ આ શુકરાજનું વાક્ય પણ અહો આશ્ચર્ય અનેક પ્રકારના ઉપકાર કરવાથી સર્વ પ્રકારે માનવા યોગ્ય છે. એ શુકરાજના ઉપકારનો બદલો હું કેમ વાળી શકીશ? એને શી શી વસ્તુની ચાહના છે, તે કેમ જાણી શકીશ? ચહાય તેટલો એને ઉપકાર કરીએ, પણ એના ઉપકારનો બદલો (પ્રત્યુપકાર) વાળી શકાયજ નહીં; કેમકે એણે પ્રથમથી સમયાનુસાર યથાયોગ્ય સાનુકુલ વસ્તુ પ્રાપ્તિ વિગેરેનાં અનેક પ્રકારના ઉપકાર કર્યા છે, તેવા બનીજ ન શકે. કહ્યું છે કે,

प्रत्युपकुर्वाति बह्वपि नभवति पूर्वोपकारिणस्तुल्यः ॥
एकोनुकरोति कृतं निष्कारणमेवकुरुतेऽन्यः ॥ १ ॥

"પ્રત્યુપકાર ચહાય તેટલો કરો પણ પહેલા કરેલા ઉપકારીના ઉપકારનો બદલો વાળી શકાતો નથી, કેમકે તેણે ઉપકાર કરતી વખતે પ્રત્યુપકાર મેળવવા માટે તે કરેલો નથી."

આમ પ્રીતિપૂર્વક તે શુકરાજના સન્મુખ રાજા જેટલામાં જોવાને પ્રવર્તે છે તેટલામાં તો તે અકસ્માત્ જાણે વિદ્યાધર તથા દેવતાજ દૈવિક શક્તિથી હોયનીશું! એમ અલોપ (અદૃશ્ય) થયો; તે જાણે રાજા પાછો પ્રત્યુપકાર કરશે એવા ભયથીજ સંત પુરૂષ જેમ રીસાઈ ગયો હોયનીશું! તેમ થોડા વખતમાં તો તે કેટલોક દૂર નીકળી ગયો. કહ્યું છે કે, "સજ્જન પુરૂષોની કોઇક એવી અલૌકીક કઠોર ચિત્ત વૃત્તિ છે કે, તે પ્રત્યુપકારના ભયથી ઉપકાર કરીને તરતજ દૂર ખસી જાય છે."

આવો જ્ઞાનનિધિ (જ્ઞાન ભંડાર) જો નિરંતર મારી પાસે રહેતો હોય તો મારે શી વાતની ખામી રહે, કેમકે સર્વ કાર્યના ઉપકાર પ્રત્યુપકારનો સમય જાણી શકે છે. એવા સહાયકારીનો યોગ્ય પ્રાયઃ સર્વ કાળ સર્વત્ર સર્વને હોયજ નહીં, કદાચિત્ કોઇને યોગ બની જાય તોપણ નિર્ધનના હસ્તગત વિત્તની પેઠે ચિરંકાળ રહેજ નહીં. પણ એ પોપટ કોણ હતો? તેને જ્ઞાન કયાંથી? આટલો બધો ઉપકારી કયાંથી? કયાંથી આવ્યો? કયાં ગયો? એ વૃક્ષપરથી વસ્ત્રાલંકારાદિકની વૃષ્ટિ કેમ થઈ? આ સેના કેમ આવી? ઇત્યાદિક જે મારા મનમાં સંદેહ છે, તે ગુફાના અંધકારને જેમ દીપકજ દૂર કરવાને સમર્થ છે, તેમ જ્ઞાની વિના કોણ દૂર કરી શકે? સર્વ રાજામાં મુખ્ય તે મૃગધ્વજ રાજા આમ કેટલાક વિચાર આવવાથી વ્યગ્ર ચિત્ત થયો થકો આમ તેમ જુવે છે, તેટલામાં સૈન્યમુખી (સેનાધિપતિ) રાજાને પૂછવા લાગ્યો કે, સ્વામિન્, આ બધો શો વ્યતીકર બન્યો. ત્યારે તેણે તે સૈનીકોની પાસે જ્યાંથી શુકરાજ મળ્યો હતો ત્યાંથી પાછો છેવટ અદૃશ થયો ત્યાંસુધીની બધી વાર્તા કહી સંભળાવી; તેથી બધા સૈનીકો આશ્ચર્ય પામીને બોલવા લાગ્યા કે, મહારાજ, એ પોપટ તમારા ઉપર અત્યંત વત્સલ છે, માટે તે તમોને પાછો કયારેક પણ મળશે અને તમારા મનની ચિંતા દૂર કરશે, કેમકે એવો હિત વત્સલ હોય તે છેવટે એમ ઉવેખીને જાયજ નહીં. વળી તમારા મનનો સંદેહ પણ એજ

આવીને ભાંગશે, કેમકે એ પોપટ કોઈપણ કારણે જ્ઞાની જણાય છે, તો જ્ઞાનીને શંકા ભાંગતાં કેટલી વાર! હવે હાલ આપ આ સર્વ ચિંતા મૂકીને આ આપણાં નગરમાં પધારી તેને પવિત્ર કરી, આપનું બહુમાન કરનારા નાગરીકોને આપના દર્શન આપીને આનંદિત કરો. રાજાએ તે બોલવું માન્ય કર્યું, કેમકે સમયોચિત બોલવું સમય પર કોને પ્રમાણ કરવા યોગ્ય ન હોય. મહા મંગળિકનાં વાજિંત્રો તે વખતે એવાં તો વાજવા લાગ્યાં કે, જેથી આકાશ પણ ગાજી રહ્યો; એમ મહોત્સવપૂર્વક તેમણે નગર પ્રવેશ કર્યો. પૃથ્વીપતિ તે મૃગધ્વજ રાજાને આવતો દેખીને ચંદ્રશેખરનો, 'મોટી પાંખોવાળા ગરૂડને આવતો દેખી પોતાના બીલમાં બેઠા થકા પણ જેમ સર્પનો ગર્વ ગળી જાય તેમ,' સર્વ ગર્વ ગળી ગયો. તેણે તે વખતે પોતાનું સ્વામીદ્રોહીપણું ઢાંકવાને ઉત્પન્ન થયેલી તત્કાળ બુદ્ધિથી એક ભાટને ભેટ લેઈને મૃગધ્વજ રાજાની પાસે તરતજ મોકલ્યો. તે રાજા પાસે આવીને પ્રણામ કરી બોલ્યો કે, હે મહારાજન્, તમારી પ્રસન્નતાને માટે ચંદ્રશેખર રાજાએ તમારી પાસે મને વિશેષ વિચાર જણાવવાને મોકલ્યો છે, તે એ કે, "તમે કોઈ છળભેદીના છળાવ્યાથી રાજ્ય સૂનું મૂકી તેની પાછળ ચાલ્યા ગયા પછી અમારા રાજા ચંદ્રશેખરને તે વાતની જાણ થવાથી આ તમારા નગરની રક્ષા કરવા સારૂ તે પોતાના સૈન્ય સહિત આવી નગરની બહાર ચોકી કરવાના મતલબથીજ આવી રહ્યા છતાં તેવા સ્વરૂપને નહીં જાણુતા એવા તમારા આ સુભટ લોકોએ સન્નદ્ધબદ્ધ થઈને (કવચ પહેરીને.) જેમ કોઈ શત્રુનીજ સાથે યુદ્ધ કરવા પ્રારંભ્યું હોય તેમ તુમુલ યુદ્ધ શરૂ કરી દીધું. મહારાજ! અમે તમારા બીજા કોઈ શત્રુથી તમારા રાજ્યને પરાભવ ન થાય તેવા હેતુથી રક્ષા કરવા આવેલાઓએ આ તમારા સેનીકો તરફથી કેટલાક પ્રહાર પણ સહન કર્યા; તથાપિ સ્વામીનું કાર્ય સુધારવા જતાં કેટલીક મુસીબતો પણ સહન કરવી પડે એમાં શું મોટી વાત છે. જેમકે, પિતાના કાર્યમાં પુત્ર, ગુરૂના કાર્યમાં શિષ્ય, પતિના કાર્યમાં સ્ત્રી, અને સ્વામીના કાર્યમાં સેવક, પોતાના પ્રાણને પણ તૃણ સમાન ગણે છે." આવાં પ્રકારનાં તે ભાટનાં ભેદનાં વચન સાંભળીને રાજા મૃગધ્વજે જો કે આ બોલે છે તે સત્ય છે કે અસત્ય છે, એના નિર્ણયનો પણ જેમાં સંશય છે, તોપણ તે ચંદ્રશેખરની દાક્ષિણ્યતાથી તે વખત આ બધું સત્યજ છે એમ માની લીધું. દક્ષતામાં, દાક્ષિણ્યતામાં, અને ગાંભીર્યતામાં અગ્રેસરી એ રાજાએ વળી તેમની પાસે આવતા એવા તે ચંદ્રશેખર રાજાને કેટલુંક માન પણ આપ્યું; જુઓ તો ખરા, આ તેની કેવી અવર્ણનીય ગંભીરતા છે! ત્યારપછી લક્ષ્મીવંતી તે કમલમાલાને મોટા મહોત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો, તે જેમ શ્રી કૃષ્ણ લક્ષ્મીનેજ નગરમાં પોતે લાવતો હોયનીશું! અને જેમ અદ્વિતીય એવી ચંદ્રકલાને મહાદેવે પોતાના ભાલસ્થળ (કપાળ) પર સ્થાપન કરી તેમ તેણીને ઔચિત્યત્તાપૂર્વક પોતાના રાજ્ય સિંહાસને પોતાનીજ પાસે બેસાડી. જેમ પુણ્યજ પુત્રાદિક પ્રાપ્તિનું મુખ્ય કારણ છે, અને પુણ્ય એજ સંગ્રામમાં રાજાને જયની પ્રાપ્તિ કરાવે છે, તોપણ રાજાએ તે સહાયકારી સૈનીકોની કેટલીક રીતે પ્રશંસા કરી. એક દિવસ એ રાજાને એક મુનિએ (તાપસે) એક મંત્ર લાવીને આપ્યો, તે તેણે

બતાવેલી વિધિ પ્રમાણે જાપ્યો, તેના પ્રભાવથી તેમની સર્વે રાણીઓને એક એક પુત્ર થયો, કેમકે તેવાં પણ કેટલાંક કારણો હોય છે કે જેથી એવા પણ કાર્યની સિદ્ધિ થઇ શકે છે. પરંતુ જોકે રાજાની ઘણી માનીતીજ હતી તોપણ પ્રથમ પતિપર દ્રોહ વિચાર્યો હતો તેના પાપ ફળથી માત્ર એક ચંદ્રવતી રાણીને પુત્ર થયો નહીં.

એક દિવસ મધ્ય રાત્રિ વખતે કિંચિત્ નિંદ્રાયમાન કમલમાલા મહારાણીને જાણે કોઇ દેવતાએજ આવીને આપ્યું હોય તેવું એક સ્વપ્ન જોવામાં આવ્યું. પછી રાણી જાગીને પ્રાતઃકાળે રાજા પાસે આવીને કહેવા લાગી કે, હે પ્રાણનાથ, આજે મધ્ય રાત્રિના વ્યતીત થયા પછી કિંચિત્ નિંદ્રાયમાન છતે મેં એક સ્વપ્ન જોયું; જેમાં એમ દીઠામાં આવ્યું કે, "જે તપોવનમાં મારા પિતા ગાંગીલનામા મહર્ષિ છે, તેમાં આવેલા પ્રાસાદમાં આપણે પ્રયાણ વખતે જેનાં છેલ્લાં દર્શન કર્યાં હતાં તેજ પ્રથમ તીર્થંકર પ્રભુનાં મને દર્શન થયાં. તે વખતે તેમણે મને કહ્યું કે, હે કલ્યાણિ, હાલ તું આ પોપટને લઇ જા, અને પછી કોઇક વખતે વળી 'હંસ' આપીશ. એમ કહીને પ્રભુએ મને હાથોહાથ સર્વાંગ સુભગ દિવ્ય વસ્તુના જેવો દેદીપ્યમાન પોપટ સમર્પણ કર્યો." તે પ્રભુના સ્વહસ્તનો પ્રસાદ પામીને આખા જગતનીજ જાણે ઐશ્વર્યતા પામીજ હોઉં નહીં એવી હું અત્યંત પ્રસન્ન થતી આનંદપૂર્વક જાગૃત થઇ ગઈ. અણચિંતવ્યા અકસ્માત્ આવી મળેલા કલ્પવૃક્ષીજ ફળ હોયની તેમ આપણને, હે પ્રાણનાથ! એ સ્વપ્ન શું અતિશય ફળવંત થશે? એવું રાણીનુ વચન સાંભળીને, આનંદરૂપકંદને નવપલ્લવિત કરવાને જાણે અમૃત રૂપ વર્ષાજ હોયનીશું! એવી મીઠી વાણીથી તે રાજા સ્વપ્નના ફળને જાણતો થકો બોલવા લાગ્યો કે, હે પ્રિયા, જેમ દેવ દર્શન અત્યંત દુર્લભ હોય છે, તેમ એવા અત્યુત્કૃષ્ટ સ્વપ્ન પણ કોઇક ભાગ્યોદયથીજ પામી શકાય છે. એવું દિવ્ય સ્વપ્ન દેખવાથી દિવ્ય રૂપ અને દિવ્ય સ્વભાવવાળા ચંદ્ર અને સૂર્યજ ઉદય થતા હોયની, એવા બે પુત્ર તને અનુક્રમે થશે. પક્ષી કુળમાં પોપટ ઉત્તમ છે, અને રાજહંસ પણ અત્યુત્તમ છે, તેની તને સ્વપ્નમાં પ્રાપ્તિ થઇ, તો હે શુભ્રુપ્રિયા, ક્ષત્રીય કુળમાં સર્વોત્કર્ષે એવા બે પુત્રોની આપણને પ્રાપ્તિ થશે. પરમેશ્વરે સ્વહસ્તથીજ તુજને પ્રસન્નતાપૂર્વક પ્રસાદ સ્વપ્નમાં સમર્પણ કર્યો છે, તો તેમના તુલ્યજ પ્રતાપી પુત્ર આપણને મળશે, એમાં કાંઇપણ સંશય નથી. એવાં વચન સાંભળીને આનંદના સમુદાયપૂર્વક તે કમલમાલા રાણી હર્ષિત થઇ થકી રત્નપ્રભા પૃથ્વી જેમ રૂડાં રત્નોને ધારણ કરે છે, અને આકાશ જેમ જગત્ચક્ષુ સૂર્યને ધારણ કરે છે, તેમ ગર્ભને ધારણ કરવા લાગી. તે દિવસથી પ્રશસ્ત (ઉત્તમ) રસના પ્રયોગથી જેમ મેરૂ પર્વતની પૃથ્વીમાં રહેલો કલ્પવૃક્ષનો કંદ પ્રતિદિન વધે, તેમ તે રાણીનો ગર્ભરત્ન પણ પ્રતિદિન વર્ધાયમાન થવા લાગ્યો, અને તેનાથી થતા પ્રશસ્ત ધર્મ સંબંધી મનોરથોને રાજા સંપૂર્ણ સન્માનપૂર્વક પૂર્ણ કરવા લાગ્યો. શુભ દિવસે અને શુભ લગ્ન-લગ્નાંશે એકદા પ્રસ્તાવે પૂર્વ દિશા જેમ પુનમના ચંદ્રને ઉદય કરે તેમ તે રાણીએ પણ અત્યુત્તમ એવા પુત્રને સુખ સમાધિ પૂર્વક પ્રસવ્યો. રાજા લોકોની એવીજ મર્યાદા હોય છે કે, પટરાણીના પ્રથમ પુત્રનો

જન્મ મહોત્સવ અત્યંત અધિક કરવો; એજ માફક આ કમલમાલા મહારાણી પટરાણી પદે ગણુવામાં આવેલાં હોવાથી આ તેમના વડા પુત્રનો જન્મ મહોત્સવ સર્વોત્કૃષ્ટપણે રાજાએ કરાવ્યો. ત્યારબાદ ત્રીજે દિવસે તે બાલકને ચંદ્ર સૂર્ય દર્શનનો મહોત્સવ તેમણે અત્યંત ઉમંગથી કર્યો. છઠ્ઠે દિવસે છઠ્ઠી જાગરણનો મહોત્સવ પોતાની રાજ્યઋદ્ધિને અનુસારે સમયાનુસાર કરાવ્યો. પોપટની પ્રાપ્તિનું સ્વપ્ન થવાથીજ પુત્રની પ્રાપ્તિ થઇ છે, માટે સ્વપ્નાનુસારથી તે પુત્રનું નામ 'શુકરાજ' એવું મોટા મહોત્સવપૂર્વક આનંદથી શુભ દિવસે સ્થાપન કર્યું. સ્નેહપૂર્વક તે બાળક શુકરાજને ધવરાવવું, રમાડવું, હસાડવું, નવરાવવું, બુચકારવું, એ પાંચ ધાવમાતાથી પાલતા થકા જેમ પંચ સુમતિથી સંયમની વૃદ્ધિ થાય તેમ તે પ્રતિદિન વર્ધાયમાન થવા લાગ્યો. અન્નપ્રાસન (અન્ન બોટણુ), રમવું, જોવું, ચંક્રમણ (ચાલવું) રમકડાનું લેવું પ્રમુખ તેની સર્વ ક્રીડા માતા પિતાદિક સજ્જન વર્ગને આનંદદાયક થવા લાગી. તેનું બોલવું ખરેખર એક શોભારૂપ હર્ષનું સ્થાન હતું, ટોપી પ્રમુખનું પહેરવું તો ખરેખર ચિત્તનું આકર્ષણ કરવા લાગ્યું, વર્ષગાંઠનું કરવું તો એક પ્રેમગ્રંથીનું બંધનજ થવા લાગ્યું. ઇત્યાદિક સમસ્ત કૃત્યો અનુક્રમથી મોટા મહોત્સવપૂર્વક જેનાં એવાં થયાં કે, જેમાં તેઓને કશો વિઘ્ન અંતરાય થયોજ નહીં; જુઓ તો ખરા ભાગ્યની દશા! ભાગ્યશાળીનું ભાગ્ય એવુંજ હોય છે. એમ ઉલ્લાસપૂર્વક વર્ધાયમાન થતો ન્યાયમાર્ગથી જેમ પાંચમે વર્ષ આમ્રવૃક્ષ ફળે તેમ તે બાળક પણ પાંચ વર્ષની ઉમરનો થયો. વળી તે કુમારને રૂપ, સંપદા પ્રમુખ ગુણો પણ સર્વાંગે વ્યાપ્ત એવા થવા લાગ્યા કે, પ્રતાપ પરાક્રમથી તે જયંત નામે બીજો સાક્ષાત્ ઇંદ્રનોજ પુત્ર હોયની શું! વચનની પણ એવી ચાતુર્યતા અને માધુર્યતા છે કે, બાળક છતાં પણ પ્રૌઢ પુરૂષનું વાકય હોયની શું, એમ વચનની માધુર્યતાથી તે ઘણા જનને આનંદકારક થઇ પડ્યો. એકદા પ્રસ્તાવે વસંતઋતુનાં પુષ્પોની સુગંધથી સુગંધિત થયેલી ફુલ ફળથી અતિશય રમણીય એવી વનની શોભા જોવાને રાજા પોતાની કમલમાલા મહારાણી અને આ કુમારને સાથે લેઇને નગર ઉદ્યાને આવી તેજ આમ્રવૃક્ષની નીચે બેઠો. તે સમયે તેને બધી પૂર્વની બનેલી ખીના યાદ આવવાથી પ્રસન્ન થઇને મહારાણીને કહેવા લાગ્યો કે, "હે પ્રિયા! તેજ આ આમ્રવૃક્ષ છે, કે જેની નીચે હું વસંતઋતુમાં આવીને બેઠો હતો, અને પોપટની વાણીથી તારૂં સ્વરૂપ સાંભળીને અતિશય વેગથી તેની પાછળ પાછળ ચાલી તારા પિતાના આશ્રમ સુધી જઈ પહોંચ્યો; ત્યાં તારી સાથે લગ્ન થવાથી મારૂં કૃતાર્થપણું નીપજાવ્યું." આ બધી વાર્તા પિતા (મૃગધ્વજ રાજા)ના ઉત્સંગપર બેઠા થકાજ સાંભળતાં માત્ર તે બાળક (શુકરાજ) ચૈતન્યતા રહિત જેવો થઇને જેમ કલ્પવૃક્ષની શાખા વૃક્ષથી છિન્ન થતી (છુટી પડતી) નિરાધાર ધરતીપર પડે તેમ માતા પિતાના હર્ષરૂપ વૃક્ષ છેદાતાં શાખરૂપ તે (બાળક) જમીનપર તત્કાળ ઢળી પડ્યો. અતિશય વ્યાકુળ (ગાભરા) થતા માતા પિતા કોલાહલ કરવા લાગ્યા કે, તત્કાળ સર્વ રાજ્યવર્ગીય લોક એકદમ ત્યાં આવી મળ્યા. હાહા! અરે! આ શું થયું! એમ ઊંચે શબ્દે બોલતા લોકો તરતજ આકુળ વ્યાકુળ થવા લાગ્યા, કેમકે, મોટા

લોકોનાં (સ્વામીનાં) સુખદુઃખની સાથે સર્વ સામાન્ય જનોનાં પણ સુખદુઃખ બંધાયલાંજ છે. ચંદનનાં શીતળ જળ છાંટવાં, કદલીદલ (કેળનાં પત્ર)ના પવન કરવા પ્રમુખ ઉપચારો (ઉપાયો) કરવાથી કેટલાક વખતે તે શુકરાજ કુમાર ચૈતન્યતાને પામ્યો. ચૈતન્ય પામવાથી કમળની પાંખડીઓની પેઠે દીપાયમાન નેત્રરૂપ પાંખડી પ્રકાશિત થઈ (ઉઘડી), પણ વદન (મુખ) કમળ વિકસ્વર થયું નહીં (ઉઘડયું નહીં). પ્રેક્ષાપૂર્વક (જાણપણા સહિત) તે ચારે બાજુ જુવે છે, પણ ઘણા પ્રકારથી બોલાવવા છતાં સર્વથા બોલતોજ નથી. તીર્થંકર દેવ છદ્મસ્થાવસ્થામાં જેમ મૌનપણું ધારણ કરે છે, તેમ આ રાજકુમાર મૌનધારી થતાં સર્વ જન ધારવા લાગ્યા કે, ખરેખર આને કોઇક દેવાદિકે છળેલો હતો, તે કાંઇક શાંત થયો. પણ હાહા! મહાખેદ કરવા લાયક એ છે કે, કોઈક દુષ્ટ કર્મના પ્રયોગથી એની જીભ તો બંધજ થઈ ગઇ; એમ બોલતા મહાચિંતા નિમગ્ન તેના માતા પિતા તેને પોતાના દરબારમાં લઈ ગયા. ત્યાં તેમણે વિવિધ પ્રકારના ઉપાયો કરાવ્યા, પણ જેમ દુષ્ટ પુરૂષની દુષ્ટતા દૂર કરવા ઘણા પ્રકારના ઉપકાર કરો તથાપિ તે સર્વ છેવટે નિષ્ફળ થાય તેમ તે સર્વ પ્રકારના ઉપચારો નિષ્ફળ ગયા. એવીજ અવસ્થા છેવટ છ મહિના સુધી પ્રવર્ત્તિ, પણ એક અક્ષર માત્ર તે શુકરાજ કુમાર બોલ્યો નહીં, તેમ કોઇપણ તેના મૌનપણાના ખરા કારણને જણાવી શક્યું નહીં. ચંદ્રમા કલંકિત, સૂર્ય તેજસ્વી, આકાશ શુન્ય, વાયુ ચલ સ્વભાવી, ચિંતામણી પાષાણ, કલ્પવૃક્ષ કાષ્ટ, પૃથ્વી રજ (ધુળ), સમુદ્ર લવણ (ખારો), મેઘ શ્યામ, અગ્નિ દાહક (બાળનારી), જળ નીચ ગતિ, મેરૂ કનકનો પણ કઠોર, કર્પૂર સુવાસિત પણ અસ્થિર (ઉડી જાય), કસ્તુરી પણ કાળી, સજ્જન ધન રહિત, લક્ષ્મીવાન કૃપણ તથા મૂર્ખ રાજા લાલચી, તેમ આ રાજકુમાર પણ મૌન (મુંગો) થયો. હાહા ખેદે, રત્ન સમાન સર્વ વસ્તુને વિધાતાયે કલંકિત કરી. મોટા ભાગ્યશાળી પુરૂષોની દુર્દશા કયા સજ્જનના મનમાં ન ખટકે! માટેજ તે સમયે મળેલા સર્વે નાગરીક જનો પણ અત્યંત શોચ કરવા લાગ્યા. આવા સમયમાં ક્રીડારસના સાગર સમાન અને જગજ્જનના નેત્રોને અત્યાનંદકારી કૌમુદી મહોત્સવ (શરદ પુનમના ચંદ્રનો મહોત્સવ, માણિકઠારી પુનમનો દિવસ) આવ્યો, ત્યારે વળી સર્વ નાગરીકોની સાથે તે રાજા પોતાની કમલમાલા મહારાણી અને શુકરાજ યુક્ત આવીને તેજ આંબાના વૃક્ષ નીચે જોઇને ખિન્ન ચિત્તથી રાણીને કહેવા લાગ્યો કે, હે દેવિ, જેમ વિષવૃક્ષ સર્વથા દૂરથીજ ત્યજવા યોગ્ય હોય છે, તેમ આપણા આ શુકરાજ પુત્ર રત્નને આવું અત્યંત વિષમ દુઃખ આ આમ્રવૃક્ષથીજ ઉત્પન્ન થયું છે, માટે એ પણ દૂરથીજ ત્યજવા યોગ્ય છે. આટલું બોલીને તે વૃક્ષ મૂકીને બીજે સ્થાનકે જવાને તે તત્પર થાય છે, તેવામાં અકસ્માત્ તેજ આમ્રવૃક્ષની નીચે અત્યંત પ્રમોદકારક દેવદુંદુભિનો નાદ થવા લાગ્યો. આવો ચમત્કાર જોઇને રાજા પૂછવા લાગ્યો કે, આ દૈવિક શબ્દ કયાંથી સમુત્પન્ન થયો? ત્યારે કોઇકે આવીને કહ્યું કે, મહારાજેંદ્ર! અહિયાં શ્રીદત્ત નામા મુનિ તપશ્ચર્યા કરતા હતા તેમને હમણાંજ કેવળ જ્ઞાન થયું, તેથી તેનો મહોત્સવ દેવતાઓ દૈવિક વાજિંત્રોના નાદથી કરે છે. આટલું

સાંભળતાં માત્ર રાજા પ્રસન્ન થઇ બોલ્યો કે, "આ પુત્રરત્ને મૌનપદ ધારણ કરેલું છે, તેનું ખરૂં કારણ કેવળીજ કહી શકશે, માટે ત્યાં જવું યોગ્ય છે." એમ ધારી તે પુત્ર તથા રાણી સહિત મોટા પરિવારે ત્યાં જઇ વંદનાદિક પર્યુપાસના કરીને કેવળી સન્મુખ આવી બેઠો. ત્યારે કેવળીએ કલેશને નસાડનારી અમૃતના સરખી દેશના દીધી. ત્યારબાદ વિનયપૂર્વક રાજા પૂછવા લાગ્યો કે, હે પ્રભુ, આ શુકરાજકુમારની વાચા કેમ બંધ થઇ? ઋષિમુખ્ય કેવળી મહારાજે જવાબ વાળ્યો કે, "એ બાળક હમણાંજ બોલશે." આટલું માત્ર સાંભળીને પ્રસન્નતાપૂર્વક રાજા બોલવા લાગ્યો કે, મહારાજ, અમારે એ બાળક બોલે તો પછી શું જોઇયે? અમે એજ ચાહિયે છીયે. મુનિમુખ્ય કેવળીએ કહ્યું કે, "હે શુકરાજ! આ સર્વના દેખતાં અમોને વંદનાદિક કેમ કરતો નથી?" આટલું સાંભળતાંજ તે શુકરાજે ઉઠીને સર્વજન સમક્ષ તે કેવળી ભગવાનને ઉચ્ચાર (શબ્દ)થી ખમાસમણ દેઈ વિધિપૂર્વક વંદન કર્યું. આ મહા ચમત્કાર સરખું દેખીને રાજા પ્રમુખ ચકિત થઇ બોલવા લાગ્યા કે, ખરેખર આ મહામુનિનો મોટો મહિમા પ્રગટ જોયો, કારણકે જેને સેંકડો પુરૂષો મંત્ર તંત્રાદિકથી પણ બોલાવવા શકિતમાન થયા નહીં એવા આ બાળકને તેમના વાકયામૃતથીજ વાચા પ્રગટી (ખુલી ગઇ). અહિંયાં ચિત્તને વિષે ચમત્કાર પામવામાં લીન બની ગયેલા લોકોની વચે રાજા સાશ્ચર્ય પૂછવા લાગ્યો કે, સ્વામી આ શું? જેથી કેવળીએ જણાવ્યું કે, આ બાળક મૌન થવાનું મુખ્ય કારણ પૂર્વભવનુંજ છે, તે, હે ભવ્યજનો, સાવધ થઇને કાન દઈ સાંભળોઃ—

શુકરાજના પૂર્વભવનો વૃત્તાંત.

મલય નામના દેશમાં પૂર્વે ભદ્દીલપુર નામનું એક નગર હતું. ત્યાં આશ્ચર્યકારી છે ચરિત્ર જેનું એવો જિતારી નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા એવો તો દાનવીર અને યુદ્ધવીર હતો કે જેણે પોતાના સર્વ યાચકોને અલંકાર યુક્ત, અને સર્વ શત્રુઓને અલંકાર રહિત કર્યા હતા. વળી ચાતુર્ય, ઔદાર્ય અને શૌર્યાદિક ગુણોનો તો તે સ્થાનકજ હતો. તે એક વખતે પોતાના રાજ્ય સિંહાસનપર બેઠો હતો, તેવામાં છડીદારે આવી એવી વિનંતી કરી કે, મહારાજેંદ્ર, વિજયદેવ નામના રાજાનો દૂત આપને મળી કાંઈક વાત કરવા માટે હમણાં દરવાજા આગળ આવીને ઉભો છે, તે આપની આજ્ઞા હોય તો અહિં આવે. રાજાએ દ્વારપાળને આજ્ઞા કરી કે, "તેને (દૂતને) સત્વર અહિં પ્રવેશ કરાવ." ત્યારે તે કૃત્યાકૃત્યનો જાણનારો દૂત, રાજા પાસે આવી વિનયપૂર્વક વંદન કરીને કહેવા લાગ્યો કે, "મહારાજ, સાક્ષાત્ દેવલોક સમાન દેવપુર નગરમાં વિજયદેવ નામે રાજા રાજ્ય કરે છે, કે જે હમણાં વાસુદેવના સમાનજ પરાક્રમી છે. તેની પ્રતિષ્ઠા પામેલી પ્રીતિમતી નામે સતી મહારાણીએ જેમ રાજનીતિથી શામ, દાન, ભેદ અને દંડ એ ચાર ઉપાય પેદા થાય, તેમ ચાર પુત્ર પ્રસવ્યા પછી જેમ હંસલીની બંને પાંખો ઉજવળ હોય તેમ માતપિતાના કુળની ઉદ્યોતક 'હંસી' નામે એક કન્યા પ્રસવી છે. નીતિજ છે કે, જે વસ્તુ સ્વલ્પ હોય તે અતિશય પ્રિય લાગે, તેમ આ પુત્રી પણ માતા પિતાને અત્યંત પ્રિય છે. તે હંસી બાલ્યાવસ્થાનો ત્યાગ કરીને જ્યારે આઠ વર્ષની થઇ

ત્યારે વળી પ્રીતિમતી મહારાણીથી બીજી 'સારસી' નામે કન્યા ઉત્પન્ન થઇ, કે જે સાક્ષાત્ જળાશયને શોભાવનારી જાણે બીજી સારસીજ હોયની શું! પૃથ્વીમાં જે સાર સાર નિર્મળ પદાર્થો હતા તેજ લેઇને જાણે ધાતાયે ઘડી હોયની શું ! એવી તે બંને બાળિકાઓ એવી તો સ્વરૂપવંતીઓ પ્રગટ થઈ કે, એ બે વિના બીજા કોઇની જેને ઉપમાજ લગાડી શકાય નહીં. વળી તે બે જણીઓને પરસ્પર એવી તો કોઇ અલૌકિક પ્રીતિ છે કે, તે બન્નેને માત્ર શરીર જુદાં દેખાય છે તે પણ એકાકારક થઈ પડ્યાં છે. જોકે કામરૂપ હસ્તિને ક્રીડાવન સમાન યૌવનવંતી હંસી થઇ ગઇ, તોપણુ તે પોતાની લઘુ બેન સારસીનો વિયોગ થવાના ભયથી પોતાનો વિવાહ (લગ્ન) પણુ કબુલ ન કરવા લાગી. છેવટે સારસી પણુ યૌવનાવસ્થાની સન્મુખ આવી પહોંચી ત્યારે બન્ને જણીઓએ પ્રીતિપૂર્વક એવી પ્રતિજ્ઞા કરી કે, આપણાથી પરસ્પર વિયોગ વેઠી શકાશે નહીં, માટે આપણે એકજ વર વરવો. તે બન્નેએ પ્રતિજ્ઞા કર્યા પછી માતાપિતાએ તેમને મનગમતો વર મેળવવા માટેજ ત્યાં યથાવિધિ સ્વયંવર મંડપ રચ્યો છે. તેમાં એવી તો અલૌકિક મંચ રચના રચાવવામાં આવી છે કે, જેનું વર્ણન મોટા કવીઓ પણુ કરવાને વિચારમાં પડે તેમ છે. પ્રમાણુમાં એટલુંજ બસ છે કે, ત્યાં આપના જેવા બીજા પણુ ઘણા રાજાઓ આવશે તે નિમિત્તે ત્યાં ઘાસ તેમજ ધાન્યના એવા તો મોટા પુંજ શોભાવ્યા છે, કે જેની આગળ મોટા પર્વતો પણુ શું લેખામાં છે. અંગ, બંગ, કલિંગ, અંધ્ર, જાલંધર, મારવાડ, લાટ, ભોટ, મહાભોટ, મેદપાટ (મેવાડ), વિરાટ, ગૌડ, ચોડ, મરાઠા, કુરૂ, ગુજરાત, આભીર, કાશ્મીર, ગોયલ્લ, પંચાલ, માલવ, હુણુ, ચીન, મહાચીન, કછ, વચ્છ, કર્ણાટક, કુંકણુ, નેપાળ, કાન્યકુબ્જ, કુંતલ, મગધ, નૈષધ, વિદર્ભ, સિંધ, દ્રાવડ, ઈત્યાદિક ઘણા દેશોના રાજા ત્યાં આવનાર છે; માટેજ મારા સ્વામીએ, આપ (મલયદેશના મહારાજા) ને નિમંત્રણુ કરવા મને મોકલ્યો છે, તેથી આપ ત્યાં પધારી તે સ્વયંવરને શોભાવશો એવી આશા છે." દૂતનાં આવાં વાકયો સાંભળતાંજ તેમનું ચિત્ત પ્રસન્ન થયું, પણુ પાછળથી ત્યાં જતાં સ્વયંવરમાં મળેલા ઘણા રાજાઓ વચ્ચે મને પરણુશે કે બીજાને, એમ તે કન્યાઓની પ્રાપ્તિ અપ્રાપ્તિ સંબંધી આશા અને સંશયરૂપ હિંચોળામાં મનરૂપ માંકડું હિંચકવા લાગ્યું. પછી પંચ વચ્ચે મારે પણુ જવું એજ વધારે સારૂં છે એમ ધારી છેવટ તે જવાને તૈયાર થઇ પક્ષિઓના શુભ શકુનથી નીકળી ઉત્સાહપૂર્વક ત્યાં (દેવપુર નગરમાં) જઇ પહોંચ્યો; તેમજ બીજા પણુ ઘણા રાજાઓ ત્યાં આવી પહોંચ્યા. ત્યાંના વિજયદેવ રાજાએ બહુમાનપૂર્વક તેઓને નગર પ્રવેશ કરાવ્યો. નિરધારેલે દિવસે અતિ આદર સહિત યથાયોગ્ય ઉચ્ચ મંચકોપર સર્વ રાજાઓએ વિરાજીને દેવની પરે વિમાનના જેમજ તે સ્વયંવર મંડપને શોભાયુક્ત કર્યો. ત્યારબાદ શુભ સ્નાનપૂર્વક ચંદનાદિક ચર્ચિતાંગ કરીને શુચિ વસ્ત્રે વિભૂષિત થઇ તે સરસ્વતી અને લક્ષ્મીના જેવી બન્ને બેનો (હંસી, સારસી) પાલખીમાં બેસીને તે સ્વયંવર મંડપમાં જ્યારે આવી ત્યારે અત્યુત્તમ એક કરિયાણા (વસાણા) પર જેમ ઘણા ગ્રાહકોનાં દૃષ્ટિ ને મન ખેંચાય છે, તેમજ તે કન્યાઓના પર સર્વ રાજાઓનાં દૃષ્ટિ અને મન ખેંચાવા

લાગ્યા. તે એકેકનાં આગળ આગળ મન દૃષ્ટિ દોડાવા લાગ્યાં, અને તેઓ સઘળા કામથી પરવશ થતા વિવિધ પ્રકારની ચેષ્ટાઓ તથા પોતાના સ્વભાવપૂર્વક આશય જણાવવાના કાર્યમાં ગુંથાઈ ગયા. આવા સમયે વરમાળા લેઈને બન્ને કન્યાઓ સ્વયંવર મંડપના મધ્યગત ભાગમાં ઉભી રહી છે, ત્યારે સુવર્ણ છડીની ધારનારી કુલમહતરા પ્રથમથી સર્વ વૃત્તાંતની જાણનારી છે, માટે સર્વ રાજવર્ગીઓનું વર્ણન કરતી જણાવવા લાગી કે, "હે સખી, આ સર્વ રાજાનો રાજા રાજગૃહીનો સ્વામી છે; શત્રુના સુખને ધ્વંસ (નાશ) કરવાના કાર્યમાં અત્યંત કુશળ એવો આ કૈશલ્ય દેશમાં આવેલી કોસલાનો રાજા છે; સ્વયંવર મંડપની શોભા પ્રકાશક આ ગુર્જર દેશનો રાજા છે; આ સદા સૌમ્ય અને મનોહર ઋદ્ધિ પ્રાપક કલિંગ દેશનો રાજા છે; જેની લક્ષ્મીનો પણ પાર નથી એવો આ માળવા દેશનો રાજા છે; પ્રજા પાળવામાં દયાળુ આ નેપાળ દેશનો રાજા છે; જેના મોટા મોટા ગુણોનું વર્ણન કરવાને પણ સમર્થ ન થઇ શકીએ એવો આ કુરૂ દેશનો રાજા છે; શત્રુની શોભાનો નિષેધનાર આ નૈષધનો રાજા છે; યશરૂપ સુગંધિનો વૃદ્ધિ કરનાર આ મલય દેશનો રાજા છે." એવી રીતે સખીઓએ નામ દેઈ દેઇને રાજમંડળ ઓળખાવ્યાથી જેમ ઇંદુમતી અજ રાજાનેજ વરી તેમ આ બંને કન્યાઓ (હંસી અને સારસી)એ જિતારી રાજાનેજ વરમાળા આરોપી. આ વખતે લાલચીપણું, ઔત્સુક્યતા, સંશય, હર્ષ, આનંદ, વિષાદ, લજ્જા, પશ્ચાતાપ, ઇર્ષા પ્રમુખ ગુણ અવગુણથી બીજા સર્વ રાજા વ્યાપ્ત થઇ ગયા. આવા સ્વયંવરમાં કોઇક રાજા પોતાના આવાગમનને, કોઇક દૈવને (ભાગ્યને) અને કોઇક અવતારને ધિઃકારવા લાગ્યા. જિતારી રાજાને તો મહોત્સવ, સન્માન, દાનપૂર્વક શુભ સમયે લગ્ન સમારંભ થયો. ભાગ્ય વિના મનોવાંછિત પ્રાપ્તિ થાયજ નહીં, એવી વાતનો નિશ્ચય છતાં પણ કેટલાક પરાક્રમી રાજા આશા રહિત થતા ઉદાસ થઇ ગયા. કેટલાક રાજાઓ ઇર્ષા કરતાં દ્વેષ ધરીને તો જિતારી રાજાને મારી નાખવા પ્રમુખ કાર્યોમાં પ્રવર્ત્તવા લાગ્યા, પણ તે યથાર્થ નામવાળા જિતારીનો મહોટો અભ્યુદય છે માટે આશ્ચર્ય છે કે, કોઇપણ તેને કાંઈપણ કરી શક્યું નહીં. રતિ પ્રીતિ સહિત કામદેવના રૂપને જીતનાર તે જિતારી રાજા તે સમયે પોતાના શત્રુરૂપ બનેલા સર્વ રાજમંડળના ગર્વને પણ જીતતો થકો પોતાની બંને સ્ત્રીઓ (હંસી, સારસી) સહિત નિર્વિઘ્નતાપૂર્વક પોતાની રાજધાનીમાં જઇ પહોંચ્યો. પછી અતિ આડંબરયુક્ત તે બે રાણીઓનો દેવીઓની પેઠે રાજ્યાભિષેકનો મહોત્સવ થયાથી તેમને પોતાની બે દૃષ્ટિની માફક રાજા સમાનપણે માનીને સુખ ભોગવવા લાગ્યો. હંસી રાણી પ્રકૃતિથી સદા સરળ સ્વભાવી હતી, પણ સારસી રાણી તો રાજાને પ્રસન્ન કરવા માટે વચ્ચે વચ્ચે કાંઇ કાંઇપણ કપટ કરતી હતી. જોકે તે પોતાના પતિનેજ પ્રસન્ન કરવાના પ્રયોજનાર્થેજ કપટ કેળવતી હતી, તોપણ તેથી તેણીએ સ્ત્રીગોત્ર કર્મનું દૃઢપણે બંધન કર્યું; અને હંસીએ તો પોતાના સરળ સ્વભાવથી સ્ત્રીગોત્ર વિચ્છેદ કરી નાંખ્યું, એટલુંજ નહીં પણ રાજાને અત્યંત માનવા યોગ્ય થઈ ગઈ. અહો આશ્ચર્ય કે, આ નાની બેને પોતાની મૂર્ખતાથી ફોકટ પોતાના આત્માને માયા (કપટ) કરવાથી નીચ ગતિ જનાર કર્યો.

એક વખત રાજાએ આ પોતાની બે સ્ત્રીઓની સાથે રાજમહેલના ગવાક્ષમાં ઉભો થકો એક નિર્દોષ મોટા મનુષ્યોના સંઘને નગરથી બહાર જતો જોયો. તેજ વખતે તેણે તે વિષે તપાસ કરવા સારૂ સેવકને બોલાવી આજ્ઞા કરી. તેણે તપાસ કરી આવી કહ્યું કે, રાજેંદ્ર, સંખપુરી નગરીથી એક મોટો સંઘ આવ્યો છે, તે સિદ્ધાચલ તીર્થ તરફ યાત્રા કરવા જાય છે. તે સાંભળી કૌતુકથી રાજા સંઘના ઉતારા પાસે ગયો, અને ત્યાં રહેલા શ્રી શ્રુતસાગર સૂરીને વાંદ્યા. પછી તે સરલાશયવંત રાજા તે આચાર્ય પ્રત્યે પૂછવા લાગ્યો કે, એ સિદ્ધાચલ તે શો તીર્થ છે અને તે તીર્થનું શું મહાત્મ્ય છે? ક્ષીરાશ્રવલબ્ધિના* પાત્ર તે મોટા આચાર્ય બોલ્યા કે, રાજન્, આ લોકમાં ધર્મથીજ સર્વ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને આ વિશ્વમાં ધર્મ એજ સર્વ સારમાં સારભૂત છે. નામધર્મ તો ઘણા છે પણ અર્હત્ પ્રણિત ધર્મજ અત્યંત શ્રેયસ્કર છે; કેમકે, સમ્યક્ત (ધર્મશ્રદ્ધા), એજ જેનું મૂળ છે, તે વિના પ્રાણી જે તપ, જપ, વ્રત, કષ્ટાનુષ્ઠાનાદિક કરે છે, તે સર્વ વંધ્ય વૃક્ષ (વાંઝીયા ઝાડ)ની પેઠે વ્યર્થ છે. તે સમ્યક્ત પણ ત્રણ તત્વ સદ્દહણારૂપ છે, તે ત્રણ તત્વ–દેવ, ગુરૂ ને ધર્મ શુદ્ધ તત્વરૂપ છે; તે ત્રણ તત્વમાં પણ પ્રથમ 'દેવતત્વ' અરિહંત જાણવા, અરિહંત દેવમાં પણ પ્રથમ અરિહંત 'શ્રી યુગાદિદેવ (ઋષભદેવ)' છે. એ અત્યંત મહિમાવંત દેવ જે તીર્થપર બીરાજે છે, તે સિદ્ધાચલનામા તીર્થ પણ મહા પ્રભાવિક છે. એ વિમળાચળનામા તીર્થ સર્વ તીર્થોમાં મુખ્ય છે, એમ સર્વ તીર્થંકરોએ પ્રકાશ્યું છે. એ તીર્થનાં નામ પણ જુદાં જુદાં કાર્યોના ભેદથી એકવીશ કહેવાયા છેઃ–જેમકે, ૧ સિદ્ધક્ષેત્રકૂટ, ૨ તીર્થરાજ, ૩ મરૂદેવીકૂટ, ૪ ભગીરથકૂટ, ૫ વિમલાચલકૂટ, ૬ બાહુબલીકૂટ, ૭ સહસ્રકમલકૂટ, ૮ તાલધ્વજકૂટ, ૯ કદંબગિરિકૂટ, ૧૦ શતપત્રકૂટ, ૧૧ નાગાધિરાજકૂટ, ૧૨ અષ્ટોત્તરશતકૂટ, ૧૩ સહસ્રપત્રકૂટ, ૧૪ ઢંકકૂટ, ૧૫ લોહિત્યકૂટ, ૧૬ કપર્દિનિવાસ કૂટ, ૧૭ સિદ્ધિશેખરકૂટ, ૧૮ પુંડરીક, ૧૯ મુક્તિનિલયકૂટ, ૨૦ સિદ્ધિપર્વતકૂટ, ૨૧ શત્રુંજય કૂટ. એવાં એકવીશ નામ કેટલાંક મનુષ્યકૃત, કેટલાંક દેવકૃત અને કેટલાંક ઋષિકૃત મળી આ અવસર્પિણીમાં થયાં છે; તેમજ ગઇ અવસર્પિણીમાં પણ બીજાં એકવીશ નામ થયાં હતાં, અને આવતી અવસર્પિણીમાં પણ પ્રકારાંત્તરથી એવાંજ નવાં એકવીશ નામ એ પર્વતનાં થશે. આ વર્ત્તમાન અવસર્પિણીનાં જે એકવીશ નામ અમે તને કહ્યાં, તેમાંનું "શત્રુંજય" એવું એકવીશમું જે નામ આવેલું છે, તે તારા આવતા ભવથી તારાથીજ પ્રસિદ્ધ થશે એમ પણ અમે જ્ઞાની પાસે સાંભળેલું છે. વળી સુધર્માસ્વામીના રચેલા "મહાકલ્પ" નામના ગ્રંથમાં આ તીર્થના અષ્ટોત્તરશત (એકસો આઠ) નામ પણ સાંભળેલાં છે. તે આ પ્રમાણેઃ–

૧ વિમળાચળ, ૨ દેવપર્વત, ૩ સિદ્ધિક્ષેત્ર, ૪ મહાચળ, ૫ શત્રુંજય, ૬ પુંડરિક, ૭ પુણ્યરાશી, ૮ શિવપદ, ૯ સુભદ્ર, ૧૦ પર્વતેંદ્ર, ૧૧ દ્રઢશક્તિ, ૧૨ અકર્મક, ૧૩ મહાપદ્મ, ૧૪ પુષ્પદંત, ૧૫ શાસ્વત પર્વત, ૧૬ સર્વકામદ, ૧૭ મુક્ત ગૃહ, ૧૮ મહાતીર્થ, ૧૯ પૃથ્વીપીઠ, ૨૦ પ્રભુપદ, ૨૧ પાતાલ મૂળ, ૨૨ કૈલાસ

* ક્ષીરાશ્રવલબ્ધિ—દૂધ પાકના જેવી જેના વચનમાં મધુરતા (મીઠાશ) હોય તેવી શક્તિ.

પર્વત, ૨૩ ક્ષિતિમંડન, ૨૪ રૈવતગિરિ, ૨૫ મહાગિરિ, ૨૬ શ્રીપદગિરિ, ૨૭ ઈંદ્રપ્રકાશ, ૨૮ મહાપર્વત ૨૯ મુકિતનિલય, ૩૦ મહાનંદ, ૩૧ કર્મસુદન, ૩૧ અકલંક, ૩૩ સુંદર્ય, ૩૪ વિભાસન, ૩૫ અમરકેતુ, ૩૬ મહાકર્મસુદન, ૩૭ મહોદય, ૩૮ રાજરાજેશ્વર, ૩૯ ઢીંક, ૪૦ માલવતોય, ૪૧ સુરગિરિ, ૪૨ આનંદમંદિર, ૪૩ મહાજસ, ૪૪ વિજયભદ્ર, ૪૫ અનંતશકિત, ૪૬ વિજયાનંદ, ૪૭ મહાશૈલ, ૪૮ ભદ્રંકર, ૪૯ અજરામર, ૫૦ મહાપીઠ, ૫૧ સુદર્શન, ૫૨ ચર્ચગિરિ, ૫૩ તાલધ્વજ, ૫૪ ખેમંકર, ૫૫ અનંત ગુણાકર, ૫૬ શિવંકર, ૫૭ કેવળદાયક, ૫૮ કર્મક્ષય, ૫૯ જ્યોતિસરૂપ, ૬૦ હિમગિરિ, ૬૧ નાગાધિરાજ, ૬૨ અચલ, ૬૩ અભિનંદ, ૬૪ સ્વર્ણ, ૬૫ પરમબ્રમ, ૬૬ મહેંદ્રધ્વજ, ૬૭ વિશ્વાધીશ, ૬૮ કાદંબક, ૬૯ મહિધર, ૭૦ હસ્તગિરિ, ૭૧ પ્રિયંકર, ૭૨ દુખહર, ૭૩ જયાનંદ, ૭૪ આનંદઘર, ૭૫ જસોધર, ૭૬ સહસ્ર કમલ, ૭૭ વિશ્વ પ્રભાવક, ૭૮ તમોકંદ, ૭૯ વિશાલગિરિ, ૮૦ હરીપ્રિય, ૮૧ સુરકાંત, ૮૨ પુન્યકેસ, ૮૩ વિજય, ૮૪ ત્રિભુવનપતિ, ૮૫ વૈજયંત, ૮૬ જયંત, ૮૭ સર્વાર્થ સિદ્ધ, ૮૮ ભવતારણ, ૮૯ પ્રિયંકર, ૯૦ પુરૂષોત્તમ, ૯૧ કયંબૂ, ૯૨ લોહિતાક્ષ, ૯૩ મણિકાંત, ૯૪ પ્રત્યક્ષ, ૯૫ અસીવિહાર, ૯૬ ગુણકંદ, ૯૭ ગજચંદ્ર, ૯૮ જગતરણી, ૯૯ અનંત ગુણાકર, ૧૦૦ નગશ્રેષ્ઠ, ૧૦૧ સહેજાનંદ, ૧૦૨ સુમતિ, ૧૦૩ અભય, ૧૦૪ ભવ્યગિરિ, ૧૦૫ સિદ્ધશેખર, ૧૦૬ અનંતરલેસ, ૧૦૭ શ્રેષ્ઠગિરિ, ૧૦૮ સિદ્ધાચળ. *

આ અવસર્પિણીમાં પહેલા ચાર તીર્થંકર ભગવંતો (ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ અને અભિનંદનસ્વામી) નાં સમોવસરણ આ તીર્થ ઉપર થયાં છે; વળી ઓગણીસ તીર્થંકરો (સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વસ્વામી, ચંદ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રીશ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત સ્વામી, નમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી) નાં સમોવસરણ પણ થનાર છે. એક નેમનાથ વિના આ ચોવીસીના બીજા બધા તીર્થંકરો અહિંયાં સમોસરશે. આ તીર્થ ઉપર અનંતા મુનિઓ સિદ્ધિપદને પામ્યા છે, માટેજ આ તીર્થનું નામ સિદ્ધિક્ષેત્ર પ્રસિદ્ધ થયું છે. સર્વ જગતના લોક જેને પૂજે છે, એવા તીર્થંકરો પણ આ તીર્થની મોટી પ્રશંસા કરે છે; તેમજ મહાવિદેહ ક્ષેત્રના માણસો પણ આ તીર્થની ચાહના નિરંતર કરે છે. આ તીર્થ પ્રાયે શાસ્વતજ છે. બીજા તીર્થ ઉપર જે તપ, જપ, દાનાદિક તથા પૂજા, સ્નાત્રાદિ કરતાં ફળ પામે, તેથી આ તીર્થ ઉપર તેટલાજ દાનાદિકથી જેમ સારી જમીનમાં વાવેલું અન્ન નબળી જમીનમાં વાવેલા કરતાં વધારે પામી શકીએ તેમ અનંતગણું ફળ પામી શકીએ છીએ. યતઃ

पल्योपमसहस्त्रं च ध्यानाल्लक्षमभिग्रहात् ।
दुष्कर्म क्षीयते मार्गे सागरोपमसंमीतम् ॥ १ ॥

* સિદ્ધગિરીનાં એકસો આઠ નામ મધ્યે ત્રેવીશ નામ ટીકાકારે મૂકેલાં છે તેજ અનુક્રમે મૂકી મહાકલ્પનામા ગ્રંથ નહીં મળવાથી બીજા નામો ખમાસમણામાં નમસ્કાર કરવામાં આવતાં દુહા તથા પૂજાદિકમાંથી શોધી મૂક્યાં છે. જેથી બીજાં પાઠાંતર હશે એમ સંભવે છે.

शत्रुंजये जिने दृष्टे दुर्गतिद्वितीयंक्षिपेत् ।
सागराणां सहस्त्रं च पूजास्नात्रविधानतः ॥ २ ॥

"પોતાના ઘરમાં બેઠાં પણ શત્રુંજયનું ધ્યાન ધરે તો એક હજાર પલ્યોપમનાં પાપ જતાં રહે છે, અને તીર્થયાત્રા ન થાય ત્યાંસુધી અમુક વસ્તુ ખાવી નહીં એવો કાંઈપણ અભિગ્રહ ધારણ કરે તો તે એક લાખ પલ્યોપમનાં પાપ ખપાવી શકે છે, દુષ્ટકર્મ નીકાચિત હોય તે પણ ક્ષય કરી શકે છે, તેમ યાત્રા કરવાને પોતાના ઘેરથી નિકળે તો એક સાગરોપમનાં પાપ સમાવી શકે છે. તીર્થ ઉપર ચઢીને મૂળનાયકનાં દર્શન કરે તેના બે ભવનાં પાપ ક્ષય થાય છે, અને તીર્થનાયકની પૂજા તથા સ્નાત્ર કરે તો એક હજાર સાગરોપમનાં પાપ ક્ષય કરી શકાય છે. એ તીર્થની યાત્રા કરવાને એક એક પગલું સામે જાય તે એક એક પગલે પગલે હજાર ભવ કોટીનાં પાપથી મુક્ત થાય છે. બીજા સ્થાનપર પૂર્વક્રોડ વર્ષ ક્રીયા કરતાં જે શુભ ફળને પામી શકીએ તેટલુંજ ફળ આ તીર્થપર નિર્મળતાથી કરે તો અંતર્મુહુર્ત્તમાં પામી શકે. કહ્યું છે કે,

जंकोडिए पुण्णं कामिअआहारभोइआएउं ।
तंलहइ तिथ्यपुण्णं एगोवासेण सत्तुंजे ॥ १ ॥

પોતાને ઘેર બેઠાં ઇચ્છિત આહાર ભોજન કરાવી ક્રોડ વાર સ્વામીવચ્છળ કરતાં જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય શત્રુંજય તીર્થ ઉપર એક ઉપવાસ કરવાથી થાય છે.

जंकिंचि नाम तिथ्यं सग्गे पायाले माणुसे लोए ।
तं सव्वमेव दिट्ठं पुंडरिए वंदिए संते ॥ २ ॥

જેટલાં નામાંકિત તીર્થ સ્વર્ગ, પાતાળ અને મનુષ્ય લોકમાં છે, તે બધાનાં દર્શન કરવા કરતાં એક સિદ્ધાચલની યાત્રા કરે તો સર્વ તીર્થની યાત્રાનું ફળ પામી શકે છે.

पडिलाभंते संघे दिट्ठमदिट्ठेअ साहू सत्तुंजे ।
कोडिगुणं च अदिट्ठे, दिट्ठं णंत गुणं होइ ॥ ३ ॥

શત્રુંજય તીર્થ ઉપર શ્રી સંઘને સ્વામીવત્સલ કરી જમાડે તો મુનિના દર્શનનું ફળ થાય, મુનિને વોહોરાવતાં તીર્થ યાત્રાનું ફળ થાય, તીર્થ નાયકનાં દર્શન કર્યા પહેલાં (તીર્થે જતાં) પણ શ્રી સંઘને જમાડવાથી ક્રોડગણું ફળ થાય અને તીર્થની યાત્રા કરીને જમાડે તો અનંતગણું ફળ થાય.

नव्कारसहिए पुरिमड्ढेगासणं च आयामं ।
पुंडरियं समरंतो फलकंखीकुणइ अमत्तट्ठं ॥ ४ ॥

નવકારસી, પોરસી, પુરીમઢ, એકાસણુ, આંબીલ, ઉપવાસ પ્રમુખ તપ કરતો થકો જો પોતાના ઘેર બેઠાં પણ ગિરિનું સ્મરણ કરે તો,

छठ्ठट्ठमदसमदुवालसाण मासद्धमासखमणाणं ।
तिगरणसुद्धोलहइ सत्तुंजे संभरंतोअ ॥ ५ ॥

નવકારસીથી છઠ્ઠનું, પોરસીથી અઠમનું, પુરીમઢથી ચાર ઉપવાસનું, એકાસણુથી છ ઉપવાસનું, આંબીલથી પંદર ઉપવાસનું, અને ઉપવાસથી માસખમણુ (મહીનાના ઉપવાસ)નું ફળ પામે. એટલે પૂર્વોકત તપ કરીને ઘેર બેઠાં પણ શ્રી શત્રુંજાયનમઃ એ પદ ગણે તો અહિં (આ ગાથામાં) બતાવ્યું તેટલું ફળ પામી શકાય છે.

नवित्तंसुवण्णभूमि भूसणदाणेणअन्नतित्थेसु ।
जंपावइपुण्णफलं पूआनमणेणसत्तुंजे ॥ ६ ॥

એક શત્રુંજય તીર્થ ઉપર મૂળનાયકને સ્નાત્ર પૂજા નમસ્કાર કરતાં જેટલું પુન્ય ઉત્પન્ન થાય, તેટલું પુન્ય બીજા તીર્થ ઉપર સુવર્ણનું, ભૂમિનું તથા આભૂષણનું દાન કરવાથી પણ ન પામી શકે.

धुवेपरूखुववासे मासरूखमणं कपुरधुवंमि ।
कत्तियमासरूखवणं साहु पडिलामीए लहइ ॥ ७ ॥

એ તીર્થ ઉપર ધુપપૂજા કરે તો પંદર ઉપવાસનું ફળ થાય, કપુરનો ધુપ કરતાં વળી માસખમણનું ફળ થાય, અને એક પણ સાધુને પડીલાભે (વોહોરાવે) તો કેટલાક માસખમણનું ફળ થાય છે.

પાણીનાં સ્થાન ઘણાં છે પણ સર્વથી અધિક તો જળનિધિજ છે, તેમ બીજાં સર્વ લઘુ તીર્થ છે, સર્વથી અધિક તીર્થ તો સિદ્ધિક્ષેત્રજ છે. જેણે એવા તીર્થની યાત્રા કરીને સ્વાર્થ સાધ્યો નહીં, તો પછી તે પ્રાણીના મનુષ્ય જન્મથી શો સાર છે? જીવવાથી શું? ધનથી શું? અને મોટા કુટુંબથી પણ શું? કાંઇ સાર નહીં. જે મનુષ્યે એ તીર્થની યાત્રા ન કરી તે જન્મ્યો પણ ગર્ભાવાસમાંજ સમજવો, જીવ્યો પણ ન જીવ્યો જાણવો અને ઘણો જાણ હોય પણ અજાણજ જાણવો. દાન, શીલ, તપ, કષ્ટાનુષ્ટાન એ સર્વ કષ્ટસાધ્ય છે માટે બને તેમ કરવાંજ યોગ્ય છે, તથાપિ સુખે કરી સાધી શકીયે એવી આ તીર્થની યાત્રા તો આદરપૂર્વક અવશ્ય કરવી. સંસારી પ્રાણીઓ પ્રશંસા કરવા યોગ્ય પણ તેજ છે, અને માનવા યોગ્ય પણ તેજ છે, કે જેણે પોતાને પગેથી ચાલીને સિદ્ધિક્ષેત્રની છહરી પાળતાં સાત યાત્રા કરી હોય. પુર્વાચાર્યોયે પણ કહેલુંજ છે કે'

छट्टेणं भत्तेणं अप्पाणएणं तृ सत्तजत्ताओ ।
जोकुणइसत्तुंजे सो तइयभवे लहइ सिद्धिं ॥ १ ॥

જે શત્રુંજય તીર્થની ચોવીહારા સાત છઠ્ઠ કરી સાત વાર યાત્રા કરે છે, તે પ્રાણી ત્રીજે ભવેજ નિશ્ચયથી સિદ્ધિપદને પામે છે.

ભદ્રકત્વાદિક ગુણયુકત તે ગુરૂની વાણીએ, જેમ કાળી માટી વર્ષા પડવાથી પલળી જાય, તેમ તે જિતારી રાજાના હૃદયને કોમળ કરી નાંખ્યું. જગત્‌મિત્ર સરખા એ ગુરૂની વાણી એવી છે કે, જેણે તે રાજાને ક્ષીણકર્મવંત કરીને તેજ વખતે સમ્યકત સહિત કર્યો. તે સમયે તેના એવા તો શુભ પરિણામ થયા કે, તત્કાળજ તે તીર્થની યાત્રા કરવાની અભિરૂચિ (ઇચ્છા) ઉત્પન્ન થતાં તેણે પોતાના પ્રધાનાદિકને બોલા-

વીને એવી આજ્ઞા કરી કે, હાલ તરતજ યાત્રા જવાની સામગ્રી તૈયાર કરો. તે વખતે વળી તેણે એવો કઠોર (અતિ ઉત્કૃષ્ટ-આકરો-મહા મુશ્કેલીથી પણ બીજો તે પાળવાને સમર્થ થાય નહીં તેવો) અભિગ્રહ ધારણ કર્યો કે, "જ્યાંસુધી એ તીર્થનાં પગે ચાલતો જઈ દર્શન ન કરી શકું, ત્યાંસુધી મારે અન્ન પાણીનો સર્વથા (બીલકુલ) ત્યાગ છે." રાજાની આવી આકરી પ્રતિજ્ઞા સાંભળીને હંસી તથા સારસીએ પણ એવીજ કાંઇક પ્રતિજ્ઞા તત્કાળ ગ્રહણ કરી. જેમ રાજા કરે તેમ પ્રજા પણ કરે એવોજ ન્યાય છે માટે પ્રજા વર્ગમાંના કેટલાકે પણ તેવીજ પ્રકારાંતરની પ્રતિજ્ઞા ધારણ કરી. એવો શો બનવા કાળ કે, લાંબો કાંઇપણ વિચાર કર્યા વિના આવો અત્યંત આકરો અભિગ્રહ તેણે ગ્રહણ કર્યો! અહો અહો! મહા ખેદ સરખી આ વાર્તા બની કે, એ સિદ્ધાચળ તીર્થ કયાં રહ્યું? અને કેટલું બધું દૂર છતાં આવો અભિગ્રહ રાજાએ કેમ ગ્રહણ કર્યો? એમ પ્રધાનાદિક શોચ કરવા લાગ્યા. મંત્રિ પ્રમુખ આમ ખેદ કરવા લાગ્યા ત્યારે ગુરૂ પણ બોલવા લાગ્યા કે, જે જે અભિગ્રહ ગ્રહણ કરવા તે તે પૂર્વાપર વિચાર કરીને કરવાજ યોગ્ય છે. વિચાર્યા વિનાનું કાર્ય કરતાં પાછળથી ઘણોજ પશ્ચાતાપ થાય છે, અને તેથી તે કાર્યમાં લાભની પ્રાપ્તિ તો કયાંથીજ થાય? પણ તેનાથી ઉલટું નુકશાન ભોગવવું પડે એમ છે. તે સાંભળી અતિશય ઉત્સાહી રાજા બોલવા લાગ્યો કે, હે મહારાજ, અભિગ્રહ ધારણ કર્યા પહેલાંજ વિચાર કરવાનો હતો, પણ હવે તો જે વિચાર કરવો તે બધો ફોકટજ છે. પાણી પીધા પછી નાતિ જાતિ પૂછવી અથવા મસ્તક મુંડન કરાવ્યા પછી તિથિ, વાર, નક્ષત્ર પૂછવાં, એ સર્વ ફોકટજ છે. હવે તો જે થયું તે થયું, હું તો પશ્ચાતાપ વિનાજ એ અભિગ્રહને ગુરૂના ચરણ પસાયથી નિર્વાહ કરીશ. જોકે સૂર્યનો સારથી પાંગળો છે, તોપણ આકાશના અંતને તે શું પામી શકતો નથી? એમ કહીને શ્રી સંઘની સાથે ચતુરંગીણી સેના લેઇને તે યાત્રાના માર્ગે ચાલવા લાગ્યો. કર્મરૂપ શત્રુનેજ જાણે લુટવાને જતો હોયની શું! એમ ઉતાવળે ચાલતે થકે કેટલેક દિવસે કાશ્મીર દેશની એક અટવીમાં જઈ પહોંચ્યા. ક્ષુધા (ભૂખ), તૃષા (તરસ), પગથી ચાલવું, તેમ માર્ગમાં ચાલવાથી થતા પરિશ્રમને લીધે રાજા રાણી અત્યંત આકુળ વ્યાકુળ થવા લાગ્યા. ત્યારે સિંહ નામે વિચક્ષણ મંત્રીશ્વર (દિવાન) ચિંતાતુર થયો થકો ગુરૂ પાસે આવીને કહેવા લાગ્યો કે, મહારાજ, રાજાને હરકોઇ પ્રકારે પણ સમજાવો. ધર્મના કાર્યમાં જો સમજણ નહીંજ રાખે તો પછી જૈન શાસનની ઉલટી હેલના (નિંદા) થશે. એમ બોલતો તે દિવાન ત્યાંથી રાજા પાસે આવીને કહેવા લાગ્યો કે, હે રાજન્, લાભાલાભનો તો વિચાર કરો, સહસાત્કાર (ઉતાવળ)થી જે કાંઇ કામ અવિચારથી કરવામાં આવે તે પ્રાયે અપ્રમાણજ હોય છે. ઉત્સર્ગમાં પણ અપવાદ માર્ગ સેવન કરવો પડે છે, તેટલાજ માટે "सहस्सागारेणं" એવો આગાર (પાઠ) સિદ્ધાંતકારોએ દર્શાવેલો છે. આવાં દિવાનનાં વચન સાંભળીને શરીરથી અતિશય આકુળ થયો છતાંપણ મનથી તો સર્વથા અકળાણોજ નથી એવો તે રાજા ગુરૂ પ્રત્યે બોલવા લાગ્યો કે, હે પ્રભુ, અસમર્થ પરિણામવંત હોય તેનેજ એવો ઉપદેશ

આપવો, પણ હું તો મારૂં બોલેલું વચન પાળવાને ખરેખર શૂરવીર છું, જોકે કદાચિત્ હું પ્રાણુથી રહિત થઇ જઊં તોપણુ ભલે (બહેતર), પણુ મારી પ્રતિજ્ઞા તો નિશ્ચયથી અભંગજ રહેશે. અહિંયાં પોતાના પતિનો ઉત્સાહ વધારવાને તે વીર પત્નિ (રાણીઓ) પણુ તેમજ ઉત્સાહવર્ધક વચનો બોલવા લાગી. દંપતીનાં આવાં વચન સાંભળીને, "અહો મહા આશ્ચર્ય કે આવું ધર્મમાં એકાગ્ર ચિત્ત છે, અહો આશ્ચર્ય કે આવા સાત્વિક છે," એવી પ્રશંસા સર્વ જન કરવા લાગ્યા. હવે શું થશે અથવા શું કરવું? એવી ઊંડી આલોચનામાં આકુળ થવાથી જેનું હૃદયકમળ તપ્ત થયું છે એવા સિંહ નામા દિવાનને ચિંતાનિમગ્ન સુતે થકે, વિમલાચળ તીર્થનો અધિષ્ઠાયક ગોમુખ નામે યક્ષ સ્વપ્નમાં પ્રગટ થઇ કહેવા લાગ્યો કે, "હે મંત્રીશ, તું શા માટે ચિંતા કરે છે? જિતારી રાજાના ધૈર્યથી વશ થએલો હું પ્રસન્ન થઇને વિમલાચળ તીર્થને અહિંયાંજ સમીપપણે લાવીશ, માટે તું તારી ચિંતા દૂર કર. આવતી કાલે પ્રભાત સમયે વિમળાચળ તીર્થના સન્મુખ ચાલતાં સર્વ શ્રી સંઘને વિમલાચળ તીર્થની યાત્રા કરાવીશ; જેથી સર્વના અભિગ્રહ પૂર્ણ થઈ શકશે." આવાં હર્ષદાયક તેનાં વચન સાંભળીને દિવાન તેને પ્રણામપૂર્વક કહેવા લાગ્યો કે, "હે શાસનસંરક્ષક, આ વખતે આવીને તમોએ જેમ મને સ્વપ્નમાં આનંદકારક વચનો કહ્યાં, તેમ આ સંઘમાં ગુરૂ પ્રમુખ બીજા પણુ કેટલાક લોકોને સ્વપ્ન આપીને આવાંજ હર્ષદાયક વચનો સંભળાવો, કે જેથી સંપૂર્ણ લોકને પણુ નિશ્ચય થાય." એવાં વચનથી ગોમુખયક્ષે પણુ તેમજ શ્રી સંઘમાં ઘણા જણુને સ્વપ્નાંતર્ગત તેજ અધિકાર સર્વ જણાવ્યો. ત્યારપછી બીજા દિવસના પ્રભાત સમયેજ તેણુે તે મહાભયંકર અટવીમાંજ એક મોટા પર્વત ઉપર કૃત્રિમ વિમલાચળ તીર્થની રચના રચી, કેમકે, દેવતાને દૈવિક શક્તિથી શું અસંભવિત છે! દેવતાની વૈક્રીયથી રચિત વસ્તુ માત્ર પંદરજ દિવસ રહી શકે છે, પણુ ઔદારિક પરિણામથી પરિણમાવેલી હોય તો ગીરનાર તીર્થપર શ્રી નેમનાથ સ્વામીની મૂર્ત્તિની પેઠે અસંખ્યાતા કાળપર્યંત પણુ રહી શકે છે. અહિંયાં પ્રભાત સમયે રાજા, આચાર્ય, દિવાનો તેમજ બીજા પણુ ઘણાક લોકો પરસ્પર પોતાના સ્વપ્ન સંબંધી વાતો કરવા લાગ્યા. ત્યારપછી સર્વ જન પ્રમુદિત થયા થકા અવિવાદપૂર્વક તીર્થ ભણી ચાલવા લાગ્યા કે, થોડા વખતમાં રસ્તામાંજ વિમલાચળ તીર્થને દેખતાં માત્ર અત્યંત હર્ષિત થયા. પછી તે તીર્થપર ચડીને દર્શન પૂજા કરી પોતાના અભિગ્રહ પૂર્ણ કરવા લાગ્યા, તેમજ હર્ષથી શરીરને રોમાંચિત કરતા પોતાના આત્માને પુણ્યરૂપ અમૃતથી પૂર્ણ પુષ્ટ કરવા લાગ્યા. ત્યાં વળી સ્નાત્રપૂજા, ધ્વજપૂજા પ્રમુખ કરણીઓ કરતા થકા માળા પ્રમુખ પહેરીને સર્વ જન પ્રમુદિત થયા થકા ત્યાંથી મૂળ (ખરા) શત્રુંજય ભણી યાત્રા માટે ચાલવા લાગ્યા. પણુ રાજા તો ભગવંતના ગુણરૂપ ચૂર્ણથી જાણે કાર્મણજ કરાયું હોયની શું! એમ ફરી ફરીને પાછો ત્યાંજ આવીને મૂળનાયકને નમન વંદન કરે છે; તેમ કરતાં પોતાના આત્માને સાતે નરકમાં પડતાં રોકવાનેજ જેમ પ્રવર્ત્યો હોય તેમ તે રાજા સાત વાર તીર્થપરથી ઉતરીને સાતમી વાર ફરીને ચડ્યો. ત્યારે સિંહ નામા મંત્રિ પૂછવા લાગ્યો કે, હે રાજેંદ્ર, આમ કેમ વારંવાર ઉતરીને પાછા ચડો છો? રાજાએ જવાબ આપ્યો કે,

જેમ માતાને બાળક મૂકી શકતા નથી તેમ આ તીર્થને પણ હું મૂકવા સમર્થ નથી; માટે અહિંયાંજ નવું નગર વસાવીને આપણે તો રહીશું, કેમકે નિધાન સરખું આ સ્થાન પામીને કોણ પાછું મૂકે!!

પોતાના સ્વામીની આજ્ઞા, વિચક્ષણ વિવેકી કોણ લોપી શકે! માટેજ તે દિવાને રાજાની આજ્ઞાથી તેજ પર્વતની સમીપે વાસ્તુક શાસ્ત્રની વિધિપૂર્વક નગર વસાવ્યું. "આ નગરમાં જે નિવાસ કરશે તે પાસેથી કાંઇ પણ કર લેવામાં આવશે નહીં." એવી વાણી સાંભળીને કેટલાક લોભથી, કેટલાક તીર્થ ભક્તિ ભાવથી, તેમ કેટલાક સહજ સ્વભાવથી પણ તે સંઘ મધ્યેના તેમજ બીજા લોક પણ આવીને ત્યાં વસવા લાગ્યા. પાસેજ નવિન વિમલાચળ તીર્થ હોવાથી અને વિમળ (નિર્મળ) પરિણામીનોજ ઘણો ભાગ આવીને નિવાસ કરવાથીજ તે નગરનું નામ પણ "વિમલાપુર" સાર્થક થયું. નવી દ્વારામતી નામે નગરી વસાવીને જેમ શ્રીકૃષ્ણ વાસુદેવ વસ્યા તેમ મોટી રાજ્યઋદ્ધિથી અને વળી શ્રી જિનેશ્વરના ધર્મ ધ્યાનથી આ રાજા પણ સુખરૂપ ત્યાં નિવાસ કરી રહ્યો. મીષ્ટ સ્વરનો બોલનારો એક શુક (પોપટ) રાજહંસની પરે તે જિતારી રાજાને પરમાનંદકારી ક્રીડાના સ્થાનરૂપ થયો. જ્યારે જ્યારે તે રાજા દેરાસરમાં આવીને અર્હંત દર્શન તથા ધ્યાનમાં નિમગ્ન થાય ત્યારે ત્યારે તે શુકનાં મીષ્ટ વચન સાંભળવામાં તેનું મન લાગતું; તેથી જેમ ચિત્રામણપર ધુમ્ર લાગવાથી કાળાશ લાગી જાય તેમ, તેના શુભ ધ્યાનમાં તે પોપટનાં મીષ્ટ વચનપર રાગ (પ્રીતિ) થવાથી મલીનતા લાગી જતી. એમ કેટલાક કાળ વર્ત્તતાં થકાં તેણે અંત સમયે દેરાસર પાસે અણસણ કર્યું; કેમકે, એવા વિવેકી પુરૂષો છેલ્લી અવસ્થામાં સમાધિ મરણનીજ ચાહના રાખે છે. સમયની જાણ અને ધૈર્યવંતી તે હંસી સારસી બન્ને રાણીઓ તે વખતે રાજાને નિર્યામના (શુભ ધ્યાન) કરાવતી નવકાર શ્રવણ કરાવવાદિક કૃત્યો કરે છે. તે સમયપર પેલો પોપટ તેજ દેરાસરના શિખરપર ચડીને મીષ્ટ વચનનો ઉચ્ચાર કરવા લાગ્યો જેથી રાજાનું ધ્યાન તે પોપટપરજ લાગી ગયું. તેજ સમયે રાજાનું આયુષ્ય પણ પરિપૂર્ણ થવાથી શુકવચનના રાગને લીધે તેણે પોપટની જાતિમાંજ જન્મ થાય એવું કર્મ બંધન કર્યું. અહાહાહા!! ભવિતવ્યતા મહા બળવાન છે. છેલ્લા (અંત) સમયે જે ગતિ હોય તેજ આ આત્માની ગતિ થાય એવી જે પંડિત જનની ઉક્તિ છે તેજ જાણે આ શુકવચન રાગીષ્ટતાથી સિદ્ધ થાય છે. યોગ્યજ છે કે, પોપટ, મેના, હંસ અને કુતરા પ્રમુખ ક્રીડા સર્વથા તીર્થંકરોએ અનર્થદંડપણે બતાવી છે તે સત્યજ છે; નહીં તો આવા સમકીતિ રાજાની આવી નીચ ગતિ કેમ થાય. તેવા પ્રકારનો આ રાજાને ધર્મનો યોગ છતાં પણ જ્યારે આવી દુષ્ટ ગતિ થઇ, માટેજ (ત્યારેજ) આવા અનેકાંતિકમાર્ગથી એમ સિદ્ધ થાય છે કે, જીવની ગતિનું અતિશય વિચિત્રપણુંજ છે. નર્ક અને તિર્યંચ એ બે ગતિઓ જે દુષ્ટ કર્મથી પ્રાણીએ બાંધેલી હોય, તેનો ક્ષય વિમલાચળ તીર્થની યાત્રાથીજ થઇ જાય છે; પણ એમાં વિશેષ એટલુંજ વિચારવા યોગ્ય છે કે, ફરીને પણ તિર્યંચ ગતિનો બંધ પડ્યો તો તે ભોગવીને પણ ક્ષય કરી શકાય છે પરંતુ જે બંધ પડયો તે તો ભોગવ્યા વિના છુટકો થાયજ નહીં. અહિંયાં એટલું જરૂર યાદ

રાખવાનું છે કે, "તીર્થની ભક્તિ સેવાથી તો દુર્ગતિ નહીં પણ શુભ ગતિજ થાય, એવો આ તીર્થનો મહિમા હોવા છતાં પણ આ જિતારી રાજાની તિર્યંચ ગતિ થવા રૂપ દુર્ગતિ થઇ તેમાં કાંઇ તીર્થના મહિમાની હાની થતી નથી, કેમકે એતો પ્રમાદાચરણનું લક્ષણજ છે કે, તુરત દુર્ગતિ પતન થાય. જેમકે કોઇપણ રોગીને વૈદ્યે ઔષધાદિકથી નિરોગી કર્યો છતાં પણ કુપથ્યાદિકનું સેવન કરે તો ફરીને રોગીષ્ટ થાય તેમાં વૈદ્યનો કાંઇપણ દોષ નથી; દોષ તો કુપથ્યનોજ છે, તેમ આ રાજાની પણ પ્રમાદના ફળથી દુર્ગતિ થઇ. જોકે પૂર્વભવકૃત કર્મયોગથી ઉત્પન્ન થયેલા દુર્ધ્યાનથી કદાચિત્ તે શુકરૂપ તિર્યંચ થયો, તોપણ સર્વજ્ઞ વાકય એવું છે કે, એકવાર પણ સમ્યકત લાભ થયો છે તે સર્વોત્કૃષ્ટ સફળ છે, માટે તેનું ફળ એને મળ્યા વિના રહેનાર નથી."

ત્યારપછી આ જિતારી રાજાની પાછળ સર્વ સંસ્કાર કરાવ્યા પછી તેની બન્ને રાણીઓ (હંસી અને સારસી) દીક્ષા અંગીકાર કરીને તપશ્ચર્યા કરણી કરવાથી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવીઓપણે ઉત્પન્ન થઇ. ત્યાં દેવલોકમાં બંને દેવીઓને અવધિજ્ઞાનથી તપાસ કરતાં જણાયું કે, અમારો પૂર્વભવપતિ તિર્યંચપણે ઉત્પન્ન થયો છે; જેથી તેણીઓએ તે શુક (પોપટ) પાસે આવીને તેને ઉપદેશ દેઇ પ્રતિબોધ પમાડ્યો. છેવટે તેજ નવિન વિમળાચળ તીર્થના તેજ દેરાસરમાં તેને તેમજ* અણસણ કરાવ્યું; કે જેથી કરીને તેજ દેવીઓના પતિપણેજ તે (પોપટ–જિતારી રાજાનો જીવ) તેજ દેવલોકમાં દેવતાપણે ઉત્પન્ન થયો. તેણે પોતાની બંને દેવીઓ દેવલોકથી ચવ્યા પહેલાંજ કોઇક કેવળીને પૂછયું કે, સ્વામી, હું સુલભબોધી છું કે દુર્લભબોધી છું? કેવળીએ કહ્યું કે, સુલભબોધી છું. તેણે પૂછયું કે, મહારાજ, હું કેવી રીતે સુલભબોધી થઇ શકીશ? કેવળી બોલ્યા કે, આ તારી દેવીઓ મધ્યેની પહેલી દેવી જે હંસીનો જીવ છે તે ચવીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરને વિષે ઋતધ્વજ રાજાનો મૃગધ્વજ નામે પુત્ર થશે, અને બીજી સારસીનો જીવ ચવીને કાશ્મીર દેશમાં આવેલા નવિન વિમળાચળ તીર્થની સમીપેજ થયેલા તાપસોના આશ્રમમાં પૂર્વભવમાં કરેલાં કપટના સ્વભાવથી ગાંગીલ નામે ઋષિ (મુનિ) ની કમલમાલા નામની કન્યા (પુત્રી) થશે, એ બંનેના પરણ્યા પછી તું ચવીને તેમનો જાતિ સ્મરણનો પાળનારો પુત્ર થઇશ. ત્યારપછી અનુક્રમે ચવીને હંસીનો જીવ તું મૃગધ્વજ રાજા અને સારસીનો જીવ કમલમાલા કન્યા (આ તારી રાણી) ઉત્પન્ન થયા પછી તે દેવતાએ પોતે શુકનું રૂપ બનાવીને મીષ્ટ વાણીથી તને તાપસોના આશ્રમમાં લેઇ જઇ તેણીનો મીલાપ કરાવી દીધો. ત્યાંથી વળી તને પાછો લાવી તારા સૈન્ય સાથે મેળવીને તે સ્વર્ગમાં જતો રહ્યો. ત્યારપછી દેવલોકમાંથી ચવીને તેજ દેવતા આ તમારો "શુકરાજ" કુમાર ઉત્પન્ન થયો. તે પુત્રને લેઇને તું આ આંબા નીચે બેસી કમલમાળાની સાથે શુકવાણી સંબંધી વાત કરવા લાગ્યો, તે સાંભળતાં માત્રજ તેને (શુકરાજને) જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તે વિચારવા લાગ્યો કે, હાલ આ મારા જાતિ સ્મરણ માતાપિતાપણે છે, પરંતુ પૂર્વભવમાં તો એ બંને મારી

* પૂર્વ ભવમાં જિતારી રાજાએ કર્યું હતું તેમજ.

સ્ત્રીઓ હતી માટે એઓને માતા પિતા કેમ કહી શકાય? તેથી તો મૌન કરવુંજ શ્રેયસ્કર છે. ભૂત્તાદિક દોષ વિના પણ શુકરાજે એટલાજ માટે મૌન ધારણ કર્યું હતું. તેનાથી આ મારૂં વચન ઉલ્લંઘન કરી શકાય નહીં તેથીજ તે અમારા બોલાવવાથી બોલ્યો. એ બાળક છતાં પણ પૂર્વભવના અભ્યાસે કરી નિશ્ચયથી સમ્યકત પામ્યો છે. શુકરાજ કુમારે પણ તેમજ સર્વ કબુલ કર્યું. વળી શ્રીદત્તકેવળી બોલ્યા કે, હે શુકરાજ, એમાં શું આશ્ચર્ય છે! આ સંસારરૂપ નાટક એવુંજ છે; કેમકે, આ જીવે અનંતા ભવ ભમતાં એકેક જીવોની સાથે અનંતાનંત સંબંધ કીધેલા છે. શાસ્ત્રમાં કહેલું છે કે, જે પિતા છે તેજ પુત્ર થાય છે, ને પુત્ર છે તેજ પિતા થાય છે, જે સ્ત્રી છે તેજ માતા થાય છે, અને જે માતા છે તેજ સ્ત્રી થાય છે. વળી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે, (नसा जाइ नसा जोणी, न तं ठाणं न तं कुलं नजाया नमुआजच्छं सव्वे-जीवा अणंतसो) એવી કોઇ જાતિ, જોણી (યોની) સ્થાન, કુળ કાંઇપણ બાકી રહેલું નથી કે જેમાં આ જીવ જન્મેલ ન હોય કે મરણ પામેલ ન હોય, કેમકે, એવા અનંત અનંતવાર એકેક જીવે અનંત જીવોની સાથે સંબંધ કીધા છે.” તેટલા માટે કોઇ ઉપર રાગ તેમ કોઇ ઉપર દ્વેષ પણ કરવો નહીં. સમયજાણ પુરૂષોએ માત્ર વ્યવહાર માર્ગને અનુસરવો (પકડવો). ત્યારપછી વળી તે (શ્રીદત્તકેવળી) કહે છે કે, મારે પણ એવોજ કેવળ વૈરાગ્યના કારણ જેવો સંબંધ બન્યો છે, તે વિશેષથી જેમ બન્યો છે તેમજ કહી બતાવું છું, તે તમે સાંભળો.

કથાંતર્ગત શ્રીદત્તકેવળીનો અધિકાર (વાર્તા).

લક્ષ્મીને નિવાસ કરવાના એક સ્થાનકરૂપ શ્રીમંદિર નામે નગરમાં દુઃખે દમી શકાય એવો સ્ત્રીલંપટી અને કપટપ્રિય સુરકાંત નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્યાં દાતારમાં અને ધનાઢ્યોમાં મુખ્ય એવો રાજમાન્ય સોમશેઠ નામે નગરશેઠ રહેતો હતો, તેને લક્ષ્મીના રૂપને પણ જાણે જીતી લીધી હોયની શું! એવી સોમશ્રી નામની સ્ત્રી હતી. તેમને શ્રીદત્તનામનો પુત્ર અને શ્રીમતી નામે સ્ત્રી હતી. એ ચારે જણાનો યોગ તે ખરેખરા પુણ્યનાજ સંયોગથી થયો હતો. કહ્યું છે કે,

यस्य पुत्रा वशेभक्त्या भार्याछंदानुवर्त्तिनी ।
विभवेष्वापिसंतोषस्तस्यस्वर्ग इहैव हि ॥ १ ॥

“જેને પુત્ર વશ (કહ્યાગરો) અને ભક્તિવંત હોય, સ્ત્રી પોતાના ચિત્ત અનુકુળ પ્રવર્ત્તતી હોય, અને દ્રવ્ય વિષે સંતોષ હોય, તેને ખરેખર આલોક પણ સ્વર્ગના સુખ સમાનજ જાણવું.”

એક દિવસ સોમશેઠ પોતાની સોમશ્રી સ્ત્રીને સાથે લેઇ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા, તે વખતે સુરકાંત રાજા પણ દૈવયોગથી ત્યાં આવી ચઢ્યો. તે સોમશ્રીને દેખીને તત્કાળ રાગરૂપ સમુદ્રમાં તણાવા લાગ્યો; જેથી તેજ વખતે તેણીને બળાત્કારથી તે પોતાના અંતઃપુરમાં લેઇ ગયો. કહ્યું છે કે,

यौवनं धनसंपत्ति प्रभुत्वमाविवेकिता ।
एकैकमप्यनर्थाय किमत्र च चतुष्टयं ॥ २ ॥

"યૌવન, ધન, સંપદા, મોટાઈ, અવિવેકતા, એ એક એક પણ અનર્થકારક હોય છે, ત્યારે એ ચારે એકઠાં મળ્યાં હોય તો તે પ્રાણીને શું ન કરાવે? અર્થાત્ મહાઅનર્થ કરાવી શકે છે."

રાજ્યલક્ષ્મીરૂપ લતાને અન્યાયરૂપ અગ્નિ તો ભસ્મકારકજ કહેલી છે, ત્યારે પછી રાજ્યની વૃદ્ધિનો ઇચ્છનાર તો પરસ્ત્રી પર ચાહના પણ કેમ કરે. બીજા કોઇક લોકો અન્યાયમાં પ્રવર્ત્તતા હોય તેઓને અટકાવનારજ રાજા હોય છે, તેમ છતાં જ્યારે રાજા પોતેજ અન્યાય પ્રવર્ત્તાવે ત્યારે તો ખરેખર મચ્છગલાગળ ન્યાય * ના જેમજ ગણી શકાય. ત્યારપછી સોમશેઠ, પ્રધાન પ્રમુખના મુખથી શાસ્ત્રોક્તિ તેમજ લોકોક્તિથી રાજાને સમજાવવાને પ્રવર્ત્યા, પણ તે અન્યાયી રાજા તેવા વચનથી તો ઉલટો દુર્વાક્યો (ગાળો) બોલવા લાગ્યો, પરંતુ તે સ્ત્રીને પાછી સમર્પણ કરી નહીં. ખરેખર રાજાનું આવું દુર્ન્યાયીપણું મહાખેદ કરવા અને ધિઃકારવા યોગ્ય છે. અરે! શિખામણ દેનારના ઉપર પણ છેવટ તે (રાજા) સૂર્યનાં કિરણની માફક અગ્નિનો વર્ષાત વર્ષાવવા લાગ્યો. તેજ વખતે પ્રધાન પ્રમુખ શેઠને કહેવા લાગ્યા કે, "જેમ હસ્તિનો કે સિંહનો કાન પકડી ન શકાય તેમ, આ અન્યાયી રાજાને પણ કાંઈ સમજાવી શકાવાનો ઉપાય નથી. ચીભડાં (આરીમાં) રાખવા (સાચવવા) ને માટેજ જે વાડ રચવા (કરવા)માં આવે છે તેજ વાડ ચીભડાં ખાય તો પછી તે (ચીભડા)નો કેવી રીતે બચાવ કરી શકાય. લોકમાં પણ કહેલ છે કે,

मातायदिविषंदेयात् विक्रीणीत सुतं पिता ।
राजा हराति सर्वस्वं का तत्र परिवेदना ॥ ३ ॥

"માતાજ પોતે પુત્રને વિષ (ઝેર) આપે, પિતાજ પુત્રને વેચે, અને રાજા સર્વસ્વ લુટીલે, ત્યારે એ ખેદકારક વાર્તા કયાં જઇ કરવી?"

શ્રેષ્ઠી મુખ્ય સોમશેઠ ઉદાસ થઇને પોતાના પુત્રની પાસે આવીને કહેવા લાગ્યો કે, ખરેખર આપણો કોઇક દૈવજ (કર્મજ) માઠો, કે જેથી મોટી વિટંબના આવી પડી છે. કહ્યું છે કે,

सह्यंते प्राणिभिर्बाढं, पितृमातृपराभवाः ।
भार्यापरिभवं सोढुं, तिर्यंचोऽपि नहि क्षमाः ॥ ४ ॥

"પ્રાણીઓ પોતાના માતપિતાના વિયોગ પ્રમુખ ઘણાં દુઃખોને સહન કરી શકે છે, પરંતુ તિર્યંચ સરખા પણ પોતાની સ્ત્રીનો પરાભવ (વિયોગ) ખમી શકતા નથી, તો પછી પુરૂષ પોતાની સ્ત્રીનો પરાભવ કેમ સહી શકે?"

હરકોઇ પણ પ્રકારે એ રાજાને શિક્ષા કરીને પણ પાછી મેળવવી જોઇએ, અને તેનો ઉપાય માત્ર એટલોજ છે કે, તેમાં કેટલાક દ્રવ્યનો વ્યય થશે. આપણી પાસે છ લાખ દ્રવ્ય છે તેમાંથી પાંચ લાખ દ્રવ્ય લઈ હું કયાંક દૂર જઇ કોઈ અતિશય પરાક્રમી (બળવંત) રાજાની સેવા કરી તે રાજાના બળની સહાયતાથી તમારી માતાને જરૂર પાછી છોડાવી લાવીશ. કહ્યું છે કે,

* મચ્છગળાગળ ન્યાય—પાણીમાં રહેનારા મચ્છાદિ જીવો (જળચરો) જેમ એક બીજા પોતાની જાતિનાજ જીવો (ખાધેલા જીવો)ને ખાઇ (ગળી) જાય છે.

स्वयं प्रभुत्वं स्वकहस्तगंवा, मभुं विना नो निजकार्यसिद्धिः ।
विहाय पोतं तदुपाश्रितंवा, वारांनिधिं कः क्षमते तरीतुम् ॥ ५ ॥

પોતાના હસ્તમાં એવી કાંઇ મોટી સત્તા હોય, કે પોતેજ સમર્થ હોય, છતાં પણ બીજા કોઈ મોટા પુરૂષને આશ્રય લીધા વિના પોતાના મહાન્ કાર્યની સિદ્ધિ થતી નથી. જેમકે, પોતે ચાહાય તેવો સમર્થ હોય, તોપણ વહાણ કે તેવાજ બીજા કોઇ સાધનને આશ્રય લીધા વગર શું મોહોટો સમુદ્ર તરી શકાય છે?

એમ કહીને તે શેઠ પાંચ લાખ દ્રવ્ય સાથે લેઇને કોઈક દિશા ભણી પ્રચ્છન્ન (છાની) વૃત્તિએ ચાલ્યો ગયો; કેમકે, પુરૂષો પોતાની સ્ત્રીને વાસ્તે શું શું કામ કરતા નથી? કહ્યું છે કે,

दुष्कराण्यपि कुर्वंति, जनाः प्राणप्रियाकृते ।
किं नाब्धि लंघयामासुः पांडवा द्रौपदीकृते ॥ ६ ॥

પ્રાણીઓ પોતાની પ્રાણપ્રિયાને માટે દુષ્કર પણ કાર્યો કરે છે. પાંડવોએ દ્રૌપદીને માટે શું સમુદ્ર ઉલ્લંઘન કર્યો નથી?

હવે સોમશેઠ પરદેશ ગયા પછી શ્રીદત્તની સ્ત્રીએ પુત્રી જણી. અહો અફસોસ! દુઃખ સમયે પણ દૈવ કેવો વાંકો થયો? શ્રીદત્ત અતિ શોકાતુર થઇ વિચારવા લાગ્યો કે, “ધિઃકાર થાઓ મારાં દુઃખની પરંપરાને! કે માતા પિતાનો વિયોગ થયો, લક્ષ્મીની હાનિ થઇ, રાજા દ્વેષી થયો અને છેવટે પુત્રી જન્મી. પારકાં દુઃખને દેખી સંતોષ માનનાર આ દૈવ ખરેખર મારી ઉપર હજુ શું શું કરશે? શ્રીદત્તે એવી રીતે ચિંતામાં પોતાના દિવસો નિર્ગમન કર્યા. શ્રીદત્તને એક શંખદત્ત નામે મિત્ર હતો, તે તેને શિખામણ દઇ કહેવા લાગ્યો કે, હે મિત્ર! લક્ષ્મીને માટે આટલી બધી ચિંતા શું કરવા કરે છે? ચાલો આપણે મોટા સમુદ્ર ઓળંગી પરદ્વીપમાં જઇ વ્યાપાર કરી દ્રવ્ય સંપાદન કરી અર્દ્ધોઅર્દ્ધ વહેંચી લઇશું. આવો નિશ્ચય કરી પોતાની સ્ત્રી તેમ પુત્રી પોતાના સગાંવહાલાંને સોંપી શ્રીદત્ત પોતાના મિત્રની સાથે વહાણમાં બેશી સિંહલ નામા દ્વીપમાં ગયો. ત્યાં બન્ને જણે બે વર્ષ સુધી વ્યાપાર વણુજ કરી અતિશય લાભ મેળવી પુષ્કળ દ્રવ્ય સંપાદન કર્યું. વળી વધારે લાભની આશાએ તેઓ ત્યાંથી કટાહ નામે દ્વીપમાં ગયા અને ત્યાં પણ બે વર્ષ સુધી હર્ષથી રહી ન્યાય સાથે (પ્રમાણીકપણે) ઉદ્યમ કરતાં તેમણે આઠ ક્રોડ દ્રવ્ય મેળવ્યું; કેમકે, કર્મ અને ઉદ્યમ, એ બે કારણ બળવંત થયા, તો પછી ધન ઉપાર્જન કરતાં શી વાર લાગે?

અગમ્ય પુણ્યવાળા તે બન્ને મિત્રો હાથીનાં કે પર્વતોનાં જેવાં મોટાં વહાણો સરસ કરીયાણાંથી ભરી હર્ષવંત થતા પાછા ફર્યા. તેમણે વહાણના ગવાક્ષમાં બેઠા થકા દરીયામાં તરતી એક પેટી જોઇને તે ખલાસી પાસેથી મંગાવી લેઇ વહાણ મધ્યેના સર્વ મનુષ્યોને સાક્ષીભૂત રાખી તે પેટીમાંહેનું દ્રવ્ય બન્ને વચ્ચે અર્દ્ધોઅર્દ્ધ વહેંચી લેવાનું ઠરાવી, તે પેટી ઉઘાડે છે, એટલામાં લીંબ (લીમડા)ના પાનમાં વિંટાયેલી, ઝેરને લીધે લીલુંછમ સરખું શરીર થઇ ગયું છે એવી અને મૂર્છાને

લીધે બેભાન થઇ ગયેલી, એવી એક કન્યાને જોઇ સર્વ મનુષ્યો આશ્ચર્ય પામ્યા. તેમને શંખદત્તે કહ્યું કે, "ખરેખર એ કન્યાને કોઇ દુષ્ટ સર્પે ડંસેલી હોવાથી કોઇએ તેણીને પેટીમાં ઘાલી તે પાણીમાં તરતી મૂકેલી હોય એમ જણાય છે." ત્યારપછી તેણે પાણી છાંટયું કે તરતજ તે કન્યાની મૂર્છા ઉતરવાથી તે સ્વસ્થ થઈ. પછી શંખદત્ત ખુશી થઇ કહેવા લાગ્યો કે, "આ મનોહર સ્વરૂપવંતી કન્યાને મેં સજીવન કરી છે, માટે હું તેને પરણીશ." ત્યારે શ્રીદત્ત તેને કહેવા લાગ્યો કે, "એમ ના બોલ! આપણે બન્ને જણે પેટીમાંથી જે નીકળે તે અર્દ્ધોઅર્દ્ધ વહેંચી લેવાનો ઠરાવ કીધેલો છે, માટે તારા ભાગ બદલ તું મારૂં સર્વ દ્રવ્ય ગ્રહણ કર અને કન્યા મને આપ." એવી રીતે માંહોમાંહે વિવાદ કરવાથી જેમ મીંઢળ ખાવાથી પેટનું અન્ન બહાર નીકળી જાય છે તેમ, આ કન્યાના અભિલાષથી બન્નેની અરસપરસની પ્રીતિ જતી રહી. (તૂટી ગઇ.) કહ્યું છે કે,

रमणीं विहाय न भवति विसंहतिः स्निग्धबन्धुजनमनसाम् ।
यत्कुञ्चिका सुदृढमपि तालकबन्धं द्विधाकुरुते ॥ ७ ॥

જેમ કુંચી અતિકઠણ (સજ્જડ) છતાં પણ વાસેલા તાળાંને ઉઘાડી નાંખે છે, તેમ ખરા સ્નેહવંત પુરૂષોના મનની પ્રીતિમાં સ્ત્રી શિવાય કોઇ ભેદ પડાવી શકતું નથી.

આવી રીતે બંને મિત્રો ખરા કદાગ્રહ (હઠ) થી અતિશય કલેશ કરવા લાગ્યા, ત્યારે ખલાસીઓએ તેમને શિખામણ દીધી કે, "હમણાં ધીરજ ધરો, અહીંથી નજીક સુવર્ણકૂલ નામનું બંદર છે, ત્યાં આપણાં વહાણો બે દિવસે જઈ પહોંચે એટલે ત્યાંના બુદ્ધિવંત પુરૂષોની પાસે તમારો ન્યાય તમો કરાવી લેજો." ખલાસીઓની શિખામણું સાંભળી શંખદત્ત તો શાંત થયો, પરંતુ શ્રીદત્ત મનમાં વિચાર કરવા લાગ્યો કે, "જ્યાં ન્યાય કરાવીશું ત્યાંના લોકો એણે (શંખદત્તે) સજીવન કરી છે, માટે એનેજ અપાવશે; તેથી ત્યાં પહોંચતાં પહેલાંજ હું એનો ઘાટ ઘડી નાંખું." એવા દુષ્ટ પરિણામથી કેટલાક પ્રપંચ કરી પોતાના ઉપર વિશ્વાસ બેસાડી એક વખતે રાત્રીના સમયે શ્રીદત્ત વહાણના ગોખ ઉપર ચઢી શંખદત્તને બોલાવી કહેવા લાગ્યો કે, "હે મિત્ર! જો! જો! આ અષ્ટમુખનો મચ્છ જાય છે, આવો મગરમચ્છ તેં કયાંય પણ દીઠો છે?" આ કૌતુક જોવાને શંખદત્ત ગોખ ઉપર ચઢે છે, એટલામાં તેણે શત્રુની પેઠે એવો તો ધક્કો માર્યો કે, તે તત્કાળ સમુદ્રમાં જઇ પડ્યો. અહો આશ્ચર્ય! સુમુખી ગણાતી છતાં પણ દુર્મુખી સ્ત્રીઓને ધિઃકાર છે! ધિઃકાર છે! કેમકે, આ સ્ત્રીને માટે તદ્ભવ મોક્ષગામી છતાં પણ શ્રીદત્તે આવો મિત્રનો દ્રોહ કર્યો! પોતાના ઇચ્છિત કાર્યોની સિદ્ધિ થવાથી તે દુર્બુદ્ધિ શ્રીદત્ત હર્ષવંત થઇ પ્રાતઃકાળે ઉઠી કૃત્રિમ (કારમો–લોકોને દેખાડવા રૂપ) પોકાર કરી કહેવા લાગ્યો કે, "અરે લોકો! મારો મિત્ર કેમ કયાંયપણ દેખાતો નથી? ઇત્યાદિક અનેક કપટનાં આડંબરો નિર્વિષ સર્પની ફણીના આટોપના માફક નિષ્ફળ થતાં છેવટ તે સુવર્ણકૂલ બંદરે આવી પહોંચ્યો. તેણે મોટા મોટા હાથીઓ

તે ગામના રાજાને અર્પણ કર્યા. તે રાજાએ તેનું મૂલ્ય આપી બીજાં કરિયાણાં વિગેરેનું દાણ છોડી દઈ તેનું સન્માન કર્યું; તેથી શ્રીદત્ત ત્યાં વખારોમાં માલ ભરી આનંદ સહિત વ્યાપારવણજ કરવા લાગ્યો. પછી તે કન્યાની સાથે લગ્ન કરી સુખ વિલાસમાં દિવસો ગુજારતાં તે રાજાના દરબારમાં નિરંતર આવજાવ કરતો હતો, ત્યાં તેની ચામર વિંઝનારી સાક્ષાત્ લક્ષ્મીના જેવી રૂપસ્વી મનોહર ગણીકાને દેખી તેણીના ઉપર મોહિત થઇ શ્રીદત્તે કોઇક પુરૂષને પૂછ્યું કે, "આ કોણ છે?" ત્યારે તેણે જવાબ આપ્યો કે, "એ રાજાની રાખેલી સુવર્ણરેખા નામની માનવંતી ગણિકા છે, પરંતુ તે અર્દ્ધ લાખ દ્રવ્ય લીધા સિવાય કોઇની સાથે વાતચીત પણ કરતી નથી." ત્યારપછી શ્રીદત્તે અર્દ્ધ લાખ દ્રવ્ય આપીને તે ગણિકાને બોલાવી તેણીને રથની એક બાજુપર તેમજ બીજી બાજુ તરફ પોતાની સ્ત્રી (પેલી કન્યા) ને બેસાડી પોતે વચ્ચમાં બેશી બાગ બગીચાની વિહાર ક્રીડા કરીને પાસેનાં વનમાં એક ચાંપાના વૃક્ષની ઉત્તમ છાયા તળે વિશ્રામ લીધો. તે બન્ને સ્ત્રીઓ સાથે કામકેલિ સ્વચ્છંદ હાસ્ય વિનોદ કરવા માંડે છે, એટલામાં અનેક વાનરીઓના વૃંદ (ટોળાં) ની સાથે કામકેલિમાં રસીક એક વિચક્ષણ વાનરો પોતાની વાનરીઓ સાથે યથેચ્છ કામક્રીડા કરતો જોઇ શ્રીદત્ત તે ગણિકાને બતાવી કહેવા લાગ્યો કે, "હે પ્રિયે! જો! જો! આ વાનર કેવો વિચક્ષણ છે, અને કેટલી સ્ત્રીઓ સાથે કામક્રીડા કરી રહ્યો છે." તેણીએ કહ્યું કે, "એવાં તિર્યંચોની ક્રીડામાં શું આશ્ચર્યજનક છે, અને એમાં એની દક્ષતા (ડહાપણ) શું વખાણવા લાયક છે? એમાં કેટલીક તો એનીજ માતા હશે, તો કેટલીક એની બહેનોજ હશે, તેમ કેટલીક તેની પુત્રીઓ અને પુત્રીની પણ પુત્રીઓ હશે." ગણિકાનું આવું વાક્ય સાંભળીને શ્રીદત્ત ઉચ્ચસ્વરે કહેવા લાગ્યો કે, "જો ખરેખર એમજ હોય તો તેઓ ખચિત અત્યંત નિંદવાજ લાયક ઠરે છે. હાહા! ધિઃકાર! ધિઃકાર!! એ તિર્યંચો એટલા બધા અવિવેકી છે કે જેઓને પોતાની માતા, બહેન, કે પુત્રીનું પણ ભાન નથી? અરે એ એટલા બધા મૂર્ખ છે કે જેઓને કૃત્યાકૃત્યનું ભાન પણ નથી? ત્યારે એવા પાપીઓનો અવતાર કે જન્મ શા કામનો છે?" શ્રીદત્તનાં આવાં વચન સાંભળીને જતાં જતાં પાછો ખચકાઇ જતો હોયની! એમ વાનરીઓની સાથે જતાં પાછો અટકી સિંહાવલોકન (પાછું જોઇને) થી તે વાનર શ્રીદત્તને કહેવા લાગ્યો કે, "અરે! અરે! દુષ્ટ દુરાચારી, પારકાં દૂષણો શોધી કાઢી બોલવામાંજ તું વાચાળ જણાય છે. ડુંગર બળતો દેખે છે, પણ પોતાના પગ તળે બળતું દેખતો નથી. કહ્યું છે કે,

राई सरिसव मित्ताणि, परछिद्दाणि गवेसई ॥
अप्पणो बिल्लमित्ताणि, पासंतो वि न पासई ॥ १ ॥

રાઇ સરસવ જેવાં પારકાં લઘુ છિદ્રો જોવાને મૂર્ખ પ્રાણી યત્ન કરે છે, પણ બીલાંના ફળ જેવાં પોતાનાં મોટાં મોટાં છિદ્રો દેખાતાં છતાં પણ તે દેખતો નથી.

અરે મૂર્ખ, પોતાનીજ માતા અને પુત્રીને બે બાજુપર બેસાડી તેમની સાથે કામક્રીડા કરે છે અને વળી પોતાના મિત્રને પોતેજ સમુદ્રમાં નાંખી દીધો એવો

તું પોતેજ પાપી છતાં અમને નિરપરાધીને કેમ નિંદે છે! ધિઃકાર છે તને!" આમ કહીને ફાળ મારી તે વાનર પોતાની વાનરીઓ સહિત ચાલતો થયો. આ વચનો શ્રીદત્તને છાતીમાં જાણે બાણ વાગ્યું હોયની, તેવાં લાગ્યાં. ત્યારપછી તે પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, એ વાનર એવાં અયોગ્ય વાક્યો કેમ બોલી ગયો? એ કન્યા તો મને સમુદ્રમાંથી મળી આવેલી છે, ત્યારે એ મારી પુત્રી કેમ થાય! તેમજ આ સુવર્ણરેખા ગણિકા મારી જનેતા પણ શી રીતે થઈ શકે? મારી માતા સોમશ્રી તો આનાથી કાંઇક ઉંચી અને શામળી છે. વયના અનુમાનથી કદાપિ આ કન્યા મારી પુત્રી થઇ શકે, પરંતુ આ ગણિકા તો મારી માતા સર્વથા હોયજ નહીં. સંશયસાગરમાં ડૂબેલા તે શ્રીદત્તે ગણિકાને પૂછવાથી તેણીએ ઉત્તર વાળ્યો કે, "તું તો મૂર્ખ દેખાય છે, મેં તો તને આજેજ જોયો છે, અગાઉ કદાપિ તું મારા જોવામાં આવેલ નથી, છતાં પણ આવાં પશુનાં વચનથી શંકાશીલ થાય છે, ત્યારે તું પણ પશુના જેવોજ મુગ્ધ દેખાય છે." ગણિકાનાં વચન સાંભળીને પણ તેના મનનો સંશય દૂર ન થયો; કેમકે, "જ્યાંસુધી પાણીનું ગંભીરપણું (ઉંડાઇ) જાણી શકાય નહીં, ત્યાંસુધી પોતાનું કલ્યાણ ઇચ્છનાર પુરૂષ તેમાં પ્રવેશ કરી શકતો નથી; તેમજ બુદ્ધિવંત પુરૂષ કોઇપણ કાર્યનો સંશય દૂર ન થાય, ત્યાંસુધી તેમાં પ્રવૃત્તિ કરી શકતો નથી." આવી રીતે સંશયમાં ગરક થયેલા શ્રીદત્તે આમ તેમ ફરતાં તેજ વનમાં એક જૈનમુનિને જોઇ નમસ્કાર કરી પૂછ્યું કે, મહારાજ! વાનરે મને જે સંશયરૂપ સમુદ્રમાં નાંખેલો છે, તે તમારા જ્ઞાનથી ટાળી મારો ઉદ્ધાર કરો. મુનિમહારાજે કહ્યું કે, સૂર્યની માફક ભવ્ય પ્રાણીરૂપી પૃથ્વીમાં ઉદ્યોત કરનારા મારા કેવળજ્ઞાની ગુરૂ આ નિકટ (પાસેના) પ્રદેશમાં છે, તેમની પાસે જઇ તું તારા સંશયથી મુક્ત થા. પરંતુ તેમની પાસે જવાનું બની શકે તેમ ન હોય તો હું મારા અવધિજ્ઞાનના બળથી તને કહું છું કે, "જે વાક્ય વાનરે તને કહ્યું છે, તે સર્વજ્ઞની પેઠે સત્ય છે." ત્યારે શ્રીદત્તે પૂછ્યું કે, એમ કેમ બન્યું હશે? મુનિમહારાજે જવાબ દીધો કે, પહેલાં તારી પુત્રીનો સંબંધ તને કહું છું, તે તું સાવધાન થઇને સાંભળઃ–

"તારો પિતા સોમશેઠ પોતાની સ્ત્રી (સોમશ્રી) ને છોડાવવાને અર્થે બળવંતની મદદ માટે પ્રચ્છન્નપણે (છુપી રીતે) જતો હતો, ત્યારે રસ્તામાં સંગ્રામમાં ક્રૂર એવા સમર નામના પલ્લીપતિ (ભીલના રાજા) ને જોઈ તેને સમર્થ જાણી સાડા પાંચ લાખ દ્રવ્ય આપીને પ્રસન્ન કરી ઘણા સૈન્ય સહિત તેને સાથે લઈ શ્રીમંદિરપુર ભણી પાછો આવ્યો. સમુદ્રરૂપ સૈન્ય આવેલું જોઇ તે નગરના લોકો ભયથી ત્રાસ પામી, જેમ સંસારરૂપ કેદખાનામાંથી ખેદ પામીને ભવ્યપ્રાણી મોક્ષે જવાનો ઉદ્યમ કરે તેમ, તેમાંથી મુક્ત થવાને નિરૂપદ્રવ સ્થાન ભણી નાસવા લાગ્યા. તે વખતે તારી સુમુખી મનોહર સ્ત્રી ગંગા મહાનદીના ઉપકંઠે (કાંઠે) આવેલા સિંહપુર નગરને વિષે પોતાની પુત્રી સહિત પોતાના પિતાને ઘેર જઇને રહી. કેમકે, પતિવ્રતા સ્ત્રીઓને પોતાના ભર્તારના વિયોગ વખતે ભાઇ કે પિતા શિવાય બીજો કાંઇ આશ્રય કરવા યોગ્ય નથી, માટે તે પીયેરમાં પોતાના દિવસો ગુજારતી

હતી. એકદા પ્રસ્તાવે આષાઢ માસમાં ધિઃકારવા યોગ્ય દુષ્કર્મના કરવાથી દુરાત્મા વિષયુકત (ઝેરી) સર્પે તારી પુત્રીને ડંસ કર્યો, તેથી ચેતના રહિત બની ગયેલી તે કન્યાને તેની માતા તથા મામા પ્રમુખે ઘણાં પ્રકારનાં ઉપચારો કર્યાં છતાં પણ જેમ વંધ્યા (વાંઝણી) સ્ત્રીને પુત્રપ્રાપ્તિ ન થાય તેમ તે ચેતના ન પામી; ત્યારે તેના મામા પ્રમુખોએ વિચાર કર્યો કે, સર્પદંશિતો દીર્ઘ આયુષ્યવાળા હોય તો પ્રાયે જીવી શકે છે, માટે આને અકસ્માત્ અગ્નિદાહ કરવા કરતાં લીંબપત્ર વચ્ચે વીંટાળીને એક સુંદર પેટીમાં મૂકી ગંગાનદી પ્રવાહમાં તરતી મૂકવી એ શ્રેયસ્કર છે. એમ ધારી તેમણે તેમજ કર્યું, પરંતુ ચોમાસાના દિવસને લીધે અતિશય વરસાદ પડવાથી ગંગાનદીના પૂરે પવન જેમ વહાણને ખેંચી લઇ જાય તેમ કાંઠાના વૃક્ષોની સાથે તે પેટીને સમુદ્રમાં તાણી. તે પેટી તરતી તરતી તારે હાથ આવી. ત્યારપછીનો વૃત્તાંત તો તું જાણે છે, માટે ખરેખર એ તારી પુત્રીજ છે."

હવે તારી માતાનો આશ્ચર્યજનક વૃત્તાંત તું સાવધાન થઇ સાંભળઃ—

"તે સમર નામા પલ્લીપતિના સૈન્યથી જેમ સૂર્યકાંતમણિ પાસે આવવાથી દુઃસહ દાવાનળ (વનનો અગ્નિ) પણ ઝાંખો પડી જાય તેમ, સૂરકાંત રાજા પણ નિસ્તેજ બની ગયો, એટલે તેની સામે યુદ્ધ કરવા સમર્થ ન થઇ શકયો. તેણે પોતાના નગરના દરવાજા બંધ કરીને પર્વત જેટલા ઉંચા ગઢ કીલ્લા સજ્જ કરી જળ, ઈંધણ, ધાન્ય, તૃણાદિકનો નગરમાં સંગ્રહ કરી લઇ ગઢના ઉપર એવા તો શૂરવીર સુભટો આયુધ સહિત ગોઠવી ઉભા રાખ્યા કે, કોઇપણ સાહસીક થઇ ખરેખર નગર સામે હલ્લો કરવા આવી શકે નહીં. જોકે આવી રીતનો સૂરકાંત રાજાએ પોતાના નગરનો જાપતો રાખ્યો છે, તોપણ તે પલ્લીપતિના સુભટો જેમ મહામુનિ મોહરાજાને ભેદવા દાવ તકાસે છે, તેમ તે નગરને ભેદવા દાવ તકાસવા લાગ્યા. યદ્યપિ તે કિલ્લા ઉપર રહેલા સુભટો ઉપરથી બાણનો વર્ષાત વરસાવતા હતા, તોપણ જેમ હાથી અંકુશને ના ગણકારે તેમ, સમરનું સૈન્ય તેને (બાણના વર્ષાતને) તૃણ બરાબર ગણી એકદમ સામા ધસી આવી, જેમ જુનાં માટીનાં વાસણને એક પથ્થર વડે ભાગી નાખે, તેમ તે નગરના મોટા પણ દરવાજાના ભારે લોખંડના ઘણ વડે તત્કાળ ચૂરેચૂરા કરી નદીના પૂરની પેઠે એકદમ નગરમાં પ્રવેશ કરવા લાગ્યું. તે વખતે તારો પિતા સોમશેઠ પોતાની સ્ત્રીને મેળવવાની ઉત્કંઠાને લીધે સૈન્યના અગ્રભાગમાં હોવાથી તેમાં પ્રવેશ કરતાંજ શત્રુસૈન્ય તરફથી આવતાં બાણના પ્રહારથી તત્કાળ મરણ પામ્યો. મનમાં શું ધારેલું હોય, પણ દૈવ કંઇનું કંઈ કરી નાંખે છે. સ્ત્રીને માટે આટલો બધો સમારંભ (ઉદ્યમ) કીધો, પરંતુ તેમાંથી પોતાનુંજ મરણ નિપજ્યું. કથા સંગ્રહમાં ગ્રંથકારકે કહેલું છે કે,

अन्नंगयस्साहियए अन्नंवाहस्समुरगस्स ।
अन्नंसियालहियए अन्नंहियएकयंतस्स ॥ १ ॥

હસ્તિ, પારધી, સર્પ અને શિયાળના મનમાં ચહાય તે વિચાર ધારેલો હોય, પણ યમ કે દૈવ તો પોતાનું ધારેલુંજ કરે છે.

હવે પરદારાગમન કરનાર અને ઘણા ભવનો ભ્રમનાર સૂરકાંત રાજા પણ પોતાનું નગર છોડીને તરતજ કયાંક નાશી ગયો; કેમકે, "પાપે જય" કયાંથી હોય? જેમ પારધીના ત્રાસથી મૃગલી કંપાયમાન થાય, તેમ સુભટોના ભયથી ધ્રુજતી સોમશ્રીને, જેમ સ્મશાનના કૂતરાઓ મૃતક (મડદાં) ને ઝપાટામાં પકડી પાડે તેમ, પલ્લીપતિના સુભટોએ પકડી પાડી. ત્યારપછી સમગ્ર નગરના લોકોને લૂટીને સુભટો પોતાના દેશ ભણી જવાની તૈયારી કરતા હતા, ત્યારે સોમશ્રી પણ તેમના પંજામાંથી લઘુલાઘવી કળાથી છટકી જઇ દૈવયોગથી વનમાં નાશી ગઈ. ત્યાં ભ્રમણ કરતાં નાના પ્રકારનાં વૃક્ષોનાં ફળોનું ભક્ષણ કરવાથી તે થોડા વખતમાં નવયૌવના અને ગૌરાંગી બની ગઇ. ખરેખર મણિમંત્ર ઔષધીઓનો મહિમા કંઇક અચિંત્ય (ન કળાઇ શકે તેવો) છે. હવે કેટલાએક વટેમાર્ગુ વ્યાપારીઓ તે માર્ગથી જતા હતા, તેમણે સોમશ્રીને જોઇ આશ્ચર્ય પામીને પૂછયું કે, તું દેવાંગના, નાગ કન્યા, જળદેવી કે સ્થળ દેવી, કે કોણ છે? કેમકે, મનુષ્ય પ્રાણીમાં તો તારા જેવી મનોહર સૌંદર્યવાન કન્યા તો કોઇ હોયજ નહીં! ત્યારે તેણીએ ગળગળિત થઇને જવાબ આપ્યો કે, હું દેવાંગના કે નાગકન્યા નથી, પણ હે વિચક્ષણો, હું તો મનુષ્ય પ્રાણી છું. દૈવજ મારાપર કોપાયમાન થયો છે, કારણકે મારા રૂપેજ મને આ દુઃખરૂપ કુપમાં ઉતારી છે. ખરેખર! ગુણ છે તે પણ કોઈક વખતે દોષરૂપ થઇ પડે છે. આવાં તેણીનાં કરૂણાજનક વચનો સાંભળીને તે વ્યાપારીઓએ કહ્યું કે, જ્યારે તું આવી રૂપસ્વી છતાં દુઃખી છે, ત્યારે અમારી સાથે સુખેથી દિવસો નિર્ગમન કર. તેણીએ તેમની સાથે ઘણી ખુશીની સાથે રહેવાનું કબુલ કર્યા પછી તેઓ તેણીને ઘણાજ યત્નથી રત્નની પેઠે સાચવતાં સાથે લઇ પોતાના ધારેલા ગામ ભણી જવા નીકળ્યા.

વાટે ચાલતાં તેણીના રૂપ, લાવણ્યતાદિક ગુણોથી રંજિત થયેલા તેઓ તેણીને પોતાની સ્ત્રી કરવાની અભિલાષા કરવા લાગ્યા; કેમકે, ભક્ષણ કરવા લાયક પદાર્થને દેખીને કયો ભૂખ્યો માણુસ ભક્ષણ કરવાની વાંચ્છા ન કરે? દરેક જણ તેણીના ઉપર મનમાં ને મનમાં અભિલાષા કરતાં કરતાં સુવર્ણકુલ નામના બંદરે આવી પહોંચ્યા. તે બંદર વ્યાપારનું ખરેખરૂં મથક હોવાથી તેઓ માલ લેવા વેચવાના કામમાં ગુંથાઇ ગયા; કેમકે, તેઓ એટલાજ માટે ત્યાં અતિશય પ્રયાસ કરી આવ્યા હતા. જે માલ સારો ને સોંઘો મળવા લાગ્યો તે લેવાને તેઓ એકદમ મંડી પડ્યા. વ્યાપારીઓની એજ રીતિ છે કે, જે સસ્તુ મળે તેના ઉપર ઘણાની રૂચિ ઉત્પન્ન થાય છે. પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્ય પ્રમાણે જેની પાસે જેટલું ધન હતું, તે સર્વ માલ ખરીદ કરતાં ખૂટી જવાથી તેમણે વિચાર કર્યો કે, માલ તો હજુ ઘણો લેવાનો બાકી છે, ને ધન તો ખૂટી ગયું, માટે તેનું કેમ કરવું? છેવટે તેઓ એવા નિશ્ચેપર આવ્યા કે, આ સોમશ્રીને કોઇક ગણિકાને ઘેર વેચી તેણીનું જે દ્રવ્ય આવે તે વહેંચી લઇએ. લોભ એ કોઇક અલૌકીક વસ્તુ છે, કે જેને વશ પ્રાણી તત્કાળ થઇ જાય છે. પછી તેમણે તે નગરમાં રહેનારી વિભ્રવતી નામની ગણિકાને ઘેર સોમશ્રીને એક લાખ દ્રવ્ય લઇ વેચી નાંખી. તેઓ તે ધનનો માલ

લઇ હર્ષભર પોતાના સ્વદેશ ગયા. હવે આ સોમશ્રીનું નામ તે ગણિકાએ બદલાવી બીજું નામ સુવર્ણરેખા પાડયું છે, કેમકે, સ્ત્રીઓ એક ઘેરથી બીજે ઘેર જાય તો ત્યાં તેનું બીજું નામ પ્રાયે પાડવામાં આવે છે. પોતાની કળા શિખવવામાં નિપુણ એવી તે વિભ્રવતી ગણિકાએ સુવર્ણરેખાને થોડા વખતમાં ગીત, નૃત્ય, હાવભાવ, કટાક્ષવિક્ષેપાદિક અનેક કળાઓ શિખવી દીધી; કેમકે, ગણિકાઓનાં ઘરમાં કે હાટ (દુકાન)માં તેનાજ રસીયા લોકો આવે છે. જેમ ગણિકાના ઘરમાં જન્મેલીને નાનપણમાં તેવાજ સંસ્કાર થયેલા હોવાથી તે પ્રથમથીજ કુટિલ વિગેરે હોય છે, તેમ નહીં છતાં પણ આ સુવર્ણરેખા થોડાજ વખતમાં તેવીજ હોયની શું! એવી બની ગઇ. કેમકે, પાણીમાં જે વસ્તુ મેળવીએ તે તદ્રૂપજ બની જાય છે. ધિઃકાર છે એવી કુસંગતિને! કે જેથી સોમશ્રી તેજ ભવમાં પણ દુષ્ટ દૈવના યોગથી ખરેખરા ગણિકાના વ્યવહારવાળી બની ગઇ. તે એવી તો કળાકુશળ નીવડી કે, રાજાએ તેણીનાં ગીત નૃત્યાદિક કળાથી અત્યંત પ્રસન્ન થઇ તેણીને બહુ સત્કારપૂર્વક પોતાની માનવંતી ચામર વીંઝનારી કરી રાખી.

મુનિ મહારાજ શ્રીદત્તને કહે છે કે, હે શ્રીદત્ત! એજ તારી માતા છે, કે જે ભવાંતરનેજ પામી હોયની શું? એવી આકાર, રૂપ, રંગ વિગેરે સર્વે પ્રકારને લીધે જુદી જણાય છે, પણ તેતો સર્વ ઔષધીઓનો અચિંત્ય મહિમા છે, એમાં કાંઇ સંશય ન રાખીશ. વળી તને તો તે ખરેખર ઓળખે છે, પણ લજ્જા અને લોભને લીધે તેણીએ તે વિષેની તને જાણ કરી નથી. અહો આશ્ચર્ય! આ જગત્‌માં લોભરાજાનું પણ ખરેખરૂં બળ પ્રબળ વર્તે છે, કારણ કે, પ્રાણીઓના હૃદયમાં વસીને તે વખતોવખત ખરેખર એક છત્રીરાજ કરાવ્યા કરે છે.

ખરેખર ધિઃકારવા યોગ્ય છે ગણિકાઓનો વહેવાર કે જેમાં મીઠાં કૃત્યની કંઇપણ મર્યાદા નથી. વળી તેમાં એવો લોભ છે કે, પોતાના પુત્રની સાથે કુકર્મ કરવા કાંઇપણ શરમાતી નથી. અહર્નિશ નિંદવા યોગ્ય અને તજવા યોગ્ય કરણીઓ કરતાં પણ વિશેષ તજવા યોગ્ય વારાંગનાઓ છે, એમ પંડિત પુરૂષોએ તેમનાં દુરાચારણ દેખાડીને તેણીઓને અયોગ્ય અને અમર્યાદવાળી જણાવેલી છે.”

આવાં મુનિનાં વાકયો સાંભળીને ખરેખર ખેદ યુક્ત વિસ્મય પામીને શ્રીદત્ત પૂછવા લાગ્યો કે, હે ત્રિકાળજ્ઞાની મહારાજ! આ વાનર કોણ હતો અને એને શું જ્ઞાન હતું, કે જેથી તેણે આ મારી પુત્રી અને માતાને જાણી મારી હાંસી કરીને પણ સદ્દવક્તાની પેઠે વાકયો બોલી ગયો? કે જે ખરેખર ઉપકારીની પેઠે મને અંધ કુપમાં પડતાને બચાવનાર થયો. વળી એને મનુષ્યવાચા કયાંથી? મુનિ મહારાજે જવાબ વાળ્યો કે, હે ભવ્ય શ્રીદત્ત! સાંભળ.

“સોમશ્રીમાં એકાગ્ર ચિત્ત થયેલું છે જેનું એવો તારો પિતા શ્રીમંદિર નગરમાં પ્રવેશ કરતાં શત્રુના બાણના પ્રહારથી મરણ પામીને તત્કાળ ત્યાંજ વ્યંતરીક દેવપણે ઉત્પન્ન થયો. તે વનમાં ભ્રમરની પેઠે ફરતાં ફરતાં અહિંયાં આવ્યો હતો. તેણે તને જોઇ વિભંગજ્ઞાનથી ઓળખીને કુકર્મમાં ગરક થયેલા તને ભવાંતર થયો હતો, તોપણ પોતાના પુત્ર ઉપર પિતા સદા હિતકારક હોય, માટે તારો

ઉદ્ધાર કરવાની ઇચ્છાથી તે કોઇક વાનરમાં અધિષ્ઠિત થઇ તને આ દેખાવ દેખાડી બોધ કરી જતો રહ્યો છે, પરંતુ આ તારી માતા સોમશ્રી ઉપર એને પૂર્વભવનો ઘાડો પ્રેમ હોવાથી હમણાંજ એ અત્રે આવી તારી સમક્ષ તેણીને સ્કંધપર બેસાડી કયાંક પણ લઇ જશે.”

આ વાક્ય મુનિરાજ બોલી રહ્યા કે તરતજ તેજ વાનર ત્યાં આવી જેમ સિંહ અંબિકાને પોતાના સ્કંધપર ચડાવી લઇ જાય, તેમ તેણીને સ્કંધ ઉપર બેસાડી ચાલતો થયો. અહો ઇતિ આશ્ચર્ય! મોહરાજાનું કર્ત્તવ્ય કેવું છે! આ નજરોનજર જોઇને, અહો સંસારની વિટંબના! એમ ખેદયુકત બોલતો અને માથું ધુણાવતો શ્રીદત્ત ત્યાંથી મુનિને નમસ્કારાદિ કરીને પોતાની પુત્રીને સાથે લઇ નગરમાં ગયો. ત્યારબાદ સુવર્ણરેખાની અક્કા (વિભ્રવતી ગણિકા) એ દાસીઓને પૂછયું કે, આજે સુવર્ણરેખા કયાં ગઇ છે? દાસીઓએ ઉત્તર આપ્યો કે, શ્રીદત્ત શેઠ અર્ધલાખ દ્રવ્ય આપી સુવર્ણરેખાને સાથે લઇ બાગ બગીચામાં ફરવા ગયા છે. પછી અક્કાએ સુવર્ણરેખાને બોલાવવા માટે શ્રીદત્તને ઘેર દાસી મોકલી. તે શ્રીદત્તની દુકાનપર જઇ તેને પૂછવા લાગી કે, અમારી બાઇ સુવર્ણરેખા કયાં છે? તેણે કહ્યું કે, અમે શું તમારા ચાકર છીએ, કે તેની તપાસ રાખીએ! કોણ જાણે કયાં ગઇ હશે! આ વચનો સાંભળીને દીપના ભંડાર જેવી દાસીએ જઇ અક્કાને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો, કે જેથી તે સાક્ષાત્ રાક્ષસીની માફક ક્રોધાયમાન થઇ રાજા પાસે જઇ ખેદ યુકત પોકાર કરવા લાગી. રાજાએ પૂછયું કે, તું શા માટે ખેદકારક પોકાર કરે છે? તેણીએ જવાબ આપ્યો કે, ચોરમાં શિરોમણી શ્રીદત્તે સુવર્ણ પુરૂષના જેવી સુવર્ણરેખાને ચોરી લીધી છે. રાજા વિચારવા લાગ્યો કે, જેમ ઉંટની ચોરી છાની રહે નહીં, તેમ અક્કિકાની ચોરી પણ બીલકુલ છુપાવી છુપેજ નહીં! પછી રાજાએ શ્રીદત્તને બોલાવી પૂછયું, ત્યારે તે પણ કાંઇ ખરેખરો ઉત્તર ન દેતાં ગુંચવાડામાં પડ્યો. કહ્યું છે કે,

असंभाव्यं न वक्तव्यं प्रत्यक्षं यदि दृश्यते ।
यथा वानरसंगीतं यथा तरती साशिला ॥ १ ॥

“વાનર તાલ સુર સાથે સંગીત ગાય છે અને પથ્થરની શિલા પાણીમાં તરે છે, તેના જેવું અસંભવિત (કોઇને વિશ્વાસ ન આવે તેવું) વાકય પ્રત્યક્ષ ખરૂં દેખાતું હોય તોપણ નજ બોલવું.”

ખરેખરો ઉત્તર શ્રીદત્ત આપતો નથી, માટે આમાં કાંઇપણ કાવતરૂં હોવુંજ જોઇએ, એવું મનમાં વિચારીને રાજાએ જેમ પરમાધામી પાપીને નરકમાં નાંખે તેમ, તેને કારાગાર (કેદ)માં પૂર્યો, એટલુંજ નહીં પણ ક્રોધાયમાન થયેલા રાજાએ તેની માલ મિલકત જપ્ત કરવા ઉપરાંત તેની પુત્રી, દાસ, દાસી પ્રમુખને પોતાના સ્વાધીન કરી લીધા; કેમકે, જેના ઉપર દૈવનો કોપ થયો, તેની ઉપર રાજાની કૃપા પણ કયાંથી હોય! નરકાવાસ સમાન કારાગારના દુઃખ ભોગવતાં શ્રીદત્તે વિચાર કર્યો કે, જ્યારે મેં ખરેખરો વૃત્તાંત રાજાને જાહેર કર્યો નહીં, ત્યારેજ મારાપર

તેના ક્રોધરૂપ અગ્નિનો દુઃખરૂપ વરસાદ વરસી રહ્યો છે; પરંતુ જો હું ખરેખરી હકીકત તેને નિવેદન કરૂં તો તેનો ક્રોધાગ્નિ સમી જઇ મને કારાગાર દુઃખમાંથી મુકત કરશે. આમ ધારીને તેણે કોટવાળ મારફત રાજાને કહેવરાવ્યું કે, હું મારી ખરેખરી બીના જણાવવા માગું છું. રાજાએ તેને બોલાવી પૂછયું, ત્યારે તેણે સર્વ હકીકત જેમ બની હતી તેમ કહી, અને છેવટમાં જણાવ્યું કે, સુવર્ણરેખાને વાનર તેના સ્કંધપર ચઢાવીને લઇ ગયો છે. આ વાત સાંભળીને સભાના લોકો વિસ્મય પામી ખડખડ હસી પડી કહેવા લાગ્યા કે, જુઓ, જુઓ! આ કપટીની સત્યતા! કેવી ચાલાકીથી પોતે છટકી જવા માંગે છે? રાજાએ પણ ક્રોધાયમાન થઇ તેનો વધ કરવાને કોટવાળને તત્કાળ આજ્ઞા કરી દીધી; કેમકે, મોટા પુરૂષોનો રોષ અને તોષ (મેહેરબાની) તત્કાળ ફળ આપનારજ હોય છે. જેમ કસાઇ બકરાંને વધસ્થાને લઇ જાય તેમ કોટવાળના દુષ્ટ સુભટો શ્રીદત્તને વધસ્થાને લઇ જાય છે તે વખતે તે વિચારવા લાગ્યો કે, માતા અને પુત્રીની સાથે સંયોગ કરવાની ઇચ્છાથી તેમજ મિત્રનો વધ કરવાથી ઉત્પન્ન થયેલાં પાપનુંજ આ ફળ મને મળે છે, માટે ધિઃકાર છે મારા દુષ્કર્મને! વળી આ પણ આશ્ચર્ય છે કે, સત્ય બોલવાથી પણ અસત્યના જેવું ફળ મળે છે, પરંતુ વિચાર કરતાં એમ માલમ પડે છે કે, કર્મે જેનાપર સમુદ્રની પેઠે ઉછાળો માર્યો તેને રોકવાને કોણ સમર્થ છે? કહ્યું છે કે,

घारिज्जइ जइजल निहीवि, कल्लोलभिन्नकुलसेलो।
नहुअण्ण जम्मणिम्मिअ, सुहासुहो दिव्व परिणामो ॥ १ ॥

જેના કલ્લોલથી પર્વતોના મોટા પાષાણો પણ ભાંગી જાય એવા સમુદ્રને પણ સામો આવતાં પાછો વાળી શકાય, પણ પૂર્વભવમાં ઉપાર્જન કરેલા શુભાશુભ (સારાં અને નરસાં) કર્મોનો દૈવિક પરિણામ દૂર કરવા કોઇ સમર્થ થઇ શકતું નથી.

આવા અવસરના પ્રસ્તાવે શ્રીદત્તના પુણ્યથીજ જાણે ખેંચાયા આવતા હોયની? એમ દેશોદેશ વિહાર કરતા મુનિચંદ્ર નામના કેવલી મહારાજ ઘણા મુનિઓના પરિવારે પરિવર્યા થકા તે નગરીને પવિત્ર કરવા આવ્યા હોયની! તેમ તેજ ઉદ્યાનમાં આવી સમોસર્યા. ઉદ્યાનપાલકે રાજાને તે વિષે વધામણી આપવાથી તે પોતાના પરિવાર સહિત કેવલી સન્મુખ આવી વંદન કરીને બેઠા પછી જેમ ભૂખ્યો માણસ ભોજનની વાંચ્છા કરે તેમ, તે દેશનાની યાચના કરવા લાગ્યો. જગદ્બંધુ કેવલી મહારાજે કહ્યું કે, જે પુરૂષમાં ધર્મ કે ન્યાય નથી તે અન્યાયીને, વાંદરાની ડોકમાં જેમ રત્નની માળા શોભે નહીં તેમ, દેશના શા કામની? ચકિત થઈ રાજાએ પૂછયું કે, "મને અન્યાયી કેમ કહો છો?" કેવલી મહારાજે ઉત્તર આપ્યો કે, "સત્યવકતા શ્રીદત્તનો વધ કરવાની આજ્ઞા આપી માટે." આ વચન સાંભળીને લજ્જિત થયેલા રાજાએ આદરમાનથી તેને (શ્રીદત્તને) પોતાની પાસે બેસાડીને પૂછયું કે, તું તારી ખરેખરી હકીકત જાહેર કર. તે પોતાની સાચી બીના કહેવા માંડે છે, તેટલામાં સુવર્ણરેખા જેના પીઠપર બેઠેલી છે એવો તેજ વાનર ત્યાં આવી તેણીને નીચે ઉતારી કેવલી ભગવાનને નમસ્કારાદિ કરી સભા વચ્ચે બેસવાથી, સર્વ લોકો તેને જોઇ આશ્ચર્ય પામીને

પ્રશંસા કરી બોલવા લાગ્યા કે, ખરેખર શ્રીદત્ત સત્યવાદી છે. અહિંમાં આ સર્વ વૃત્તાંતમાં જે જે સંશયો જેને રહ્યા હતા, તે તે કેવલી મહારાજને પૂછીને દૂર (નિઃસંશય) કર્યા. આ સમયે સરળ પરિણામી શ્રીદત્ત તેમને (કેવલી ભગવાનને) વંદન કરી પૂછવા લાગ્યો કે, હે જગદ્બંધુ! મારી પુત્રી અને માતા ઉપર મને સ્નેહરાગ કેમ ઉત્પન્ન થયો તે કૃપા કરી કહેશો. તેમણે કહ્યું કે, પૂર્વભવનો વૃત્તાંત સાંભળવાથી સર્વ તને સ્પષ્ટપણે સમજવામાં આવશે.

પંચાળ દેશના કંપીલપુર નામના નગરમાં અગ્નિશર્મા બ્રાહ્મણને ચૈત્ર નામનો પુત્ર હતો. મહાદેવની પેઠે તેને (ચૈત્રને) ગૌરી અને ગંગા નામની બે સ્ત્રીઓ હતી. હમેશાં બ્રાહ્મણોને ભિક્ષા વિશેષ વ્હાલી હોય છે, માટે એકદા ચૈત્ર પોતાના મૈત્ર નામના બ્રાહ્મણ મિત્રની સાથે કોકણ દેશમાં ભિક્ષા માગવા ગયો. ત્યાં ઘણાં ગામડાંઓ ફરી ઘણું ધન ઉપાર્જન કરી તે બન્ને જણ સ્વદેશ ભણી આવવા નિકળ્યા. રસ્તામાં લક્ષ્મીથી લોભાઇ માઠા પરિણામથી એક વખત ચૈત્રને સૂતો જોઇ મૈત્ર વિચાર કરવા લાગ્યો કે, આને મારી નાંખીને હમણાંજ હું સર્વ ધન લઇ લઉં તો ઠીક થાય. આમ ધારીને તેનો વધ કરવા તે ઉઠ્યો; કેમકે, જે અર્થ (દ્રવ્ય) છે, તે અનર્થનુંજ મૂળ છે. જેમ દુષ્ટ વાયુ મેઘનો નાશ કરે છે તેમ લોભી પુરૂષ તત્કાળ વિવેક, સત્ય, સંતોષ, લજ્જા, પ્રેમ, કૃપા, દાક્ષિણ્યતા પ્રમુખનો ધ્વંસ (નાશ) કરે છે. વળી તેજ વખતે દૈવયોગે તેના હૃદયમાં વિવેકરૂપ સૂર્યોદય થવાથી લોભરૂપી અંધકારનો નાશ થતાં તે (મૈત્ર) સ્વગત વિચારવા લાગ્યો કે, ધિઃકાર છે, ધિઃકાર છે મને, કે જે મારા ઉપર સંપૂર્ણ ખરો વિશ્વાસ રાખનાર છે તેને વિષે આવો અત્યંત નિંદનીય અને દુષ્ટ સંકલ્પ કીધો! માટે મને તેમજ મારા દુષ્કૃત્યને ધિઃકાર છે. એવી રીતે કેટલીક વાર સુધી પશ્ચાતાપ કર્યા પછી તેણે પોતાના ઘાતકીપણાની ધારણા ફેરવી નાંખી. કહ્યું છે કે, "જેમ જેમ ખરજ (વલુર–ચુંટ) ખણીએ તેમ તેમ તે વૃદ્ધિજ પામતી જાય; તેમજ જેમ જેમ લાભ મળતો જાય તેમ તેમ લોભ પણ વૃદ્ધિજ પામતો જાય છે." ત્યારપછી વળી બન્ને જણના મનમાં કેટલીક વખત ઘાતકીપણું પ્રગટ થાય ને વળી વિરામ પામી જાય. એવા વિચારમાં ને વિચારમાં કેટલાક દિવસ સુધી તેઓ કેટલીક પૃથ્વી ભમ્યા. વળી કહ્યું છે કે, "અતિ લોભ એજ ખરેખર આલોકમાં પણ કષ્ટકારીજ છે." એમ અતિ લોભમાં અંધ થયેલા તે બન્ને જણા છેવટે વળી વૈતરણીજ હોયની! એવી તૃષ્ણારૂપી નદીના પૂરમાં તણાવા લાગ્યા. જોકે પહેલાં લોભના પૂરમાં તણાયેલા હતા અને પાછળથી તૃષ્ણાપૂરમાં સપડાયા તેથી તે બન્ને જણ પોતાના સ્વદેશ ભણી તો કોઇપણ પ્રકારે જઇ શકયા નહીં. તેઓ તૃષ્ણાના આર્તધ્યાનને લીધે પરદેશમાંજ મૃત્યુ પામી તિર્યંચમાં કેટલાક ભવ સુધી ભમ્યા. પછી છેવટે તમે બન્ને જણ શ્રીદત્ત અને શંખદત્ત ઉત્પન્ન થયા, એટલે મૈત્ર શંખદત્ત અને ચૈત્ર તું (શ્રીદત્ત) થયો. પૂર્વભવના મૈત્રે તને પહેલો મારી નાંખવાનો સંકલ્પ કરેલ હોવાથી તેં આ ભવમાં શંખદત્તને પ્રથમથીજ સમુદ્રમાં ફેંકી દીધો. જેણે જેવા પ્રકારનું કર્મ કીધું હોય છે, તેને તેવાજ પ્રકારનું કર્મ ભોગવવું પડે છે, એટલુંજ નહીં પણ દેવા યોગ્ય દેવું હોય તે જેમ વ્યાજ

સહિત આગવું પડે છે તેમ તેનાં સુખ કે દુઃખ તેથી વધારે ભોગવવાં પડે છે. તારી પૂર્વભવની ગંગા અને ગૌરી નામની બે સ્ત્રીઓ તારા મરણ પછી તારા વિયોગને લીધે વૈરાગ્ય પામી એવી તો તાપસણીઓ થઈ કે, મહિના મહિનાના ઉપવાસ કરીને પારણાં કરતી હતી; કેમકે, કુળવંતી સ્ત્રીઓનો તો ખરેખર એજ આચાર છે કે, વિધવાપણું પામ્યા પછી ધર્મનોજ આશ્રય કરે, કારણકે તેથી તેમના આભવ અને પરભવ એમ બન્ને ભવ સુધરે છે; અને તેમ જો ન કરે તો તેમને બન્ને ભવમાં દુઃખની પ્રાપ્તિ થાય છે. તે બન્ને તાપસણીઓમાંથી ગૌરીને એક દિવસે મધ્યાન સમયે આકરી પાણીની તૃષા લાગવાથી તેણીએ પોતાની કામ કરનારી દાસી પાસે પાણી માંગ્યું, પરંતુ મધ્યાન સમય હોવાથી નિદ્રાવસ્થાને લીધે લોચન મીંચાઈ ગયાં છે જેના એવી તે દાસી આલસ્યમાં પડી રહી, પણ તેને ઉત્તર કે પાણી દુર્વિનયીની પેઠે ન આપી શકી. તપસ્વી, વ્યાધિવંત (રોગી), ક્ષુધાવંત (ભૂખ્યો), તૃષાવંત (તરસ્યો) અને દરિદ્રી એટલા જણને પ્રાયે ક્રોધ અધિક હોય છે, તેથી તે દાસીપર ગૌરી એકદમ કોપાયમાન થઈ તેણીને કહેવા લાગી કે, "શું તને કાળા સર્પે ખાધી (કરડી) છે, કે તું મુડદાંની પેઠે પડી રહીને પાણી કે જવાબ પણ આપતી નથી?" ત્યારે તેણીએ તત્કાળ ઉઠીને મીઠાં વચન બોલી પ્રસન્નતાપૂર્વક પાણી લાવી આપીને માફ માંગી. પરંતુ ગૌરીએ તેને દુર્વચન કહેવાથી મહાદુષ્ટ (નિકાચિત) કર્મ બાંધ્યું; કેમકે, હાસ્યથી પણ જો કોઈને દુર્વચન કહેલું હોય તો તેથી પણ ખરેખર દુષ્ટ કર્મ ભોગવવું પડે છે, તો પછી ક્રોધાવેશમાં બોલેલું હોય તેનું તો કહેવુંજ શું? વળી ગંગા તાપસણી પણ એક દિવસ પોતાને કામ પડવા છતાં દાસી બહાર ગયેલી હોવાથી તે કામ પોતાને હાથે કરવું પડ્યાથી પછી જ્યારે દાસી આવી ત્યારે તેને ક્રોધાયમાન થઇ કહેવા લાગી કે, "શું તને કોઇએ કેદખાનામાં ઘાલી હતી, કે કામ વખતે પણ હાજર ન રહી શકી?" આમ કહેવાથી ગૌરીની ઈર્ષાથીજ જાણે એણે પણ નિકાચિત કર્મ બાંધ્યું હોયની! એમ ગંગાએ પણ મહા અનિષ્ટ કર્મ બાંધ્યું. એક સમયે કોઇક ગણિકાને કામી પુરૂષની સાથે વિલાસ (કામભોગ) કરતી દેખીને ગંગા પોતાના મનમાં વિચાર કરવા લાગી કે, "ધન્ય છે આ ગણિકાને, કે જે અત્યંત પ્રશંસનીય કામી પુરૂષોની સાથે નિરંતર ભોગવિલાસ કરે છે! ભ્રમરના સેવવાથી જાણે માલતી કેમ શોભનીક દેખાતી હોય! એમ કેવી આ ગણિકા શોભી રહી છે, અને હું તો કેવી નિર્ભાગિણીમાં પણ નિર્ભાગિણી છું! ધિઃકાર છે કે મને, પોતાના ભર્તારથી પણ સંપૂર્ણ સુખ ભોગવી શકી નહીં! અને છેવટે વિધવા બનીને આવી વિયોગાવસ્થા ભોગવું છું." આવાં દુર્ધ્યાનથી તે દુર્બુદ્ધિ ગંગાએ, જેમ વર્ષાઋતુમાં લોખંડ મલીનતાને પામે* તેમ, દુષ્ટ કર્મ બાંધ્યું. અનુક્રમે તે બન્ને સ્ત્રીઓ મરણ પામીને જ્યોતિષી દેવતાના વિમાનમાં દેવીઓપણે ઉત્પન્ન થઈ. ત્યાંથી ચવીને ગૌરી તારી પુત્રી અને ગંગા તારી માતાપણે ઉત્પન્ન થયાં. ગૌરીએ પૂર્વભવમાં દાસીને દુર્વચન કહેલુ હતું તેથી તે આ ભવમાં થએલી તારી પુત્રીને સર્પનો ઉપદ્રવ થયો, અને પૂર્વભવમાં ગંગાએ

---

* મલીનતાને પામે–કાટ વળી જાય.

દુર્વચન કહેલ હતું, તેથી તે પલ્લીપતિના કબજામાં કેટલાક દિવસ સુધી કેદખાનામાં રહી તથા ગણિકાની પ્રશંસા કરી હતી તેથી આ ભવમાં તારી માતા છતાં ગણિકાપણું પામી; કેમકે, કર્મને શું અસંભવિત છે? કર્મ ધારે તે કરી શકે છે. આશ્ચર્ય છે કે, વચન કે મનથી બાંધેલું કર્મ આલોચ્યું (વોસરાવ્યું-ખમાવ્યું) ન હોય તો ભવાંતરમાં કાયાથી ખચ્ચિત ભોગવવું પડે છે. તારી પુત્રી અને માતા પૂર્વભવમાં તારી સ્ત્રીઓ હતી અને તેણીઓના પર તને ઘણો પ્રેમ હતો, તેથી આ ભવમાં પણ તેણીઓને ભોગવવાની તેં મનથી વાંચ્છા કરી. કેમકે, પૂર્વભવમાં જે પાપારંભ સંબંધી સંસ્કાર હોય, તેજ સંસ્કાર ભવાંતરમાં પણ તેને ઘણું કરીને ઉદય આવે છે, પરંતુ આ વિષયમાં વધારે એટલું સમજવાનું છે કે, ધર્મ સંબંધી સંસ્કારો મંદ પરિણામથી થયેલા હોય તો તે કોઇકને ઉદય આવે ને કોઇકને ન પણ આવે, અને તીવ્ર પરિણામથી થયેલા સંસ્કારો તો ભવાંતરમાં સાથે આવેજ છે. આવાં કેવલી મહારાજનાં વચન સાંભળીને સંસાર ઉપર ખેદ અને વૈરાગ્ય પામેલા શ્રીદત્તે તેમને વિનંતી કરી કે, હે જગન્નિસ્તારક, જે સંસારમાં આવી દુર્ઘટ કર્મ વિટંબનાઓ વારંવાર ભોગવવી પડે છે, ત્યારે તેવા સ્મશાનરૂપ સંસારને વિષે કયો વિચક્ષણ પુરૂષ પ્રાયે સુખ પામે! માટે હે જગદુદ્ધારક, સંસારરૂપી અંધ કુપમાં પડતા એવા મને ઉદ્ધરવાના ઉદ્યમરૂપ કાંઇ ઉપાય બતાવો. ત્યારે કેવલી ભગવાને કહ્યું કે, પારાવાર એવી સંસારરૂપ અટવીનો પાર પામવાની તારી ઇચ્છા હોય તો એક મોટા બળવંત ચારિત્રરૂપ સૈન્યનો આશ્રય કર. ત્યારે તેણે કહ્યું કે, હે મહારાજ, તમે જે કહો છો, તે મને ખરેખર પ્રિય છે, પરંતુ આ કન્યા કોને આપવી? કેમકે, સંસાર સમુદ્રથી તરવાની ઉત્કંઠાવાળા મને આ કન્યાની ચિંતારૂપ પાષાણની શિલા કંઠે વળગી છે. જ્ઞાની બોલ્યા કે, તારી પુત્રી માટે તું જે ચિંતા કરે છે તે નિરર્થક છે; કેમકે, તારો મિત્ર શંખદત્તજ તારી પુત્રીને પરણનાર છે. ત્યારે ખેદ પામતો ગદ્ગદિત કંઠે ચક્ષુઓમાંથી અશ્રુની ધારા પડતે શ્રીદત્ત કહેવા લાગ્યો કે, હે જગદ્બંધુ, મેં દુષ્ટ, નિર્દયી અને મહાપાપીએ શંખદત્તને સમુદ્રમાં ફેંકી દીધો છે, તો હવે તેને મળવાની શી આશા! જ્ઞાનીએ કહ્યું કે, હે ભદ્ર, આમ તું ખેદ માં કર. બહુમાનથી તેં બોલાવ્યોજ હોયની! એમ તે તારો મિત્ર હમણાંજ અહિં આવશે. આવી વાત સાંભળી તે આશ્ચર્યપૂર્વક વિચાર કરે છે, એટલામાં તો શંખદત્ત ત્યાં તત્કાળ આવ્યો અને શ્રીદત્તને દેખતાંજ વિકાળ વદને ક્રોધાયમાન થતો યમરાજાની પેઠે તેને મારવા દોડ્યો. પરંતુ રાજા પ્રમુખની મોટી સભા જોઇને તેનાં નેત્ર ક્ષોભાયમાન થવાથી તે જરા અચકયો, કે તરતજ તેને કેવળી મહારાજ કહેવા લાગ્યા કે, હે શંખદત્ત, આ ક્રોધાગ્નિની તીવ્રતા પરનાં હૃદયને બાળે છે, તો પોતાનાં હૃદયને બાળે તેમાં શી નવાઇ? માટે તું એવા ક્રોધને દૂર કર, દૂર કર. ક્રોધી પુરૂષ ચંડાળના જેવો ગણાય છે, અને ચંડાળ સર્વ પ્રાણીઓને સ્પર્શ કરવા યોગ્ય નથી. લૌકીક શાસ્ત્રમાં પણ એમ જણાવેલું છે કે, જો જાતિ ચંડાળ ગંગામાં સ્નાન કરે તો તે કાંઇક પવિત્ર થાય, પણ કર્મ ચંડાળ તો બીલકુલ પવિત્ર થઇ શકતો નથી. જેમ જાંગુલી વિદ્યાના પ્રભાવથી સર્પનું ઝેર તત્કાળ ઉતરી જાય છે, તેમ કેવળી મહારા-

જની આવી તત્વ સંબંધી વાણી સાંભળીને તેનો (શંખદત્ત) ક્રોધ તરતજ શમી ગયો. ત્યાર પછી શ્રીદત્તે, શંખદત્તના મનને જાણે સ્નેહપૂર્વક ખેંચતો હોયની! તેમ તેને હાથે ઝાલીને પોતાની પાસે બેસાડયો.

ત્યારબાદ જ્ઞાનમાં શ્રેષ્ઠ એવા તે મુનિને શ્રીદત્તે પૂછયું કે, હે પૂજ્ય, આ શંખદત્ત સમુદ્રમાં પડ્યા પછી કેવી રીતે નીકળીને અહિંયાં આવ્યો? તે કૃપા કરી કહેશો. મુનિમાં શ્રેષ્ઠ જ્ઞાની ગુરૂએ તેના ઉત્તરમાં જણાવ્યું કે, આ શંખદત્ત સમુદ્રમાં પડયો કે તરતજ જેમ ક્ષુધાતુરને ખાવાનાં ફળ મળે તેમ એને હાથ એક પાટીયું આવ્યું; કેમકે, જેની આયુષ્યરૂપ દોરી ત્રૂટી નથી તેને આવો અકસ્માત્ મૃત્યુ કેમ થાય? અનુકુળ પવનની પ્રેરણાથી સમુદ્રમાં તરતો તરતો, જેમ અનુભવી કાબેલ વૈદ્યના બતાવેલા ઉપાય પ્રમાણે વર્તવાથી રોગ મટી જાય છે તેમ, તે સાતમે દીવસે સમુદ્રનો પાર પામી કાંઠે આવ્યો. ત્યાં નજીક સારસ્વત નામના ગામમાં આવી વિશ્રામ લેવાની તૈયારી કરે છે, તેટલામાં સમુદ્રના પાણીથી કાળું અને ઝાંખું પડી ગયું છે શરીર જેનું એવા તે શંખદત્તને પોતાનો સ્નેહવંત સંવર નામનો મામો મળ્યો ને તેને ઓળખવાથી તરતજ પોતાના ઘેર લઇ ગયો અને ખાનપાન ઔષધાદિ તેમજ તેલ વિગેરેનું મર્દન કરી, તેનું અંગ જોકે બળી ગયા જેવું કે ખવાઇ ગયા જેવું થએલું હતું તોપણ જેમ જડ શિષ્યને ગુરૂ ઉપદેશરૂપી ઉપાયથી સુશિક્ષિત કરે તેમ, સાજો કર્યો. ત્યારપછી તેણે પોતાના મામાને પૂછયું કે, અહિંથી સુવર્ણકૂલ બંદર કેટલું દૂર છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે, વીસ જોજન દૂર છે, અને ત્યાં હાલ મોટા ધનવાન વેપારીનાં કરિયાણાં વિગેરે માલ ભરેલાં વહાણો આવેલાં છે. આવું સાંભળતાં માત્ર તે રોષ અને તોષ ભર્યો પોતાના મામાની રજા લઇ અહીં સત્વર આવ્યો, અને તને દેખીને ક્રોધાયમાન થયો. પણ નિશ્ચયે કરી સંસારમાં સંયોગ અને વિયોગ કર્માધિન છે. દયાનાજ એક મોટા સાગરરૂપ તે કેવલી મહારાજ પૂર્વભવનો સંબંધ કહી શંખદત્તને શાંત કરી ફરીથી કહે છે. જેમ કોઇ ગાળ દે તેને સામી ગાળ દેવાય તેમ તેં પૂર્વભવે તેને હણવાની ઇચ્છા કરી હતી તેથી આ ભવે તેણે તને ધક્કો મારી સમુદ્રમાં ફેંકી દીધો. હવે પછી બંને જણ પરસ્પર એવી પ્રીતિ રાખજો, કે જેથી તમોને આભવ અને પરભવ સુખની પ્રાપ્તિ થાય; કેમકે, સર્વ પ્રાણીપર મૈત્રી ભાવના રાખવી એ ખરેખર મોક્ષ માર્ગની નીસરણી છે.

આવાં જ્ઞાની ગુરૂના વચન સાંભળીને તે બંને જણ પોતપોતાના અપરાધ ખમાવી નિરપરાધી બનીને તે દિવસ સફળ ગણવા લાગ્યા. કેમકે, ગુરૂનાં વચનથી શું ન થાય? કેવલી મહારાજ ધર્મ દેશના આપતા કહેવા લાગ્યા કે, હે ભવ્ય જીવો, જેના પસાયથી સર્વ પ્રકારની ઇષ્ટ સિદ્ધિ પમાય છે, એવા સમ્યકત, દેશવિરતિ, સર્વવિરતિ વિગેરે ગુણોનો અભ્યાસ કરો; કેમકે, અન્ય દર્શનીઓની ઉત્કૃષ્ટ ક્રિયાનું સેવન આંબા પ્રમુખના ફળની પેઠે સ્વલ્પ અને સંખ્યાબદ્ધ સંસારીક સુખરૂપ ફળ આપે છે, અને જૈન ધર્મતો કલ્પવૃક્ષના ફળની પેઠે સર્વ પ્રકારનાં પૌદ્ગલિક અને આત્મીક સુખો આપવાને સમર્થ છે. આવી દેશન

સાંભળીને તે બંને જણ સહિત રાજા પ્રમુખ બીજા કેટલાએક પણ મોક્ષાભલાષી થયા થકા સમ્યકત મૂળ શ્રાવકના ધર્મને પામ્યા, એટલુંજ નહીં પણ વાનર રૂપે બની આવેલો વ્યંતર પણ સમ્યકત પામ્યો. ત્યારપછી જ્ઞાનીએ જણાવ્યું કે, સુવર્ણરેખાનું ઔદારીક અને વ્યંતરનું વૈક્રિય શરીર છે તોપણ પૂર્વભવના સ્નેહને લીધે તેમને પરસ્પર ઘણા કાળ સુધી સ્નેહભાવ રહેશે. ત્યારબાદ રાજાએ પણ જેનું સન્માન કીધું છે એવા શ્રીદત્તે નગરમાં આવી પોતાની અર્ધ્ધરીદ્ધિ અને પુત્રી શંખદત્તને આપીને નિર્મળ બુદ્ધિથી બાકીનું દ્રવ્ય સાત ક્ષેત્રમાં વાવરી (ખરચી)ને તેજ જ્ઞાનીની પાસે આવી મહોત્સવથી દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી ચારિત્ર પાળવાથી મોહને જીતી હું કેવળ જ્ઞાન પામ્યો છું; માટે હે શુકરાજ મને પણ પૂર્વભવના માતા અને પુત્રી ઉપર સ્નેહભાવ ઉત્પન્ન થવાથી માનસીક દોષ લાગ્યો હતો. તેટલામાટે સંસારમાં જે કાંઇ આશ્ચર્યકારી સ્વરૂપ હોય, તે મનમાં રાખીને વ્યવહારપણે જે સત્ય ગણાતું હોય તેજ પ્રમાણે વર્તવું; કેમકે, જગતના વ્યવહાર છે તે પણ સત્ય છે.

સિદ્ધાંતમાં દશ પ્રકારનાં સત્ય નીચે પ્રમાણે બતાવેલાં છે.

जण वय संमय ठवणा । नामे रूवे पडूच सचेअ ॥
ववहार भावयोगे । दसमे उवम्म सचेअ ॥ १ ॥

(૧) જનપદ સત્ય–કોકણ દેશમાં પાણીને પિચ્ચ, નીર અને ઉદક્ કહે છે, માટે જે દેશમાં જે વસ્તુને જે નામથી બોલાવતા હોય તે દેશની અપેક્ષાયે જે બોલાય છે તે સત્યને "જનપદ સત્ય" કહીયે.

(૨) સંમત સત્ય–કુમુદ, કુવલય પ્રમુખ અનેક જાતનાં કમળો કાદવમાં ઉત્પન્ન થયેલાં હોય છે, તે સર્વને પંકજ કહેવાં જોઇએ, પરંતુ લૌકીક શાસ્ત્રે અરવિંદને પંકજ ગણ્યું છે, બીજાં કમળોને પંકજપણે ગણ્યા નથી. તે સત્યને "સંમત સત્ય" કહીયે.

(૩) સ્થાપના સત્ય–કાષ્ઠ, પાષાણ વિગેરેની અરિહંત પ્રમુખની પ્રતિમા; એક, બે, ત્રણ, ચાર વિગેરે આંક; પૈ, પૈસા, રૂપીઆ, મોહોર વિગેરેમાં રાજા પ્રમુખના શિક્કા; તે સત્યને "સ્થાપના સત્ય" કહીએ.

(૪) નામ સત્ય–દરિદ્રિ છતાં ધનપતિ નામ ધરાવતો હોય, અપુત્ર છતાં કુળવર્ધન નામ ધરાવતો હોય; તે સત્યને "નામ સત્ય" કહીયે.

(૫) રૂપ સત્ય—વેષ માત્રના ધરનાર યતિને પણ જતી કહેવાય. તે સત્યને "રૂપ સત્ય" કહીયે.

(૬) પ્રતિત્ય સત્ય–જેમ ટચલી અંગુલિની અપેક્ષાયે અનામિકા (દેવ પૂજણી આંગળી) લાંબી છે, અને અનામિકાની અપેક્ષાયે ટચલી ટૂંકી છે, એમ એકેકની અપેક્ષાયે જે વાકયાર્થ બોલવામાં આવે; તે "પ્રતિત્ય સત્ય" કહેવાય.

(૭) વ્યવહાર સત્ય–પર્વતના ઉપર ઘાસ બળતું હોય, તોપણ પર્વત બળે છે, માટલીમાંથી પાણી ઝમતું હોય પણ પાણી ઝમે છે, તેમજ

અનુદરા (કન્યા) અલોમિકા (એડકા) કહેવાય છે, એમ જે બોલવાનો વ્યવહાર છે તેને "વ્યવહાર સત્ય" કહીયે.

(૮) ભાવ સત્ય—બગલીને થોડા ઘણા પાંચે રંગ હોય છે, પરંતુ સફેદ રંગની અધિકતાથી તે સફેદ ગણાય છે, એમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ જેમાં અધિક હોય તેથી તેને તે રૂપે ગણી શકાય. તે "ભાવ સત્ય" કહેવાય.

(૯) યોગ સત્ય—જેના હાથમાં દંડ હોય તે દંડી અને જેની પાસે ધન હોય તે ધની કહેવાય, તેમ જેની પાસે જે વસ્તુ હોય તેના ઉપરથી તેને તે નામે બોલાવી શકાતો હોય; તે "યોગ સત્ય" કહીયે.

(૧૦) ઉપમા સત્ય—આ તળાવ સમુદ્રના જેવું છે, એમ જેને ઉપમા અપાય; તે "ઉપમા સત્ય" કહેવાય.

આવાં પ્રકારનાં કેવલી મહારાજનાં વચન સાંભળીને સાવધાન થઇ તે શુકરાજ કુમાર પોતાના માતપિતાને પ્રગટપણે માતા, પિતા કહી બોલવા લાગ્યો, કે જે સાંભળીને તે રાજા પ્રમુખ સર્વ પ્રસન્ન થયા. હવે રાજા શ્રીદત્ત કેવલીને કહેવા લાગ્યો કે, હે સ્વામિન્, ધન્ય છે તમોને કે જેમને આ યોવનાવસ્થામાં વૈરાગ્ય પ્રગટ થયું. એવું વૈરાગ્ય મને કયારે ઉત્પન્ન થશે? ત્યારે મુનિ શ્રેષ્ઠ કેવલી મહારાજે કહ્યું કે, હે રાજન્, તારી ચંદ્રવતી રાણીનો* પુત્ર તારી દૃષ્ટિએ પડશે કે તત્કાળ તને દૃઢ-પણે વૈરાગ્ય ઉત્પન્ન થશે. પછી કેવલીનાં વચનને વધાવી, પ્રણામ કરી પોતાના પરિવાર સહિત પ્રસન્નતાપૂર્વક રાજા પોતાના રાજ્યમહેલમાં આવ્યો. દયા અને સમ્યક્તરૂપ બે નેત્રોથી જાણે અમૃતનો વર્ષાતજ વર્ષાવતો હોયની! એવા શુકરાજની ઉમર જયારે દશ વર્ષની થઇ, ત્યારે કમલમાળા રાણીએ બીજા પુત્રને પ્રસવ્યો, અને તેની માતાને દેવતાએ આપેલા સ્વપ્નને અનુસારે તેનું નામ રાજાએ મોટા મહોત્સવ સહિત 'હંસરાજ' પાડયું. અમૃતના કિરણજ હોયની! એવા ઉજવળ જેના માતા પિતા રૂપ બન્ને પક્ષ છે એવો હંસરાજ કુમાર રૂપ, કળા અને વચનાં સંપદા રૂપ ગુણોથી વર્ધાયમાન થવા લાગ્યો. જયારે તે પાંચ વર્ષની ઉમરનો થયો, ત્યારે સર્વ જનને આનંદિત કરતો થકો જેમ રામચંદ્રજીની સાથે લક્ષ્મણ રમે તેમ, શુકરાજ કુમારની સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરતો હતો. અર્થવર્ગ અને કામવર્ગની સાથે ક્રીડા કરતા બન્ને પુત્રોને ધર્મવર્ગ પણ મુખ્યપણે સેવવોજ જોઇએ એમ જણાવવાનેજ જાણે આવતો હોયની શું! એમ એકદા રાજસભામાં સિંહાસનપર બીરાજમાન થયેલા રાજાની પાસે છડીદારે વિનયપૂર્વક આવી કહ્યું કે, હે મહારાજ, દરબારના દરવાજા આગળ ગાંગીલ નામા ઋષીશ્વર આપને મળવા માટે પધારેલા છે, તેમને જો આપની આજ્ઞા હોયતો પ્રવેશ કરાવું. આ સાંભળતાં માત્ર ચકિત થયેલા રાજાએ તેને હુકમ કર્યો કે, તેમને પ્રવેશ કરાવ. પછી મુનિ મહારાજ રાજ સભામાં પધાર્યા કે તરતજ રાજાએ ઉઠી સન્માન આપી આસનપર બેસાડ્યા ને ક્ષેમકુશળ પૂછવાપૂર્વક તેમને

---

* પ્રથમ જે રાણીને પુત્ર થયો નહીં એમ કહેવામાં આવેલું છે તે રાણી.

અત્યંત આનંદ પમાડ્યા. ત્યારપછી પુરોહિત જેવા ઋષીશ્વર પણ રાજાને આશીર્વાદ આપીને કહેવા લાગ્યા કે, તીર્થ, આશ્રમ તેમજ તાપસ પ્રમુખને ક્ષેમકુશળ છે. રાજાએ પૂછ્યું કે, હે મહારાજ, અત્રે આપનું આગમન શા પ્રકારે થયું છે? આનો ઉત્તર મુનિ આપવા માંડે છે, એટલામાં કમલમાળા રાણીને રાજાએ પોતાની નજદીકમાં બંધાવેલા ચકમાં (પડદામાં) બેસાડ્યા. ત્યારપછી ગાંગીલ ઋષીશ્વર પોતાની પુત્રીને કહેવા લાગ્યા કે, ગોમુખ નામના યક્ષરાજે આજ રાત્રિએ મને સ્વપ્ન આપીને જણાવ્યું છે કે, હું મૂળ શત્રુંજય તીર્થે જાઉં છું. ત્યારે મેં પૂછ્યું કે, આ કૃત્રિમ શત્રુંજય તીર્થનું કોણ રક્ષણ કરશે? ત્યારે તેણે કહ્યું કે, જેમનું ચરિત્ર પણ લોકોત્તર છે એવા તારા બે દોહીત્રા [દીકરી (કમલમાળા) ના દીકરા] ભીમ અને અર્જુન જેવા બળવંત શુકરાજ અને હંસરાજ નામના છે તેમાંથી એકને અહિંયાં લાવી રક્ષણ કરવા રાખીશ તો તેના મહાત્મ્યથી આ તીર્થ નિરૂપદ્રવ રહેશે; કેમકે, લોકોત્તર ચરિત્રવાળા મોટા મહિમાવંતનો મહિમા ખરેખર મોટોજ હોય છે. ત્યારે મેં તેને (ગોમુખ યક્ષને) પૂછ્યું કે, તે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો માર્ગ ઘણો દૂર હોવાથી મને ત્યાં પહોંચતાં ઘણા દિવસો નીકળી જશે માટે ત્યાંથી તેને બોલાવી લાવું ત્યાંસુધી આ શત્રુંજય તીર્થનું રક્ષણ કોણ કરશે? ત્યારે ગોમુખ યક્ષે કહ્યું કે, ત્યાં જઈ આવતાં ઘણો વિલંબ લાગે તેમ છે, તોપણ તું સવારે નીકળીને જઇશ તો બપોરેજ મારા પ્રભાવ (દૈવીક શક્તિ)થી તેને લઇ તું અહિંયાં પાછો આવતો રહીશ. એમ કહીને તે યક્ષ તો ચાલ્યો ગયો, ને હું તે વાત સાંભળીને અજાયબ (વિસ્મય) થયો. પછી આજ સવારે ત્યાંથી નીકળી હજુ સુધી એક પહોર દીવસ ચઢ્યો નથી એટલામાં તો અત્રે આવી પહોંચ્યો છું; કેમકે, દૈવીક મહિમાથી શું બની શકતું નથી?! માટે હે દક્ષદંપતિ, દક્ષણા આપ્યાની પેઠે આ તમારા બે પુત્રરત્નમાંથી એક પુત્ર મને તીર્થ રક્ષણ નિમિત્તે આપો, કે જેથી અમો બપોર થયાં પહેલાં ઠંડા પહોરે વગર પરિશ્રમે અમારા આશ્રમે જઈ પહોંચીએ. આ વચન સાંભળીને બીજાની અપેક્ષાએ બાળ છે તોપણ પરાક્રમે કરી અબાળ હંસરાજ હંસના જેવી ધ્વનિથી બોલ્યો કે, હે પિતાજી, એ તીર્થની રક્ષા કરવા તો હુંજ જઇશ, માટે મને ખુશીથી રજા આપો. આવા તેના ઉદ્ગારો સાંભળીને તેના માતા પિતાએ કહ્યું કે, "હે પુત્ર, તારાં આવાં સાહસીક વચનને અમો અમારૂં શરીર લુંછણે કરીએ, અર્થાત્ તારાં વચનને વારી જઇએ. હે વહાલા પુત્ર, આટલી તારી લઘુવય છતાં પણ આવાં તારાં સાહસીક વચન ક્યાંથી?" તે વખતે ગાંગીલ ઋષીશ્વર બોલ્યા કે, "ક્ષત્રીય વંશનું આવું વીર્ય, અને અહો બાલ્યાવસ્થામાં પણ આવું તેજ એ ખરેખર આશ્ચર્યકારક છતાં સત્યજ છે, પ્રાતઃકાળે નવા ઉગતા એવા પણ સૂર્યનું તેજ કોઇથી સામે જોઈ શકાયજ નહીં એવું થાય છે. એ વયથી તો બાળ છે, પરંતુ એનાં બળ અને શક્તિ તો મહા પ્રશંસાપાત્ર છે, માટે એનેજ મારી સાથે તીર્થ રક્ષણ કરવા સારૂ મોકલો." રાજાએ કહ્યું કે, "હે મહારાજ, આટલા નાના બાળકને ત્યાં કેમ મોકલી શકાય? જોકે એ બાળક શક્તિમાન છે, તોપણ માતા પિતાનો મોકલવાને જીવ કેમ ચાલે? શું એ તીર્થનું

સંરક્ષણ કરવામાં કાંઇ ભય નથી? 'જેમ સિંહણ જાણે છે કે, મારી ગુફામાંથી મારા બચ્ચાંને લઇ જાય એવો બીજો કોઇપણ બળીઓ આવી શકે તેમ નથી, તોપણ તે પોતાનાં બચ્ચાંને કોઇપણ વખતે બીજું કોઇ લઇ જશે એવો ભય જરા માત્ર પણ દૂર મૂકતી નથી; તેમ સ્નેહીઓને સ્નેહી વિષે ખરેખર ડગલે ડગલે ભય માલમ પડ્યા વિના રહેતો નથી; માટે આવા લઘુ બાળકને કેમ મોકલી શકાય?" આવાં માતા પિતાનાં વચન સાંભળી સમયસૂચક શુકરાજ ઉત્સાહપૂર્વક તેમને કહેવા લાગ્યો કે, "હે પૂજ્ય, મને રજા આપો તો હું એ તીર્થની રક્ષા સારૂ જાઉં. નાચનારને મૃદંગનો શબ્દ, ક્ષુધાતુરને ભોજન નિમત્રંણ, નિદ્રાળુ (ઉંઘણસી)ને શય્યા, જેમ મળે ને પ્રસન્ન થાય તેમ ત્યાં રક્ષણ કરવા જવાનું મારે માથે આવે છે, એ વાત સાંભળતાંજ હું ઘણો પ્રસન્ન થયો છું; માટે મારા વહાલા માતા પિતા, તમો મને ભક્તિ કરનારને આજ્ઞા આપી તીર્થ ભકિતમાં સહાયક થાઓ." આવાં વચન સાંભળીને રાજા દીવાનની સામે જોવા લાગ્યો, ત્યારે તેણે કહ્યું કે, આજ્ઞા આપનાર તમો છો, લઈ જનાર ઋષીશ્વર છે, રક્ષા પણ તીર્થનીજ કરવી છે, રક્ષણ કરનાર શરવીર પરાક્રમી શુકરાજ કુમાર છે, ગોમુખ યક્ષની સમ્મતિ પણ થઈ ચૂકી છે, આતો ક્ષીરમાં ઘૃત શર્કરા (સાકર) નાખવા જેવું છે, છતાં તમે કેમ વાર લગાડો છો? આવું સાંભળીને માતા પિતાએ તેને રજા આપી, એટલે પ્રસન્ન થયેલો શુકરાજ સ્નેહાળાં નેત્રથી આંસુ ઝરતાં માતા પિતાને નમી સાહસીક બનીને તે ગાંગીલ મુનિની સાથે ચાલતો થયો.

મહાપરાક્રમી ધનુર્ધર અર્જુનની પેઠે બાણ ઘાલેલા ભાથાને સ્કંધ પાછળ બાંધીને તેની સાથે તત્કાળ ત્યાં જઈ પહોંચી શુકરાજ કુમાર શત્રુંજય તીર્થની સેવા, આરાધના અને રક્ષણ માટે સાવધાન રહેવા લાગ્યો. ત્યાં તેના મહિમાથી તે ઋષિઓનાં આશ્રમના બાગ બગીચામાં ઘણાં ફુલ ફળની વૃદ્ધિ થઇ, એટલુંજ નહિં પણ વાઘ, સૂવર, ચિત્તા, વરૂ, દાવાનળ (અગ્નિ) પ્રમુખ સર્વ પ્રકારના ઉપદ્રવો તેના પ્રભાવથી શાંત થઈ ગયા. અહો! ખરેખર આશ્ચર્ય છે કે, પૂર્વભવમાં સેવન કરેલા ધર્મના પ્રભાવથી આ શુકરાજનો આવો કોઇ અલૌકીક મહિમા છે. તીર્થંકરના મહિમાથી જેમ ઉપદ્રવની શાંતિ થાય, તેમ આ શુકરાજ મનુષ્ય માત્ર છતાં પણ તેનો મહિમા તેમના તુલ્યજ થવા લાગ્યો. તાપસોની સાથે સુખે દિવસો નિર્ગમન કરતાં થકાં એકદા રાત્રિના સમયે એક રૂદન કરતી સ્રીના શબ્દો સાંભળી દયાના દરિયા અને ધૈર્યના નિધાન તે શુકરાજે તેની પાસે જઈ મધુર વચનથી તેને બોલાવી તેના દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે તેણીએ કહ્યું કે, "ચંપા નગરીમાં નિર્ભયમાં પણ નિર્ભય શત્રુઓને મર્દન કરનાર અરિમર્દન નામે રાજા છે. તેની ગુણયુકત સાક્ષાત્ લક્ષ્મીના જેવી પદ્માવતી નામની પુત્રીની હું ધાવમાતા છું. એ પુત્રીને હું ખોળામાં લઇ રમાડતી હતી, તે વખતે જેમ કેસરી (સિંહ) વાછડી સહિત ગાયને લઇ જાય તેમ કોઇક પાપી વિદ્યાધરે વિદ્યાના બળથી પુત્રી સહિત મને ત્યાંથી ઉડાવી અહિંયાં ફકત મને ફેંકી દઇ જેમ કાગડો ખાવાનું લઇ નાશી જાય તેમ તે પદ્મા રાજપુત્રીને લઇ કોણ જાણે કયાંય નાશી ગયો; તેના દુઃખને લીધે હું રૂદન કરૂં

છું." આ વચન સાંભળી શુકરાજે તેની આશ્વાસના કરીને ત્યાંજ રાખી અને પાછલી રાત્રે પોતે કેટલાંક ઘાસનાં ઝુંપડાંઓમાં વિદ્યાધરને શોધવા લાગ્યો, તેટલામાં ત્યાં રૂદન કરતા કોઈક પુરૂષને દેખી તેની પાસે જઈ દયાથી તેને તેના દુઃખનું કારણ પૂછ્યું. ત્યારે દયાળુને કહ્યા વિના દુઃખનો અંત આવનાર નથી* એમ જાણીને તેણે કહ્યું કે, "હે વીરકુમાર, હું ગગનવલ્લભપુર નગરના રાજાનો વાયુ સમાન છે ગતિ જેની એવો વાયુવેગ નામનો પુત્ર છું. કોઈક રાજાની પદ્માવતી નામની કન્યાને હરણ કરી લઈ જતાં તીર્થના મંદિર ઉપર આવતાં તીર્થના મહિમાને લીધે તે હું ઉલ્લંઘન ન કરી શકયો એટલુંજ નહીં પણ મારી વિદ્યા જુઠી પડી જવાથી હું તત્કાળ ધરતીપર પડી ગયો. પારકી કન્યા હરણ કરવાના પાપને લીધે હું પુણ્ય પરવારેલાની પેઠે પડ્યો કે તરતજ મેં તે કન્યાને મૂકી દીધી; ત્યારે જેમ સમળીના મુખમાંથી છુટી પડેલી પંખીણી જીવ લઈ નાશી જાય તેમ, તે નાશી ગઈ. ધિઃક્કાર છે મને પાપીને, કે અઘટિત લાભની વાંછાથી ઉદ્યમ કર્યો તો ઉલટો કેટલો બધો અલાભ થયો." આ વિદ્યાધરનાં આવાં વચન સાંભળીને સર્વ વૃત્તાંતની માહિતગારી મળવાથી પ્રસન્ન થયેલો શુકરાજ તે કન્યાને ત્યાંજ શોધવા લાગ્યો, એટલામાં તો જાણે કોઈ દેવાંગનાજ હોયનીશું! એવી તે કન્યા તે મંદિરમાંથીજ તેને મળી. ત્યારપછી તે કન્યાને તેની ધાવમાતાનો મેળાપ કરાવી આપ્યો, અને તે વિદ્યાધરને પણ નાના પ્રકારના ઔષધાદિક ઉપચાર કરી સાજો કીધો. વિદ્યાધરે પોતાને જીવિતદાન મળ્યું તેથી પ્રીતિપૂર્વક ઉપકાર માની કહ્યું કે, હું જીવીશ ત્યાંસુધી તમારો ચાકર થઈને રહીશ. ખરેખર પુણ્યનો મહિમા કેવો આશ્ચર્યજનક છે! પછી શુકરાજે પુછ્યું કે, તારી પાસે આકાશગામિની વિદ્યા વિદ્યમાન (હયાત) છે કે નહીં? ત્યારે તેણે કહ્યું કે, વિદ્યા તો અક્ષર માત્ર (પાઠ માત્ર-મોઢે) છે, પરંતુ ચાલતી (ઉડી શકાય એવી) નથી, પણ જે પુરૂષે એ વિદ્યા સિદ્ધ કીધેલી હોય, તે પુરૂષ જો મારે માથે હાથ મૂકી ફરીથી શરૂ કરાવે તો ચાલે, નહિંતો હવે એ મારી વિદ્યા વિદ્યા ચાલનારી નથી. ત્યારે સમયસૂચક શુકરાજે કહ્યું કે, એવો હમણાં અહિંયાં બીજો કોણ છે! માટે એ તારી વિદ્યા પ્રથમ મને શિખવ, પછી તારા બતાવ્યા પ્રમાણે તે વિદ્યા સિદ્ધ કરી જેમ કોઈનું કંઈ ઉછીતું લીધું હોય તે પાછું અપાય તેમ તને હુંજ પાછી આપીશ; એટલે તને તેજ વિદ્યા ફળીભૂત થશે. પછી પ્રસન્ન થઈને તે વિદ્યા તેણે શુકરાજકુમારને શિખવી. તેણે (શુકરાજે) તે વિદ્યાને વિમળાચળના અને પોતાના પુણ્યબળથી તત્કાળ સિદ્ધ કરીને પાછી તે વિદ્યાધરને શિખવી જેથી તેને તે પાઠસિદ્ધ વિદ્યાની પેઠે તત્કાળ સિદ્ધ થઈ ગઈ. પછી તે બન્ને જણ ખેચર (વિદ્યાધર-આકાશગમન કરનાર) ને ભૂચર (જમીનપર ચાલનાર-મનુષ્ય) સિદ્ધ વિદ્યાવાળા બન્યા. બીજી પણ કેટલીક વિદ્યાઓ વિદ્યાધરે શુકરાજ કુમારને શિખવી. અગણિત પુણ્યનો જેને સંયોગ થયો તેને શું દુર્લભ છે. પછી શુકરાજ કુમાર ગાંગીલ ઋષિની રજા લેઈ નવા રચેલા વિમાનમાં તે બંને સ્ત્રીઓ (રાજકન્યા પદ્માવતી તથા તેની ધાવમાતા) ને બેસાડી વિદ્યાધરને સાથે લેઈ ચંપા નગરીએ આવ્યા, અને કન્યાને કોઈ હરણ કરી લઈ ગયું છે એમ સાંભળવાથી ઉત્પન્ન

થયેલા ચિંતારૂપ અંધકારમાં રાહુના જેમ વ્યાપ્ત થયેલા રાજાની પાસે જઇ બુદ્ધ ને ચંદ્રસમાન તે બન્ને જણે તેની ચિંતા દૂર કરી. તે અરિમર્દન રાજાને સર્વ વૃત્તાંત નિવેદન કર્યા પછી તેણે જાણ્યું કે, શુકરાજ મારા મિત્રરાજાનો પુત્ર છે. નીતિશાસ્ત્રમાં એમ લખેલ છે કે, મિત્રના પુત્ર ઉપર પણ રાજાઓ પ્રાયે શત્રુભાવ રાખે એમ પણ હોય છે, તોપણ આ મિત્રપુત્ર શુકરાજ ઉપર અરિમર્દન રાજાએ કોઇપણ પ્રકારનો શત્રુભાવ રાખ્યો નહીં, એટલુંજ નહીં પણ તે મહા વિચક્ષણ, શૂરવીર ને મહોપકારી શુકરાજને અત્યંત હર્ષ અને ઉલ્લાસ સહિત પોતાની પદ્માવતી પુત્રી પરણાવી દીધી. કેમકે, એમ કરવાથીજ પરમાનંદ અને પ્રીતિની વૃદ્ધિ થાય છે. લગ્ન વખતે શુકરાજને ઘણું દ્રવ્ય આપી રાજાએ પ્રીતિમાં વધારો કર્યો. રાજાની પ્રાર્થનાથી ઇંદ્રસમાન શુકરાજે કેટલાક દિવસ લીલા સહિત પદ્માવતી સાથે સંસારસુખ ભોગવતાં ત્યાંજ નિર્ગમન કર્યા. લૂણ વિના સ્વાદિષ્ટ ભોજન જેમ બેસ્વાદ લાગે છે, તેમ પુણ્યની કરણી વિના આલોક સંબંધી કેવળ સંસારીક કરણીઓ સત્ફળને આપનારી થતી નથી; માટે સંસારીક કરણીઓ કરતાં પણ વિવેકી પુરૂષે વચ્ચે વચ્ચે ધર્મ કર્તવ્ય કરતાંજ રહેવું એ શ્રેયસ્કર છે. આવો મનમાં વિચાર કરીને શુકરાજ થોડાક દીવસ પછી રાજાની રજા લઇ પોતાની સ્ત્રી સહિત તે વિદ્યાધરની સાથે શાશ્વતી અશાશ્વતી પ્રતિમાને વંદન કરવા વૈતાઢ્ય પર્વતે ગયો. ત્યાંની અલૌકીક રચનાઓ જોતાં તેઓ ખુશીની સાથે ગગનવલ્લભ નગરે જઇ પહોંચ્યા. ત્યાં વાયુવેગ વિદ્યાધરે પોતાના માતપિતાને શુકરાજે કરેલો ઉપકાર કહ્યો, તેથી તેમણે હર્ષ પામીને તેને પોતાની વાયુવેગા નામની કન્યા પરણાવી. જોકે શુકરાજને તીર્થયાત્રા કરવા જવાની ઘણી ઉતાવળ હતી, તોપણ લગ્ન કર્યા પછી અંતરંગ પ્રીતિપૂર્વક ઘણા આગ્રહથી તેને કેટલાક દિવસ સુધી તેમણે પોતાને ઘેર રાખ્યો; કહ્યું છે કે, ભાગ્યહીન પુરૂષો જ્યાં જાય ત્યાં પગલે પગલે તિરસ્કાર પામે છે, તેમ ભાગ્યશાળીને હોતું નથી, પરંતુ પગલે પગલે તેને સત્કાર (માન) મળે છે.

એકદા પ્રસ્તાવે અઠ્ઠાઇમાં યાત્રા કરવાનો ઉદ્દેશ (નિશ્ચય) કરીને દેવતાની પેઠે શોભતા એવા સાળા બનેવી (વાયુવેગ, શુકરાજ) વિમાનમાં બેસી તીર્થવંદન કરવા નીકળ્યા. રસ્તામાં હે શુકરાજ! હે શુકરાજ! એવો કોઇ સ્ત્રીનો શબ્દ સાંભળીને તે બંને જણે વિસ્મય પામી તેની પાસે જઇ પૂછયું કે, તું કોણ છે? ત્યારે તેણીએ જવાબ આપ્યો કે, "હું ચક્રને ધારણ કરનારી ચક્રેશ્વરી દેવી છું. ગુરૂની શિક્ષાથી જેમ શિષ્ય પ્રવર્તે તેમ ગોમુખ નામના યક્ષના કહેવાથી કાશ્મીર દેશમાં રહેલા શત્રુંજય તીર્થની રક્ષા કરવા સારૂ હું જતી હતી, તેવામાં વચ્ચે માર્ગમાં આવેલા ક્ષિતિપ્રતિષ્ઠિતપુર નગરે આવી પહોંચી ત્યારે ઉચ્ચસ્વરે રૂદન કરતી એક સ્ત્રીને જોઇ, તેથી તેના દુઃખે દુઃખી થયેલી હું આકાશથી હેઠે ઉતરી તેની પાસે ગઇ, કેમકે, દુઃખીયાના દુઃખમાં જે કોઇ ભાગ ન લે, તે શું જીવતો છે? પોતાના મહેલની પાસે આવેલા બાગમાં સાક્ષાત્ લક્ષ્મીના જેવી પણ શોકથી આકુળવ્યાકુળ બની ગયેલી તે સ્ત્રીને મેં પૂછયું કે, હે કમળાક્ષી, તને શું દુઃખ છે? ત્યારે તેણે કહ્યું કે, "ગાંગિલ નામના ઋષિ મારા શુકરાજ નામના પુત્રને શત્રુંજય તીર્થની

રક્ષા કરવા સારૂ ઘણા દિવસ થયાં લઇ ગયા છે, પરંતુ તેના કુશળ સમાચાર હજુ સુધી પણ મને કાંઈ મળ્યા નથી, તેટલામાટે તેના વિયોગને લીધે હું રૂદન કરૂં છું." ત્યારે મેં કહ્યું કે, "હે ભદ્રે, તું રૂદન કરીશ નહીં. હું ત્યાંજ જાઉં છું. ત્યાંથી પાછા વળતાં તારા પુત્રના કુશળ સમાચાર તને હું કહેતી જઈશ." એમ તેની આશ્વાસના કરીને ત્યાંથી હું કાશ્મીરના શત્રુંજય તીર્થે ગઈ, પરંતુ ત્યાં તને નહીં દેખવાથી અવધિજ્ઞાનથી તારો વૃત્તાંત જાણીને અત્રે કહેવા આવી છું. માટે હે વિચક્ષણ, તારા વિયોગથી પીડાતી તારી માતાને અમૃતના વર્ષાતની પેઠે પોતાના દર્શન આપવા રૂપ અમૃતરસે કરીને સિંચ (શાંત કર.) જેમ સેવકો સ્વામી (શેઠ) ના વિચારને અનુસરીનેજ વર્તે, તેમ સુપાત્ર પુત્ર, સુશિષ્ય અને સુપાત્ર વહુઓ પણ તેમજ વર્તે છે. માતાપિતાને પુત્રો સુખને માટેજ હોય છે, પણ જ્યારે તેમના તરફથી દુઃખ ઉત્પન્ન થાય, તો પછી પાણીમાંથી અગ્નિ ઉત્પન્ન થયા જેવું ગણાય. પિતાના કરતાં માતા વિશેષે કરીને પૂજવા યોગ્ય છે. જ્ઞાનીઓ પણ કહે છે કે, પિતાના કરતાં માતા સહસ્ત્રગણી વિશિષ્ટ માનવા યોગ્ય છે. કહ્યું છે કે,

ऊढो गर्भः प्रसवसमये सोढ मत्युग्रशूलम् ।
पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ॥
विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य सद्य ।
स्नातः पुत्रः कथमपि यया स्तूयतां सैव माता ॥ १ ॥

"નવ માસ પર્યંત જેનો ભાર ઉઠાવી ગર્ભમાં ધારણ કર્યો, પ્રસવ સમયે અતિશય આકરી શૂળ વિગેરેની દુસ્સહ વેદના સહન કરી, રોગાદિકના વખતે નાના પ્રકારનાં પથ્ય સેવન કર્યા, નવરાવવામાં, ધવરાવવામાં અને રડતાં છાનાં રાખવામાં ઘણો પ્રયાસ કર્યો, તથા મળ મૂત્રાદિ ધોવા વિગેરે ઘણાં કષ્ટો સહન કરી જેણે પોતાનો બાળક અહર્નિશ પાળ્યો એવી માતાનીજ ખરેખર સ્તવના કરો."

આવાં વચન સાંભળીને જાણે શોકનાં કણિયાજ હોયની શું! એવાં આંખમાંથી આંસુ ઝરતાં ઝરતાં શુકરાજે ચક્રેશ્વરીને કહ્યું કે, "આ અમૂલ્ય તીર્થોની પાસે આવીને તેની યાત્રા કર્યા વગર કેવી રીતે પાછો ફરી શકું! ચહાય તેવું ઉતાવળનું કામ હોય, તોપણ યથોચિત અવસરપર આવેલું ભોજન નહીંજ મૂકવું જોઇયે, તેમ યથોચિત ધર્મકાર્ય પણ મૂકવું નહીંજ જોઇએ. વળી માતા તો આલોકના સ્વાર્થનું કારણ છે, પરંતુ તીર્થસેવન તો આલોક અને પરલોકના અર્થનું કારણ છે, માટે તીર્થયાત્રા કરીને તરતજ મારી માતાને મળવા આવીશ એમ તું અચ્ચિત જાણજે. તું હવે અહિંયાંથી પાછી વળ. હુ તારે પાછલે પગલેજ આવી પહોંચીશ. મારી માતાને પણ એમજ કહેજે કે, હમણાંજ આવે છે." આમ કહેવાથી તે દેવી ક્ષિતિપ્રતિષ્ઠિત ભણી ગઇ, અને શુકરાજ કુમારે તીર્થયાત્રા કરવા જ્યાં શાશ્વતી પ્રતિમાઓ છે ત્યાં જઇ ત્યાંનાં ચૈત્યોને મોટા આશ્ચર્યપૂર્વક વંદન પૂજન કરીને પોતાના આત્માને કૃતાર્થ કર્યો. ત્યારપછી ત્યાંથી પાછા વળતાં સત્વર પોતાની બન્ને સ્ત્રીઓને સાથે લઇ પોતાના સસરાની તેમજ ગાંગીલ ઋષિની રજા લઇને તીર્થપતિને નમીને, અનુપમેય

અતિશય વિશાળ વિમાનમાં બેસીને ઘણા વિદ્યાધરોનાં વૃંદ (સમુદાય) થી પરીવરેલો શુકરાજ મોટા આડંબર સહિત પોતાના નગર સમીપ આવી પહોંચ્યો. નગરના ઘણા લોકો સામે આવી પગલે પગલે પોતાના મુખથી જેની પ્રશંસા કરી રહ્યા છે એવો, અને સાક્ષાત્ ઇંદ્રિમહારાજનો પુત્ર જયંતજ હોયની! એવો શુકરાજ નગરમાં પ્રવેશ કરે છે, ત્યારે તેના પિતાના આદેશ (હુકમ)થી નગરવાસીઓએ તેના નગર પ્રવેશ સંબંધી મહોત્સવ કર્યો. કેમકે, તેનું આગમન વર્ષાતની પેઠે સર્વને અત્યાનંદકારી થયું. ત્યારપછી શુકરાજ યુવરાજની પેઠે પોતાના પિતાનું રાજ્ય સંભાળવા લાગ્યો. શું એવો સામર્થ્યવાન હોવા છતાં પણ પોતાના પિતાની રાજ્યધુરા ન સંભાળે! સર્વ લોકોને ક્રીડાનંદમય સમુદ્ર સમાન વસંતઋતુ આવી ત્યારે તે રાજા પોતાના બન્ને પુત્રો તેમજ પરિવાર સહિત બાગબગીચામાં ક્રીડાર્થે આવ્યો. ત્યાં સર્વ જન સ્વસમુદાયથી સ્વચ્છંદ ક્રીડામાં પ્રવર્તવા માંડે છે, એટલામાં અકસ્માત્ મોટો કળકળાટ શબ્દ સાંભળવાથી રાજાએ પૂછયું કે, આવો ભયંકર શબ્દ કયાંથી થયો? ત્યારે તે શબ્દ થયાના પ્રયોજનનો માહિતગાર એક સુભટ આવી કહેવા લાગ્યો કે, હે મહારાજ! સારંગપુર નગરના વીરાંગ નામના રાજાનો પરાક્રમી સૂર નામા પુત્ર, પૂર્વભવના વૈરભાવને લીધે ક્રોધાયમાન થયેલો જાણે હાથીજ આવતો હોયની! એમ બનીને હંસરાજ કુમાર ઉપર ચોટ મારવા આવેલો છે. આ વાત સાંભળતાં માત્ર રાજા વિચારવા લાગ્યો કે, હું તો માત્ર નામનોજ રાજા છું, રાજ્ય કારભાર અને તેની સાર સંભાળ તો શુકરાજ કુમાર કરે છે, વળી આશ્ચર્ય છે કે, એ વીરાંગ રાજા તો મારો સેવક છતાં તેના પુત્રને મારા પુત્રપર શું વૈરભાવ હશે? પછી તે રાજા હંસરાજ તથા શુકરાજને સાથે લઇ તેની સામે ત્વરાથી દોડવા ધારે છે, એટલામાં એક ભાટ આવી તેને કહેવા લાગ્યો કે, હે મહારાજ! પૂર્વભવમાં હંસરાજે એને કંઇક પીડા ઉપજાવેલી છે, તેના વૈરભાવથી એ તેનીજ (હંસરાજનીજ) સાથે યુદ્ધ કરવા માંગે છે. તે સાંભળી યુદ્ધ કરવા તત્પર થયેલા પોતાના પિતા તથા ભાઇને અટકાવી વીરાવતંસ (વીર શિરોમણી) હંસરાજ પોતે સન્નદ્ધબદ્ધ થઇને તેની સામે યુદ્ધ કરવા ધસ્યો. ક્ષત્રી પુત્ર કેમ ઝાલ્યો રહે! તેમ સૂર રાજકુમાર પણ ઘણાં શસ્ત્ર જેમાં ભરેલાં છે એવા સંગ્રામના રથ ઉપર બેસીને અભિમાનથી રણ ભૂમિએ આવ્યો. ત્યાં સર્વનાં દેખતાં ખરેખર આશ્ચર્યજનક અર્જુન અને કર્ણના સરખું તે બન્નેને શસ્ત્રાશસ્ત્રી (શસ્ત્રવાળા સામે શસ્ત્રવાળાનું) યુદ્ધ થયું. શ્રાદ્ધ (સરાદ) નાં ભોજન કરનારા બ્રાહ્મણોને જેમ ભોજનની તૃપ્તિ ન થાય તેમ તે બન્ને જણાને કેટલાક વખત સુધી યુદ્ધની તૃપ્તિ ન થઈ, કે જેથી બન્ને સમાન બળવાળા મહોત્સાહી ધૈર્યવાન શૂરવીરોની જયશ્રી પણ કેટલાક વખત સુધી સંશયપણાને ભજવા લાગી*. કેટલીક વાર પછી ઈંદ્રિ મહારાજ જેમ પર્વતની પાંખો છેદી નાંખે તેમ હંસરાજે સૂર કુમારના સર્વ શસ્ત્રો છેદી નાંખ્યા. ત્યારે મદોન્મત્ત હસ્તિની પેઠે મહા ક્રોધાયમાન થઇને હંસરાજને મારવાને સૂરકુમાર વજ્રના જેવી કઠણ મુઠી ઉપાડીને તેની સામે ધાયો. આવા વખતે શંકા ઉત્પન્ન થઈ છે જેના મનમાં

---

* સંશયપણાને ભજવા લાગી—સંશયમાં પડી.

એવા રાજાએ તત્કાળ શુકરાજની સામે જોયું, ત્યારે અવસરના જાણ શુકરાજે હંસરાજ કુમારના શરીરમાં મોટી બળવંતી વિદ્યા સંક્રમણ કરી*. તેના બળથી હંસરાજે જેમ કંદુક (દડો) ઉપાડીને ફેંકીએ તેમ સૂરકુમારને તિરસ્કાર સહિત ઉઠાવી એટલો બધો દૂર ફેંક્યો કે, તે તેના (સૂરના) સૈન્યનું ઉલ્લંઘન કરીને તેની પેલી તરફની જમીનપર જઇ પડ્યો. તે જાણે તેણે (સૂરે) પોતાના સૈન્યનું લુંછણુંજ કર્યું હોયની! એમ દેખાવા લાગ્યો. પેલી તરફ પડતાંજ તેણે એવી તો મૂર્છા ખાધી કે, તેના સેવકોએ કેટલીક વાર સુધી સારવાર કરી ત્યારેજ તે સાવધ થયો. પરંતુ અંતરંગ ક્રોધાગ્નિ ન શમવાથી આત્મિક ચેતના (જ્ઞાન) ન પામ્યો. છેવટે તેને વિચાર ઉત્પન્ન થયો કે, ધિઃકાર છે મને, કે મેં ફોકટ આની સાથે ક્રોધ કર્યો, આવા રૌદ્ર ધ્યાનથી તો હું ખરેખર અનંત ભવ રખડીશ. પછી તે નિર્મળ બુદ્ધિવાન ક્રોધના વિરોધની (ક્રોધને લીધે થયેલી ઇર્ષાની) બુદ્ધિ તજી દઇ બે પુત્રો સહિત પાસે ઉભેલા મૃગધ્વજ રાજાની પાસે જઇ પોતાનો અપરાધ ખમાવવા લાગ્યો. તેથી ચકિત થઇને રાજાએ પૂછયું કે, તેં પૂર્વભવવૈર શી રીતે જાણ્યું? ત્યારે તેણે કહ્યું કે, જ્યારે જ્ઞાનદિવાકર શ્રીદત્ત કેવળી મારે ગામ પધાર્યા હતા, ત્યારે મેં મારો પૂર્વભવ પૂછયો હતો, તેથી તેમણે મને કહ્યું હતું કેઃ—

"હે સૂર, ભદ્દીલપુર નગરમાં જિતારી નામા રાજા હતો. તેને હંસી તથા સારસી નામની બે રાણીઓ તથા સિંહનામા પ્રધાન હતો. તેમને સાથે લઇ જિતારી રાજા આકરો અભિગ્રહ ધારીને સિદ્ધાચળની યાત્રા કરવા જતાં માર્ગમાં ગોમુખ નામના યક્ષે કાશ્મીર દેશમાં અવતારેલા (બનાવેલા) સિદ્ધાચળની યાત્રા કરી ત્યાં વિમળપુર નગર વસાવીને કેટલાક કાળ સુધી રહી છેવટે ત્યાંજ મૃત્યુ પામ્યો. ત્યારપછી સિંહનામા પ્રધાન જનેતા (જન્મ આપનારી–માતા), જન્મભૂમિ, પાછલી રાત્રીની નિદ્રા, વહાલાનો મેળાપ, અને સુગોષ્ટી (સારી વારતા) એ પાંચ વસ્તુઓ દુઃખેકરી મૂકાય છે માટે તે વિમળપુરીના લોકોને સાથે લઇ પોતાના ભદ્દિલપુર નગર તરફ જવા નિકળ્યો. અર્દ્ધ માર્ગે જઇ પહોંચ્યો ત્યારે કાંઇક સાર વસ્તુ વિસરી ગયેલ યાદ આવવાથી તેણે પોતાના ચરક નામના સેવકને આજ્ઞા આપી કે વિમળપુર નગરે અમુક સ્થાનકે અમુક વસ્તુ આપણે ભૂલી આવ્યા છીએ, તે તું ત્યાં જઇને સત્વર લઇ પાછો આવ. ત્યારે તેણે કહ્યું કે, હે સ્વામિન્, હું એકલોજ તે શૂન્ય સ્થાનકે શી રીતે જઇ શકીશ! આવું વાકય સાંભળીને પ્રધાને તેનાપર ક્રોધ કર્યો તેથી તે ત્યાં ગયો. બતાવેલા સ્થાનકે તે વસ્તુની ઘણીજ તપાસ કરી, પણ કોઇક ભીલ તરતજ લઇ ગયેલ હોવાથી તે વસ્તુ તેને મળી નહીં, તેથી તેણે પાછા આવીને પ્રધાનને કહ્યું કે, ત્યાંથી તે વસ્તુ કોઇક લઇ ગયેલ હોવાથી મને મળી નહીં; ત્યારે પ્રધાને ક્રોધ કરી કહ્યું કે, "તુંજ ચોર છે, તેંજ લીધી છે." એમ કહી તેને પોતાના સુભટો પાસે ખુબ માર મરાવ્યો, જેથી તે કેટલાક વખત સુધી અચેત થઇ ગયો. હા હા! જુઓ તો ખરા, લોભની મૂર્છા કેવી છે! તે મૂર્છાવંતને ત્યાંજ પડતો મૂકી સર્વ લોક પ્રધાનની સાથે ભદ્દીલપુર ભણી ચાલ્યા ગયા. જ્યારે

* સંક્રમણ કરી–મૂકી.

તેને પવન પ્રમુખથી કેટલીક વારે ચેતના આવી ત્યારે આમ તેમ જોતાં કોઇને પણ ત્યાં નહીં દેખવાથી તે વિચારવા લાગ્યો કે, અહો! જુઓ તો ખરા આ સ્વાર્થી લોકો, કે પોતાનો સ્વાર્થ સર્યો કે સર્વ તરતજ મને મૂકીને ચાલ્યા ગયા. ધિઃક્કાર છે એવા પ્રભુતા (મોટાઇ) ના ગર્વમાં ગર્વિત પ્રધાનને! કહ્યું છે કે,

चोरा चिल्लक्काइ गंधिअ, मट्ठाय विज्ज पाहुलया ।
वेसा धूआ नरिंदा, परस्सपीडं न याणंति ॥ १ ॥

"ચોર, બાળક, ગાંધી, માંગણ, પરોણા, વેશ્યા, દીકરી, રાજા એટલા જણુ પારકી પીડા વિચારતાજ નથી, તે ખરૂં છે."

એવી રીતે વિચાર કર્યા પછી ચરક ભદ્દીલપુરના માર્ગના અજાણપણાને લીધે માર્ગમાં ને માર્ગમાં ભમી ભમીને ભૂખ તરસથી પીડાતો આર્ત, રૌદ્ર ધ્યાનમાં વનમાં ને વનમાં મરણ પામીને ભદ્દીલપુર નગરની નજીકના વનમાં દેદીપ્યમાન વિષયુક્ત સર્પપણે ઉત્પન્ન થયો. તેણે એક વખતે તેજ સિંહનામા પ્રધાનને પૂર્વભવના વૈરથી દંશ કર્યો તેથી તે તત્કાળ મરણ પામ્યો. સર્પ પણ મરણ પામીને નર્કમાં પડી ત્યાં ઘણીક દુઃસહ વેદનાઓ ભોગવી આવીને વીરાંગ રાજાનો સૂર નામે પુત્ર હું ઉત્પન્ન થયો છે, અને સિંહ નામા પ્રધાન મરણ પામીને કાશ્મીરના વિમળાચળ તીર્થ ઉપરની વાવમાં હંસ ઉત્પન્ન થયો. ત્યાં તેણે જાતિ સ્મરણ થવાથી વિચાર્યું કે, "પૂર્વે પ્રધાનના ભવમાં શત્રુંજય તીર્થની પુર્ણ ભાવયુક્ત સેવા ન કરી, તેથી આ તિર્યંચ પણે ઉત્પન્ન થયો માટે હવે તીર્થનું પૂર્ણ સેવન કરૂં." એમ ધારી તે ચાંચમાં પુષ્પ (ફુલ) લઈ પ્રભુજીનું પુજન કરે, વળી બે પાંખોમાં પાણી ભરી પ્રભુજીને પખાલ કરે. એવી રીતે અનેક પ્રકારે પ્રભુ ભક્તિ કરી છેવટે મરણ પામી સૌધર્મ દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચવીને પૂર્વ પુણ્યપ્રભાવથી મૃગધ્વજ રાજાનો હંસરાજ નામા પુત્ર ઉત્પન્ન થયો છે."

એવાં કેવળીનાં વચન સાંભળીને પૂર્વભવનો વૈરભાવ યાદ આવવાથી હંસરાજને મારી નાખવાની બુદ્ધિ સુઝી હતી તેથી હું અહિંયાં આવ્યો હતો. જોકે મારા પિતાએ મને ત્યાંથી નીકળતાં ઘણો વાર્યો હતો, તોપણ હું વાર્યો ન રહ્યો તેથી છેવટે આ તમારા હંસરાજ પુત્રે મને સંગ્રામમાં જીતી લીધો. એટલાજ માટે પૂર્વ પુણ્યથી હવે મને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, તેથી હું તેજ શ્રીદત્ત નામા કેવળી ભગવાન પાસે જઈ દીક્ષા ગ્રહણ કરીશ. એમ કહી નમીને અજ્ઞાનરૂપ અંધકારથી દૂર થયેલા સૂર કુમારે પોતાને સ્થાનકે જઇ માત પિતાની રજા લઈ તત્કાળ દીક્ષા લઇ લીધી. કહ્યું છે કે, "धर्मस्य त्वरिता गतिः" "ધર્મ તરતજ કરવો."

જેનું મન જેમાં લાગેલું હોય તેને તેજ વસ્તુ ઉપર અભિરૂચિ થાય છે. મને પણ દીક્ષા લેવાની અભિરૂચિ છે. પણ તેવો ઉત્કટ (આકરો) વૈરાગ્ય મને કેમ ઉત્પન્ન થતો નહીં હોય વારૂ! એવી રીતે વિચાર કરતો મૃગધ્વજ રાજા મનમાં વળી સમજ્યો કે, મને કેવળીએ કહેલુંજ છે કે, "જ્યારે ચંદ્રવતીના પુત્રને જોઇશ કે તત્કાળ તને વૈરાગ્ય થશે." પણ તેને તો હજી વાંઝણીની પેઠે પુત્ર થયોજ નથી,

મારે હવે મારે શું કરવું! આમ મનમાં ધારે છે, તેવામાં એક પવિત્ર પુણ્યશાળી યુવાન પુરૂષ રાજા પાસે આવી નમસ્કાર કરી ઉભો. ત્યારે રાજાએ પૂછયું કે, તું કોણ છે? તે પુરૂષ રાજાને ઉત્તર આપવા માંડે છે, એટલામાંતો આકાશવાણી થઇ કે, "હે રાજા, ખરેખર આ ચંદ્રવતીનો જ પુત્ર છે. એમાં જો તને સંશય રહેતો હોય તો અહિંયાંથી ઇશાન કોણમાં પાંચ યોજન ઉપર એક પર્વત છે તેના પર કદલી નામનું એક વન છે. ત્યાં જઇ યશોમતી નામની જ્ઞાનવંતી જોગણીને પૂછીશ એટલે તે તેનો સર્વ વૃત્તાંત તને કહેશે." આવી દેવવાણી સાંભળીને સાશ્ચર્ય મૃગધ્વજ રાજા તે પુરૂષને સાથે લઇ વનમાં ગયો. ત્યાં જોગણીએ પણ રાજાને કહ્યું કે, હે રાજન્, જે દેવવાણી થઇ છે, તે સત્ય જ છે. આ સંસારરૂપ અટવીનો કોઇક માર્ગ મહાવિકટ છે, કે જેમાં તમારા જેવા વસ્તુ સ્વરૂપનાં જાણ પુરૂષો પણ મુંઝાઇ જાય છે. પહેલેથી છેવટે સુધી આનો વૃત્તાંત તું ધ્યાનપૂર્વક સાંભળઃ—

"ચંદ્રપુરી નગરીમાં ચંદ્ર સમાન ઉજ્વળ યશસ્વી સોમચંદ્ર નામા રાજાની ભાનુમતી નામની રાણીની કુખે હેમવંત નામા ક્ષેત્રથી યુગલ (બે જીવ) સૌધર્મ દેવલોકે જઇ ત્યાં સુખ ભોગવી ચવી આવી ઉત્પન્ન થયું. નવ માસે એક સ્ત્રી અને એક પુરૂષપણે જન્મ્યાં. તેમનાં ચંદ્રશેખર અને ચંદ્રવતી નામ આપ્યાં. એક એકથી અધિક એમ બંનેની વય વૃદ્ધિ પામતી થકી બન્ને પૂર્વભવના યાદ આવવાના જેમ યૌવનાવસ્થા પામ્યા. પછી ચંદ્રવતીને તારી સાથે અને ચંદ્રશેખરને યશોમતી સાથે પરણાવ્યાં. પણ જોકે પૂર્વભવના સ્નેહ ભાવથી તે બંને (ચંદ્રશેખર અને ચંદ્રવતી) આ ભવમાં ભાઈ બહેનપણે હતાં, તોપણ તેઓને પરસ્પર રાગ બંધાયેલો હતો. ધિઃકાર છે કામને! જીવોની ગતિ કોઇક અલૌકીક છે! હાહા!! ભવરૂપ કુપની કુવાસના! કે જેથી આવી કુપ્રવૃત્તિ એવા ઉત્તમ બન્ને ભાઇ બહેનમાં પણ થઇ ગઇ. તું જ્યારે પ્રથમ ગાંગીલ ઋષિના આશ્રમે ગયો હતો ત્યારે ચંદ્રવતીયે ચંદ્રશેખરને પોતાનું વાંછિત પાર પાડવાને બોલાવ્યો હતો. તે તો તારૂં રાજ્ય લેઇ લેવાનીજ બુદ્ધિથી આવ્યો હતો; પણ તારા પુન્યરૂપ જળથી જેમ અગ્નિ બોલાય તેમ તેનું ધારેલું પાર ન પડવાથી પોતાનો પ્રયાસ વૃથા ગયો ગણીને ચાલ્યો ગયો. વળી તે વખતે તે બંને જણાએ વિચક્ષણ એવા પણ તને કેવી નાના પ્રકારની વચન યુક્તિથી તારો ક્રોધ સમાવવા માટે સમજાવ્યો હતો, તે તું જાણે છે. ત્યાર પછી ચંદ્રશેખરે કામદેવ નામના યક્ષનું આરાધન કર્યું તેથી તે પ્રત્યક્ષ થઇ પુછવા લાગ્યો કે, મને તેં કેમ બોલાવ્યો? ચંદ્રશેખરે ચંદ્રવતીનો મેલાપ કરાવવા કહ્યું. ત્યારે યક્ષે તેને અદૃશ બનવાનું અંજન આપ્યું, અને કહ્યું કે, "તમારા બંને જણની ગુપ્ત પ્રીતિ જ્યાંસુધી ચંદ્રવતીના પુત્રને મૃગધ્વજ રાજા દેખશે નહીં ત્યાંસુધી કોઇપણ જાણશે નહીં. જ્યારે તે તેને દેખશે ત્યારે તો તમારી તમામ ગુપ્ત વાત ખુલ્લી થઇ જશે." એવાં યક્ષનાં વચન સાંભળીને અત્યંત પ્રસન્ન થએલો ચંદ્રશેખર ચંદ્રવતીની પાસે ગયો, અને ઘણા કાળ સુધી તેની સાથે કામક્રીડા કરી; પરંતુ અદૃશ અંજનના પ્રભાવથી તે તારા તેમજ બીજા કોઇના પણ જાણવામાં બીલકુલ આવ્યું નહીં. વળી એ ચંદ્રશેખરની સંગતિથી ચંદ્રવતીને ચંદ્રાંક નામનો પુત્ર

થયો તથાપિ યક્ષના પ્રભાવથી તેના ગર્ભનાં ચીન્હ પણ કોઇએ દીઠાં નહીં. એ બાળકને જાતમાત્ર (જણવાના વખતથીજ) લેઇને તેણે પોતાની સ્ત્રી યશોમતીને પાળવા (ઉછેરવા) આપ્યો હતો. તેણીયે પણ તેને પોતાનાજ બાળકની પેઠે પાળ્યો. ખરેખર સ્ત્રીઓનો પ્રેમ પોતાના પતિના વચન ઉપર કોઇક અલૌકીકજ હોય છે. પછી પ્રતિદિન દેદીપ્યમાન વિસ્તાર પામતું છે યૌવન જેનું એવા ચંદ્રાંકને દેખી પતિવિયોગિણી તે યશોમતી વિચારવા લાગી કે, "મારો ભર્તાર તો પોતાની બેન ચંદ્રવતીની સાથે એવો આસકત થયો છે કે, તેનું મુખ પણ હું દેખી શકતી નથી; ત્યારે પોતાના વાવેલા આંબાનાં ફળ પોતાનેજ ચાખવાં યોગ્ય જ છે, એમ અતિશય રમણીક એવા આ ચંદ્રાંકની સાથેજ હું પણ કામક્રીડા કરૂં." આમ મનમાં વિચારી વિવેકને દૂર મુકી તેણીએ તેને એક વખત મીષ્ટવચનથી કહ્યું કે, "હે કલ્યાણકારી પુરૂષરત્ન, તું મને આદર (અંગીકાર કર), કે જેથી તુંજ આ મોટા રાજ્યનો સ્વામી થઇશ." છાતીમાં જાણે કોઇક વજ્રનો ઘાવજ લાગ્યો હોય નહીં! એવાં આ વચનો સાંભળીને તે તેણીને કહેવા લાગ્યો કે, "હે માતા, નહીં સાંભળવા યોગ્ય વચન મને કેમ સંભળાવે છે, અને નહીં બોલવા યોગ્ય વચન કેમ બોલે છે." ત્યારે યશોમતી બોલી કે, હે પ્રિય, હું તારી જનેતા માતા નથી, તને જણનારી તો મૃગધ્વજ રાજાની રાણી ચંદ્રવતી છે. આ સત્ય છે કે અસત્ય છે, એનો નિર્ણય કરવાને ઉત્સુક (ઉતાવળુ) થયું છે મન જેનું એવો આ ચંદ્રાંક યશોમતીનું વચન (કહેવું) નહીં કબુલ કરતાં પોતાના માતાપિતાની શોધ સારૂ નીકળ્યો હતો તેવામાં તેજ તમને મળ્યો. બન્નેથી ભ્રષ્ટ થએલી યશોમતી પતિપુત્રના વિયોગથી વૈરાગ્ય પામીને કોઇ જૈની સાધ્વીનો યોગ ન બનવાથી યોગણનો વેષ ધારણ કરી ફરનારી હું પોતેજ (યશોમતી) છું. ખરેખરા ધિક્કારવા યોગ્ય સ્વરૂપને વિચારવાથી મને કેટલુંક જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી હું જાણીને કહું છું કે, હે મૃગધ્વજ રાજેંદ્ર, આ ચંદ્રાંક જ્યારે તમને મળ્યો ત્યારે તેજ દક્ષ યક્ષે તમને આકાશથી વાણી કરી કહ્યું કે, "આ તારોજ પુત્ર છે." વળી તે સંબંધી સત્ય વાતથી વાકેફ થવા માટે તેણે તમને મારી પાસે મોકલ્યા છે. માટે તું ખચીત કરી જાણ કે એ તારી સ્ત્રી ચંદ્રવતીને પેટે પેદા થએલો તારોજ પુત્ર છે."

યોગિણીનાં આવાં વચન સાંભળવાથી તેને અત્યંત ક્રોધ અને ખેદ ઉત્પન્ન થયો; કેમકે પોતાના ઘરનો દુરાચાર દેખીને કે સાંભળીને કોનું મન બળે નહીં. ત્યારપછી તે રાજાને પ્રતિબોધવા માટે યોગિણી ગાયન કરતી બોધક વચનથી ગીત ગાતાં બોલી કે:—

ગીત.

કવણ કેરા પુત્તા મીત્તા, કવણ કેરી નારી;
મોહે મોહ્યો મેરી મેરી, મૂઢ ગણે અવિચારી. ૧
જાગ જાગને જોગી હો, જોઇને જોગ વિચારા; (એ આંકણી.)
મેલી અમારગ મારગ આદર, જિમ પામે ભવ પારા. જાગ૦ ૨
અતિ હે ગહના અતિ હે કૂડા, અતિહિં અથિર સંસારા;
ભાંમો છાંડી જોગને માંડી, કીજે જિન ધર્મ સારા. જાગ૦ ૩

મોહે મોહ્યો કોહે[1] ખોહ્યો[2], લોહે[3] વાહ્યો[4] ક્યાએ;
મુહિઆ[5] બિહુ ભવ અવરાકારણ[6], મૂરખ દુહિયો[7] થાયે. જાગ૦ ૪
એક[8]ને કારણ બે[9]ને ખેંચે[10], ત્રણ[11] સંચે ચાર[12] વારે;
પાંચે[13] પાળે છ[14]ને ટાળે,[15] આપે આપ ઉતારે. જાગ૦ ૫

આવું વૈરાગ્યમય તેનું ગાયન સાંભળીને વૈરાગ્યવંત અને શાંતકષાય થઇને તેને જણાવી ચંદ્રાંકને સાથે લઇ મૃગધ્વજ રાજા પોતાની નગરીના ઉદ્યાને આવ્યો. નગર બહાર રહીને સંસારથી વિરક્ત અને વસ્તુ સ્વરૂપમાં નિમગ્ન થઇ છે બુદ્ધિ જેની એવો તે રાજા પોતાના બે પુત્રો તથા પ્રધાનને ઉદ્યાનમાંજ બોલાવી કહેવા લાગ્યો કે, “મારૂં ચિત્ત સંસારથી ઉદ્વિગ્ન થયું છે, અને તેનાથી હું ઘણો પીડાયો છું, માટે મારૂં આ રાજ્ય શુકરાજ કુમારને આપજો અને હુંતો અહિંયાંથીજ દીક્ષા લઇને ચાલતો થઇશ. ઘેર હું આવનારજ નથી.” આવી વાણી સાંભળી દીવાન પ્રમુખ બોલવા લાગ્યા કે, “સ્વામિન્, આપ ઘેર તો પધારો, ઘરે આપનો શો દોષ (ગુન્હો) કર્યો છે? કેમકે, બંધ તો પરિણામથીજ થાય છે; જેમકે, નિર્મોહી પરિણામવાળાને ઘર પણ અરણ્ય (વન) સમાન છે, અને મોહવંતને તો અરણ્ય પણ ઘર સમાનજ છે.’ આવા તે લોકોના આગ્રહથી રાજા પોતાના પરિવાર તથા ચંદ્રાંક સહિત નગરમાં આવ્યો. રાજાની સાથે ચંદ્રાંકને આવેલો દેખીને કામદેવ યક્ષે કહેલું વચન યાદ આવવાથી કોઇપણ જાણી શકે નહીં એમ સભય પ્રચ્છન્નપણે ચંદ્રવતી પાસે અદૃશ્ય અંજને કરી રહેલો ચંદ્રશેખર જીવ લઇને તત્કાળ ત્યાંથી પોતાના નગરે નાશી ગયો. મોટા મહોત્સવ સહિત મૃગધ્વજ રાજાએ શુકરાજને રાજ્યાભિષેક કર્યો, અને તેની પાસે પોતે દીક્ષા લેવાની રજા માંગી. હા ના થતાં પણ જેમ તેમ કરીને તેની રજા મળ્યાથી જેમ રાત્રિ ગયાથી પ્રાતઃકાળે સૂર્યનો ઉદય થાય તેમ તે અલૌકીકજ શોભાને પામવા લાગ્યો. જોકે રાત્રિના ગયા પછી સૂર્ય ઉદય થાય તેમાં કાંઈ આશ્ચર્ય રૂપ નથી, પરંતુ આ મૃગધ્વજ રાજાને તો રાત્રને સમયે પણ દીક્ષાના અધ્યવસાયરૂપ હૃદયમાં જ્ઞાનરૂપ એવો સૂર્યોદય થયો છે કે જેની શોભા એક અપૂર્વજ બની રહી છે. તે પોતાના મનમાં વિચાર કરે છે કે, કયારે પ્રાતઃકાળ થશે અને કયારે દીક્ષા અંગીકાર કરીશ; વળી કયારે હું નિરતિચાર ચારિત્રવંત બનીને વિચારીશ, અને ક્યારે આ સર્વ કર્મનો ક્ષય કરીશ. એમ ઉત્કૃષ્ટ શુભ ધ્યાનના ચઢતા પરિણામના એક તાનમાં એવી કોઇક અલૌકીક ભાવના ભાવવા લાગ્યો કે, જેમ પ્રાતઃકાળ થતે રાત્રિ ગઈ તેની સાથે સ્પર્દ્ધાથીજ ગયા હોય નહીં! એમ પ્રાતઃ થતાંજ તેને ભાવનારૂપ લીલાથી કઠિન ચાર કર્મ ક્ષય જતાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. અહો ઇતિ આશ્ચર્ય છે કે, કેટલાક પુરૂષો ઘણી કષ્ટ ક્રીયા કેટલાક વખત સુધી કરે છે, તોપણ તેને ઐહિક (આ લોકનું)જ ફળ મળે છે અને આ મૃગધ્વજ રાજાને તો પ્રયાસ વિના પણ કેવળ ભાવનાથીજ આવું અલૌકીક ફળ મળ્યું. લોકા-

---

૧ ક્રોધે, ૨ દુઃખી થયો, ૩ લોભથી, ૪ વળગ્યો, ૫ ફોકટ, ૬ અજ્ઞાનથી, ૭ દુખીયો, ૮ આત્મા શુદ્ધ કરવા, ૯ રાગ દ્વેષને, ૧૦ છાંડી દે, ૧૧ રત્નત્રયી, ૧૨ કષાય, ૧૩ મહાવ્રત, ૧૪ ક્રોધ, લોભ, મોહ, હાસ્ય, માન, હર્ષ, ૧૫ એ અંતરંગ શત્રુને ટાળવાથી.

લોક સમસ્ત વસ્તુના જાણનારા મૃગધ્વજ કેવળીને તત્કાળ કેવળ જ્ઞાનના મહિમા (મહોત્સવ) કરનારા દેવોએ મોટા હર્ષથી સાધુ વેષ લાવીને આપ્યો. તે સાંભળીને આશ્ચર્ય અને હર્ષ પામતા શુકરાજ પ્રમુખ સર્વ પરિવાર આવીને તત્કાળ તેઓને વંદન કરવા લાગ્યા. તે વખતે તેઓને અમૃત સમાન કેવળી મહારાજ દેશના (ઉપદેશ) દેવા લાગ્યા કે, "હે ભવ્ય જીવો, સાધુ અને શ્રાવકનો ધર્મ, એ બે સંસારરૂપ સમુદ્રથી તરીને પેલે પાર પહોંચવાને એક સેતુ (પુલ) સમાન છે, સાધુનો માર્ગ સરળ, અને શ્રાવકનો માર્ગ વક્ર (ખાંચા ખાઇને જવાય એવો) છે. સાધુ ધર્મ કઠિન અને શ્રાવક ધર્મ સુકોમળ છે; માટે એ બે ધર્મ (માર્ગ) માંથી જેનાથી જે બની શકે તેના ઉપર આદર કરો. આવી વાણી સાંભળીને કમળમાળા રાણી, હંસ સમાન સ્વચ્છ સ્વભાવવાળો હંસરાજ, અને ચંદ્રાંક, એ ત્રણે જણ ઉત્કટ (તીવ્ર) વૈરાગ્ય પામીને તત્કાળ તેમની પાસે દીક્ષા લઇને આયુ પૂર્ણ થયે મોક્ષે ગયા. શુકરાજ પ્રમુખ સર્વ પરિવારે પણ સાધુ ધર્મ ઉપર પ્રીતિ રાખી સમ્યકત્વ મૂળ શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કર્યાં. દુરાચારિણી ચંદ્રવતીનો દુરાચાર મૃગધ્વજ કેવળી અને તેવા વૈરાગી ચંદ્રાંક મુનીએ પણ પ્રકાશ્યો નહીં, કારણકે પારકાં દુષણ પ્રગટ કરવાનો સ્વભાવ ખરેખર ભવાભીનંદી (ભવ વધારનાર) નોજ છે, માટે એવા વૈરાગ્યવંત અને જ્ઞાની છતાં તે પારકાં દુષણ કેમ પ્રગટ કરે. કહ્યું છે કે, "સ્વ-શ્લાઘા (પોતાની મોટાઈ) અને પરનિંદા કરવી એ લક્ષણ નિર્ગુણીનાં અને પર-શ્લાઘા (પારકી પ્રંસશા) અને સ્વનિંદા એ લક્ષણ સદ્ગુણીનાં છે." ત્યારપછી સૂર્ય જેમ પોતાના કીરણે કરી પૃથ્વીને પવિત્ર કરે છે તેમ તે મૃગધ્વજ કેવળી પોતાના ચરણથી પૃથ્વીને પવિત્ર કરતા અન્યત્ર વિચરવા લાગ્યા અને ઈંદ્ર સમાન પરાક્રમી શુકરાજ પોતાના રાજ્યને પાળવા લાગ્યો.

ધિઃકાર છે કામી પુરૂષોના કદાગ્રહને! કેમકે ત્યારપછી પણ ચંદ્રવતી ઉપર અત્યંત સ્નેહરાગ રાખનાર અન્યાય શિરોમણી ચંદ્રશેખર વળી શુકરાજ કુમારના ઉપર દ્રોહ કરવાને પોતાની કુળદેવી પાસે ઘણા કષ્ટો કરીને પણ યાચના કરવા લાગ્યો. દેવીએ પ્રસન્ન થઇ પૂછયું કે, તું શું માગે છે? તેણે કહ્યું–શુકરાજનું રાજ્ય મને આપ. ત્યારે તે કહેવા લાગી કે, શુકરાજ દૃઢ સમ્યકતધારી છે તેથી સિંહનો વિનાશ જેમ મૃગલી કરી શકે નહીં તેમ હું પણ તેનું રાજ્ય આપવા સમર્થ નથી. તે બોલ્યો કે, તું અચિંત્ય શકિતમાન દેવી છું તો બળથી કે છળથી પણ એનું રાજ્ય મને જરૂર આપ. આવાં અત્યંત ભકિતનાં વચનથી સુપ્રસન્ન થયેલી દેવી બોલી કે, "છળ કરીને એનું રાજ્ય લેવાનો એક ઉપાય છે, પણ બળથી લેવાનો ઉપાય એકે નથી. જો શુકરાજ કોઇક કામના પ્રસંગથી બીજે સ્થાનકે જાય તો તે વખતે તું ત્યાં જઇ એના સિંહાસનપર ચઢી બેસજે. એટલે મારી દૈવીક શકિતથી શુકરાજના સરખું તારૂં રૂપ બની જશે. પછી ત્યાં સુખેથી સ્વેચ્છાચારી સુખ ભોગવજે." એમ કહીને દેવી અલોપ થઇ ગઇ. ત્યારપછી ચંદ્રશેખરે ચંદ્રવતીને આ તમામ વાતથી વાકેફ કરી. એકદા શુકરાજને શત્રુંજય તીર્થ કરવા જવાની ઉત્કંઠા થવાથી તે પોતાની રાણીઓને કહેવા લાગ્યો કે, "હું શત્રુંજય તીર્થની યાત્રા કરવા તે મુનિઓના

આશ્રમે જઉં છું." ત્યારે રાણીઓ બોલી કે, "અમો પણ તમારી સાથે આવીશું; કેમકે, અમારે તો વળી 'એક પંથ દો કાજ' ના જેમ તીર્થની યાત્રા અને વળી અમારા માતા પિતાનો મેળાપ પણ થશે." પછી પ્રધાન પ્રમુખ બીજા કોઇને પણ કહ્યા વગર પોતાની સ્ત્રીઓને સાથે લઇ શુકરાજ વિમાનમાં બેસીને તીર્થ કરવા નીકળ્યો. આ વૃત્તાંત ચંદ્રવતીને માલમ પડતાં તરતજ તેણીએ તે ચંદ્રશેખરને જણાવ્યો કે તત્કાળ તે ત્યાં આવીને રાજ્યસિંહાસનપર પરકાયપ્રવેશવિદ્યાવાન બેસે તેમ ચઢી બેઠો. રામચંદ્રના વખતમાં ચક્રાંક વિદ્યાધરનો પુત્ર સાહસગતિ જેમ સુગ્રીવ બન્યો હતો તેમ આ વખતે આ ચંદ્રશેખર શુકરાજના રૂપે બન્યો. બધા લોકો પણ એમજ જાણે છે કે, એજ શુકરાજ રાજા છે. તે એક રાત્રે અકસ્માત્ એવો પોકાર કરી ઉઠ્યો કે, અરે સુભટો, ધાઓ–ધાઓ, આ કોઇક વિદ્યાધર મારી રાણીઓને લઇ નાશી જાય છે. તે સાંભળીને સુભટો આમ તેમ દોડવા લાગ્યા. પણ પ્રધાન પ્રમુખ તો તેમનીજ પાસે આવીને બોલવા લાગ્યા કે, સ્વામિન્, તમારી તે બધી વિદ્યાઓ કયાં ગઇ? ત્યારે તે કૃત્રિમ શુકરાજ ખેદ કરતો કહેવા લાગ્યો કે, હાં હાં!! શું કરીએ! એ દુષ્ટ વિદ્યાધર મારી સ્ત્રીઓની સાથે પ્રાણના જેવી મારી વિદ્યાઓ પણ હરી ગયો. તે વખતે તેઓએ કીધું કે, મહારાજ, તમારી સ્ત્રીઓ સહિત વિદ્યાઓ ગઇ તો ખેર. જવાદ્યો; તમારા પોતાના અંગને કુશળ છે તો બસ છે. આમ તે કપટીએ સર્વ રાજ્યમંડળ પોતાના પ્રપંચથી વશ કરી લીધું, અને ચંદ્રવતીની સાથે પૂર્વવત્ રમણ ક્રીડા કરતો વિચરવા લાગ્યો.

ત્યારબાદ કેટલેક દિવસે ખરો શુકરાજ તે તીર્થની યાત્રા કરીને વળતાં પોતાના સસરા વિગેરેને મળીને પાછો પોતાના નગરના ઉદ્યાનમાં સ્ત્રીઓ સહિત આવ્યો. આ વખતે પોતે કરેલા કુકર્મથી શંકા પામતો ચંદ્રશેખર પોતાના ગવાક્ષમાં બેઠો હતો, તે ખરા શુકરાજને આવતો જોઇ કપટથી અકસ્માત્ વ્યાકુળ બનીને કોળાહળ (પોકાર) કરવા લાગ્યો કે, અરે સુભટો, પ્રધાનો, દરબારીઓ, જુઓ–સાંભળો–જે દુષ્ટ મારી વિદ્યાઓ અને સ્ત્રીઓનું હરણ કરી ગયો છે તેજ દુષ્ટ વિદ્યાધર મારૂં રૂપ બનાવીને (ધારણ કરીને) મને ઉપદ્રવમાં નાંખવા આવે છે; માટે તમો તેની પાસે જલ્દી જાઓ અને પ્રથમજ તેને શામ વચનથી સમજાવી પાછો વાળો. કેમકે, કોઇક કાર્ય સુસાધ્ય હોય છે અને કોઇક કાર્ય દુઃસાધ્ય પણ હોય છે, માટે આવા અવસરે તો ઘણાજ યત્નથી કે યુકિતથીજ લાભ મેળવી શકાય છે. તેણે પ્રધાનાદિને આવાં વચનો કહીને તેની સામે મોકલ્યા. તેઓને આવતા જોઈ ખરા શુકરાજે પોતાના મનમાં ધાર્યું કે, આ પ્રધાન પ્રમુખ બધા મારા માનને ખાતર આવે છે તો તેઓને મારે પણ માન આપવું ઉચિત છે, તેથી તે તત્કાળ પોતાના વિમાનમાંથી ઉતરીને એક આમ્ર વૃક્ષની તળે જઇ બેઠો. તેની પાસે જઇ પ્રધાન પ્રમુખ નમી સ્તવીને કહેવા લાગ્યા કે, "હે વિદ્યાધર, વાદકારકના જેવી તમારી વિદ્યાશકિત હવે રહેવા દ્યો. અમારા સ્વામીની વિદ્યા અને સ્ત્રીઓ પણ તમેજ હરી ગયા છો તે સંબંધે હાલ અમો તમોને કાંઇ કહેતા નથી તો હવે અમારા ઉપર દયા કરીને તત્કાળ પોતાના સ્થાને ચાલ્યા જાઓ." આ શું કાંઈક વહેમમાં પડ્યા છે? શૂન્ય ચિત્ત બન્યા છે

વાયુ થયો છે? કે ભૂત પ્રેત પિશાચથી છળાણા છે? કે શું! આવા અનેક પ્રકારના સંકલ્પ કરતો વિસ્મય પામીને શુકરાજ બોલવા લાગ્યો કે, "હાહા! પ્રધાન, હું પોતેજ શુકરાજ છું, અને મને આ તું શું કહે છે." પ્રધાન બોલ્યો, "મને પણ ઠગવા ધારે છે કે શું? મૃગધ્વજ રાજાના વંશરૂપ સહકારમાં રમણ કરનાર શુકરાજ (પોપટ) સમાન અમારો સ્વામી શુકરાજ રાજા તો આ નગરમાં રહેલા મહેલમાં છે, અને તમે તો તેજ શુકરાજનું રૂપ ધારણ કરનાર કોઇક વિદ્યાધર છો. વધારે તો શું કહીયે, પણ ખરો શુકરાજ તો બીલાડીને દેખીને જેમ પોપટ ભય પામે તેમ તમારા દર્શનમાત્રનો પણ ભય રાખે છે; માટે હે વિદ્યાધરશ્રેષ્ઠ, હવે ઘણું થયું, તમો તમારે સ્થાનકે જેમ આવ્યા તેમ ચાલ્યા જાઓ."

આવાં પ્રધાનનાં વચનો સાંભળી ચિત્તમાં ખેદ પામતો ખરો શુકરાજ વિચારવા લાગ્યો કે, ખરેખર કોઇક કપટી મારૂં રૂપ ધારણ કરીને શૂન્ય રાજ્યનો સ્વામી બની બેઠો દેખાય છે. રાજ્ય, ભોજન, શય્યા, સુંદર સ્ત્રી, સુંદર મહેલ, અને ધન, એટલી વસ્તુ શૂન્ય રાખવાની શાસ્ત્રમાં મનાઇ કરી છે, કેમકે એ વસ્તુ જો સૂની રહે તો તત્કાળ તેને કોઇક પણ દબાવી સ્વામી બની બેસે છે. પણ હવે મારે શું કરવું! ખરેખર એને હણીને મારૂં રાજ્ય પાછું લેવું યોગ્ય છે; કેમકે જો એમ નહીં કરૂં તો લોકમાં મારો એવો અપવાદ થશે કે, "મૃગરાજના પુત્ર શુકરાજને કોઇક પાપી ધૂતારાએ મારી નાખીને તેનું રાજ્ય પોતે પોતાના બળથી લઇ લીધું. તો તે મારાથી કેમ સાંભળી શકાશે! ખરેખરો આ વિકટ સંકટનો વખત આવી પહોંચ્યો છે; કેમકે મેં તથા મારી બંને સ્ત્રીઓએ ઘણી નીશાનીઓ આપી, પરંતુ તે કોઇપણ પ્રધાને માન્ય કરી નહીં. હાહા! ધિઃકાર છે એ કપટીની કપટજાળને! આમ વિચારતો કાંઇક બીજો મનસુબો મનમાં ધારીને ખેદ પામતો શુકરાજ પોતાના વિમાનમાં બેસીને આકાશ માર્ગે પાછો કયાંક ચાલ્યો ગયો. તે દેખી નગરમાં રહેલા શુકરાજને પ્રધાન કહેવા લાગ્યો કે, સ્વામી, આ કપટી વિદ્યાધર વિમાનમાં બેસી પાછો જાય છે. એમ સાંભળીને તે કામતૃષાર્ત્ત (કામમાં વ્યાપેલો) પોતાના ચિત્તમાં ઘણોજ પ્રસન્ન (ખુશી) થયો. ઉદાસ ચિત્તવાળો (ખરો) શુકરાજ શુડાની પેઠે વનમાં ભમવા લાગ્યો, તેને તેની સ્ત્રીઓએ ઘણી પ્રેરણા કરી તોપણ તે પોતાના સસરાને ઘેર ગયો નહીં. કેમકે, પોતાને કાંઇક પણ દુઃખ પડયું હોય ત્યારે પંડિત પુરૂષોએ પોતાના કોઇપણ સ્વજન વર્ગીને ત્યાં જવું જ ન જોઇએ, અને સસરાને ઘેર તો આડંબર વિના જવું જ નહીં, એમ નીતિશાસ્ત્રમાં લખેલ છે માટે કેમ જવાય. વળી કહેલ છે કે,

समायां व्यवहारे च, वैरिषु श्वसुरौकसि ।
आडंबराणि पूज्यंते, स्त्रीषु राज्यकुलेषु च ॥ १ ॥

"સભામાં, વ્યાપારીઓમાં, દુશ્મનોમાં, સસરાને ઘેર, સ્ત્રી મંડળમાં અને રાજ દરબારમાં, (એટલાં સ્થાનકે) આડંબર વિના માન ન પામીયે."

શૂન્ય વનના વાસમાં જોપણ વિદ્યાબળથી સર્વ સુખભોગની સામગ્રી તૈયાર કરી લીધી છે તોપણ પોતાનું રાજ્ય પારકો પચાવી પડ્યાની ચિંતાથી શુકરાજે છ મહીના મહાદુઃખમાં ને દુઃખમાં નિર્વાહ કર્યો. અતિ ખેદકારક વાત છે કે, આવા મહાન્ પુરૂષોને પણ મોટો ઉપદ્રવ ભોગવવો પડ્યો. કયા પુરૂષને સર્વ સુખમય સરખા દિવસ હશે! કહ્યું છે કે,

कस्य वक्तव्यता नास्ति, को न जातो मरिष्यति ।
केन न व्यसनं प्राप्तं, कस्य सौख्यं निरंतरं ॥ १ ॥

"કોને કહેણી નથી, કોણ જન્મ્યો નથી, કોણ મરણ પામતો નથી, કોને કષ્ટ (દુઃખ) નથી, અને કોને સદાય સુખ હોય છે."

એકદા પ્રસ્તાવે સોરઠ દેશમાં વિચરતાં જેમ નદીનું પૂર પર્વતથી ખળાય તેમ તેનું (શુકરાજ) નું વિમાન આકાશે જતાં ખળાયું; ત્યારે બળ્યાનો ફોલ્લો, દાઝ્યા ઉપર ડામ, પડ્યા ઉપર પાટું, ચાંદા ઉપર ક્ષારલેપ, જેમ દુઃખદાયી હોય તેમ તેથી તેનું ચિત્ત શૂન્ય બની ગયું. પછી તે પરાક્રમી તત્કાળ નીચે ઉતરીને વિમાન ચાલતું અટકવાનું કારણ શું છે, તે તપાસવા લાગ્યો કે તરતજ ત્યાંની જમીનપર જેમ મેરૂ પર્વત ઉપર કલ્પવૃક્ષ શોભતો હોય તેમ સુવર્ણકમળ ઉપર બેઠેલા દેવતાઓએ સેવિત પોતાના પિતા મૃગધ્વજ નામા કેવળીને તેણે દીઠા. તત્કાળજ ખરી ભક્તિથી તેમને પ્રણામ કરીને તેણે આશ્રિત જનનું દુઃખ માતા પીતા, વહાલા મિત્ર કે સ્વામીને નિવેદન કરવાથી એકવાર (કાંઇક) શાંત થાય છે માટે પોતાનું રાજ્ય ગયા વિશેનો વૃત્તાંત જણાવ્યો. કેવળી મહારાજે કહ્યું કે, એ પણ મનત પૂર્વભવના પાપકર્મનો વિપાક ઉદય થવાથીજ થયું છે. મને શા કર્મનો વિપાક ઉદય આવ્યો છે, એમ તેણે પૂછ્યાથી ઉત્તર આપતાં ગુરૂ બોલ્યા કે, હે શુકરાજ સાંભળઃ—

"તારા પૂર્વના જીતારીના ભવથી પણ પહેલાં કોઇક ભવમાં તું ભદ્રક પ્રકૃતિવાન્ ન્યાયનિષ્ઠ શ્રી નામના ગામમાં ચોક ઠાકોર હતો. તને તારા પિતાએ પોતાનું રાજ્ય સોંપ્યું હતું, અને તારાથી નાનો આતંકનિષ્ઠ નામે તારો ઓરમાન ભાઇ પ્રકૃતિયે ક્રુર હતો તેને કેટલાંએક ગામ આપ્યાં હતાં. પોતાને ગામથી બીજે ગામ જતાં એક વખત આતંકનિષ્ઠ તને તારા નગરમાં મળવા આવ્યાથી તેં તેને પ્રેમ પૂર્વક બહુમાન આપી કેટલાક દિવસ પોતાની પાસે રાખ્યો. દરમ્યાન એકદા પ્રસ્તાવે હાંસીમાત્રમાં તેં તેને એમ કહ્યું કે, "તું કેવો મારી પાસે કેદીના જેમ પકડાયો છું! હવે તારે મારા બેઠાં શી રાજ્યની ચિંતા છે? હાલ તું અહિંયાંજ રહે, કેમકે મોટા ભાઇ બેઠાં (છતાં) નાના ભાઇએ શામાટે કલેશકારક રાજ્યની ખટપટ રાખવી જોઇએ! ઓરમાન ભાઇનાં આવાં વચન સાંભળતાં વાર તે બીકણ હોવાથી મનમાં વિચારવા લાગ્યો કે, "અરે! આ મારૂં રાજ્ય તો ગયું કે શું! હાહા! મહાખેદની વાત બની કે હું અહિંયાં આવ્યો. હાય હાય! હવે હું કેમ કરીશ, મારૂં રાજ્ય મારે હાથ રહેશે કે જતુંજ રહેશે!" એમ આકુળ વ્યાકુળ થઇને

વારંવાર તે મોટા ભાઈ પાસે પોતાને ગામ જવાની રજા માગવા લાગ્યો. કેટલીક વાર પછી તેણે જ્યારે જવાની રજા આપી ત્યારે જાણે જીવતોજ રહ્યો હોય નહીં (નવે અવતારેજ આવ્યો હોય નહીં)! એમ પોતાના આત્માને માની તે ત્યાંથી જીવ લઇને નાઠો. જ્યારે તે એને એવાં વચનો કહ્યાં ત્યારે (એ પૂર્વભવને વિષે) તેં એ નિકાચિત કર્મ બંધન કર્યું; તેનાજ ઉદયથી આ તારા રાજ્યનો દુઃસહ્ય (દુઃખે સહવા યોગ્ય) નાશ થયો. જેમ વાનરો ફાળ ચુકવાથી દીન બની જાય છે તેમ પ્રાણી સંસારી ક્રિયા કરી કર્મબંધન કરે છે તે વખતે ગર્વિત હોય છે, પણ જ્યારે તેનો ઉદય આવે છે ત્યારે ખરેખર દીન બની જાય છે."

અદ્યપિ તે ચંદ્રશેખર રાજાનું દુરાચરણ કેવળી મહારાજ સર્વ જાણે છે તથાપિ તેણે પૂછેલ ન હોવાથી તેઓએ કાંઇપણ કહ્યું નહીં. એવો કોઇનો પણ દુરાચાર કેવળી પ્રગટ કરેજ નહીં. સંસારીક કાર્યોમાં સ્વભાવથીજ ઉદાસ હોવાને લીધે અને જ્ઞાનનું એજ ફળ ગણવાને લીધે કેવળી પોતાની જ્ઞાન શક્તિથી અનેક જનોનાં દુરાચાર સાક્ષાત્પણે જાણતાં છતાં પણ વગર પૂછે કોઇને કહેતાજ નથી.

બાળકના જેમ પોતાના પિતા (મૃગધ્વજ કેવળી)ના પગને વળગીને શુકરાજ કહેવા લાગ્યો કે, "હે સ્વામિન્ તમારા દેખતાં આ રાજ્ય કેમ જાય! ધન્વંતરી વૈદ્ય મળે છતે રોગનો ઉપદ્રવ કેમ ટકે! આંગણાં આગળ કલ્પવૃક્ષ છતે ઘરમાં દારીદ્ર ક્યાંથી થાય! સૂર્ય ઉદય થયે અંધકાર ક્યાંસુધી ટકે! માટે એવો કોઇક ઉપાય બતાવો કે જેથી આ મારૂં કષ્ટ દૂર થાય." એવી અનેક પ્રાર્થના કરી ત્યારે કેવળી બોલ્યા કે, "ગમે તે દુઃસાધ્ય કાર્ય હોય તોપણ ધર્મ ક્રિયાથી સુસાધ્ય બની શકે છે; માટે અહિંયાં નજીકમાં આવેલા વિમળાચળ નામના તીર્થ ઉપર રહેલા શ્રી ઋષભદેવ સ્વામીની યાત્રા ભક્તિ સહિત કરીને એજ પર્વતની ગુફામાં સર્વ કાર્યની સિદ્ધિ આપવામાં સ્વતંત્ર (સમર્થ) એવા પંચ પરમેષ્ઠી નવકાર મંત્રનુ ષટ્માસ (છ મહિના) પર્યંત ધ્યાન કર, કે જેથી જેમ સિંહને દેખી શિયાળ નાશે તેમ તારો શત્રુ પોતાનું કપટ ખુલ્લું થઇ જવાથી પોતાની મેળેજ નાશ પામી જશે (દૂર થશે). ગુફામાં રહીને ધ્યાન ધરતાં જ્યારે વિસ્તાર પામતું મોટું તેજ પ્રગટ થાય ત્યારે તારૂં કાર્ય સિદ્ધ થયું (શત્રુ નાશી ગયો) એમ જાણજે. દુર્જય એવા પણ શત્રુને જીતવાનો ખરો ઉપાય એજ છે." અપુત્રિયો પુત્રની પ્રાપ્તિ સાંભળી પ્રસન્ન થાય તેમ તે શુકરાજ સાધુ (કેવળી મહારાજ)નાં વચનો સાંભળી પ્રસન્ન થયો. ત્યાર પછી તેમને વિનયપૂર્વક વંદન કરીને વિમાનમાં બેસી તે વિમળાચળ તીર્થે ગયો. ત્યાં પ્રથમ તીર્થનાથ શ્રી ઋષભદેવ સ્વામીની ઘણી ભક્તિ સહિત યાત્રા કરીને સર્વ પાપનો ઉચ્છેદક (નાશ કરનાર) નવકાર મંત્ર યોગીના જેમ નિશ્ચલ વૃત્તિથી તેમના બતાવ્યા પ્રમાણે એવો જપવા લાગ્યો કે, અનુક્રમે છ માસે અકસ્માત્ જાણે પોતાનું જ હોય નહીં! એમ વિસ્તાર પામતું તેજ પ્રગટ થવા લાગ્યું. એવા અવસરે ચંદ્રશેખરની ગોત્રદેવી તેની પાસે આવી કહેવા લાગી કે, "હે ચંદ્રશેખર, હવે ઘણું થયું, તું તારે સ્થાનકે ચાલ્યો જા. કેમકે મારા પ્રભાવથી શુકરાજના જેવું જે

તારૂં રૂપ બનેલું હતું તેવું રૂપ રાખી શકું એવી હવે મારામાં શક્તિ રહી નથી. હું પોતે પણ નિઃશક્તિ બની જવાથી મારે સ્થાને જઉં છું, અને તું પણ હવે ઘણું થયું માટે ઉતાવળો તારે સ્થાનકે ચાલ્યો જા. હવે તત્કાળજ તારૂં મૂળરૂપ બની જશે." એમ કહીને જેટલામાં દેવી જાય છે એટલામાં તો તરતજ તેનું રૂપ બદલાઇ ગયું. આવાં વચન સાંભળનાર ચંદ્રશેખર લક્ષ્મીથી ભ્રષ્ટ થયેલાની પેઠે હર્ષ રહિત ચિંતામાં પડ્યો થકો ચોરની માફક જેવામાં ત્યાંથી નાઠો એવામાં તો તત્કાળ ત્યાં શુકરાજ આવી પહોંચ્યો. પહેલાનાં શુકરાજનાજ જેવું આ ખરા શુકરાજનું રૂપ દેખીને દીવાન પ્રમુખ સર્વે તેને બહુમાન આપીને તેના વધારે સ્વરૂપથી વાકેફ ન હોવા છતાં પણ હર્ષથી વિચારવા લાગ્યા કે, ખરેખર કોઇક કપટીજ આ શુકરાજનું રૂપ ધારણ કરી આવેલો હતો તે હમણાંજ જતો રહ્યો.

શુકરાજને પોતાનું રાજ્ય પ્રાપ્ત થયું એટલે તે નચિંત થયો થકો પૂર્વની પેઠે પોતાની પ્રજાને પાળવા લાગ્યો. પછી પ્રગટપણે પોતે (શત્રુંજય સેવનનું) ફળ જોયેલ હોવાથી રાજ્ય કરતાં તે ઇંદ્ર જેવો સંપદાવાન્ બનીને દૈવીક કાંતિવાળા નવા બનાવેલા વિમાનાદિકના આડંબર સહીત સર્વ સામંત, પ્રધાન, વિદ્યાધરો વિગેરેના મોટા પરિવાર મંડળને સાથે લેઇ મહોત્સવપૂર્વક વિમળાચળ તીર્થ ઉપર યાત્રા કરવાને આવ્યો. તેની સાથે સદાચાર સેવવાથી જાણે કોઇએ મારો દુરાચાર તો જાણ્યોજ નથી, એમ ધારતો શંકા રહિત ચંદ્રશેખર પણ વિમળાચળની યાત્રા કરવા આવ્યો હતો. શુકરાજ સિદ્ધાચળે આવી તીર્થનાયક (ઋષભદેવ સ્વામી) ને નમી, સ્તવી, પૂજીને મોટા મહોત્સવ કરી સર્વ સમક્ષ એમ બોલવા લાગ્યો કે, "આ તીર્થ ઉપર પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરવાથી મને શત્રુનો જય થયો (હું શત્રુથી મુક્ત-ભય રહિત થયો) માટે આ તીર્થનું "શત્રુંજય" એવું નામ અર્થ સહિત જ છે. એ નામથી આ તીર્થ મહા મહિમાવંત થશે." ત્યારપછી એ તીર્થ એ (શત્રુંજય) નામથી પૃથ્વીમાં ઘણુંજ પ્રસિદ્ધ થયું છે. આવા અવસરે ચંદ્રશેખર પણ શીતળ પરિણામથી તીર્થનાયકને દેખીને અત્યંત ઉલસાયમાન (રોમાંચિત્ત) થયો થકો પોતે કરેલાં કપટ અને પાપને નિંદવા લાગ્યો. ત્યાં તેને મહોદય પદધારી મૃગધ્વજ કેવળી મહારાજ મળ્યા ત્યારે તેમને મોક્ષાર્થી થકો તે પૂછવા લાગ્યો કે, "સ્વામિન્, મારો કોઇપણ પ્રકારે કર્મથી છુટકો થશે કે કેમ?" ત્યારે કેવળી મહારાજે જણાવ્યું કે, "આ તીર્થ ઉપર મન, વચન, કાયાની શુદ્ધિથી આલોયણ લઇ પશ્ચાતાપ કરી ઘણા આકરા તપ કરીશ તો તારાં પણ પાપ તીર્થ મહિમાથી જતાં રહેશે. કહ્યું છે કેઃ—

जन्मकोटिकृतमेकहेलया, कर्म तीव्रतपसा विलीयते ॥
किं न दाह्यमतिबह्वपि क्षणा, दुच्छ्रितेन शिखिनात्र दह्यते ॥ १ ॥

"તીવ્ર (આકરા) તપ કરવાથી કરોડો ભવમાં કરેલાં કર્મ (પાપ) લીલા માત્રે જતાં રહે છે. ઉંચી અને આકરા અગ્નિની શિખામાં શું મોટાં કાષ્ઠ (લાકડાં) બળ્યા વિના રહે છે?" (અર્થાત્ નથી રહેતાં એટલે બળી જાય છે તેમજ તપથી પાપ નાશ પામે છે.)

આવાં વચન સાંભળીને તેજ મૃગધ્વજ કેવળીની પાસે પોતાનાં સર્વ પાપની આલોયણ લઇ માસખમણ વિગેરે ઘણા આકરા તપ તપીને તેજ તીર્થે ચંદ્રશેખર મોક્ષપદ પામ્યો.

નિષ્કંટક રાજ્ય સુખ ભોગવતો શુકરાજ રાજા પરમાર્હત્ (શુદ્ધ સમ્યકતધારી) પુરૂષોમાં એકજ દૃષ્ટાંત રૂપ થયો. વળી તેણે બાહ્ય (રાજાઓ) અભ્યંતર (ક્રોધાદિક) બે પ્રકારના શત્રુઓને જીત્યા; રથ યાત્રા, તીર્થ યાત્રા, સંઘ યાત્રા, એમ ત્રણ પ્રકારની યાત્રા ઘણી વાર કરી; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એમ ચાર પ્રકારનાં શ્રી સંઘની સમયે સમયે ભકિત કરી. એમ અનેક પ્રકારે વારંવાર તેણે ધર્મ સેવન કર્યું. પદ્માવતી પટરાણી, વાયુવેગા લઘુ પટરાણી, એમજ બીજી પણ ઘણી વિદ્યાધરની પુત્રિઓ તેને રાણીઓપણે થઇ (અર્થાત તે ઘણી સ્ત્રીઓનો સ્વામી થયો). પદ્માવતી પટરાણીને પેટે પદ્માકર નામનો લક્ષ્મીના સ્થાન સમાન અને વાયુવેગાને પેટે વાયુસાર નામે પુત્ર પેદા થયા. તે બન્ને જણા કૃષ્ણના પુત્ર સામ્બ અને પ્રદ્યુમ્ન કુમારની પેઠે પોતાના ગુણે કરીને તેમના પિતા (શુકરાજ)ના જેવાજ થયા, તેથી શુકરાજે પદ્માકરને રાજ્ય અને વાયુસારને યુવરાજપદ ખુશીથી સોંપ્યાં. પછી બન્ને રાણીઓ સહિત દીક્ષા લઇને તે ભાવ શત્રુનો જય અને ચિત્તને સ્થિર કરવા માટે શત્રુંજય તીર્થે આવ્યો. પણ આશ્ચર્ય છે કે, "તે મહાત્મા (શુકરાજ) જેમ પર્વતપર પગથીયાં ચઢવા લાગ્યો, તેમજ શુકલ ધ્યાનના ઉપયોગથી ક્ષપકશ્રેણિરૂપ પગથીયે ચઢતાંજ કેવળજ્ઞાન પામ્યો. ત્યારપછી ઘણા કાળ સુધી પૃથ્વી પર વિચરતે અનેક પ્રાણીઓના અજ્ઞાન અને મોહરૂપ અંધકાર દૂર કરીને અનુક્રમે બન્ને સાધ્વીઓ (સ્ત્રીઓ) સહિત શુકરાજ કેવળી મોક્ષસંપદા પામ્યા.

ઇતિ શુકરાજનું આશ્ચર્યકારી
ચરિત્ર સમાપ્ત.

શ્રી સિદ્ધાચળજીના એકસો આઠ ખમાસમણાના દૂહા.

સિદ્ધાચળ સમરો સદા, સોરઠદેશ મોઝાર;
મણુઅજનમ પામી કરી, વંદો વારહજાર. ૧
અંગ વસન મન ભૂમિકા, પૂજો પગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર' ૨
કાર્ત્તિક શુદ પુનિમ દિને, દશ કોટિ પરિવાર;
દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્ત્તિકી દિને, સંઘ સકળ પરિવાર;
આદિદેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર. ૪
એકવીસ નામે વરણવો, તિહાં પહેલું અનિધાન;
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. ૫
સિદ્ધાચળ૦ (એ દુહો ખમાસમણ દીઠ કહેવો)

શ્રી શત્રુંજયપર્વતાય નમોનમઃ

સમોસર્યા સિદ્ધાચળે, પુંડરિક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મઝાર. ૬
ચૈત્રી પુનિમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭
તિણે કારણ પુંડરિકગિરી, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદિયે, ઉઠી નિત્ય પ્રભાત. ૮ સિ૦

પુંડરિકપર્વતાય નમોનમઃ

વીસ કોડિશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ;
એમ અનંત મુગતિ ગયા, સિદ્ધખેત્ર તિણે નામ. ૯ સિ૦

શ્રી સિદ્ધખેત્ર પર્વતાય નમોનમઃ

અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક;
તુંબિ જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલ ધામ;
અચળ પદે વિમલા થયા, તિણે વિમળાચળ નામ. ૧૧ સિ૦

શ્રી વિમલાચળપર્વતાય નમોનમઃ

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુએ સ્નાતકપદે, સૂરગિરી નામ ઠરાય. ૧૨
અથવા ચૌદે ખેત્રમાં, એ સમો તીર્થ ન એક;
તિણે સુરગિરી નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩ સિ૦

શ્રી સુરગિરીપર્વતાય નામોનમઃ

અયસી જોજન પૃથુલ છે, ઊંચપણે છવીસ;
મહિમા એ મોટો ગિરી, મહાગિરી નામ નમીશ. ૧૪ સિ૦

શ્રી મહાગિરિપર્વતાય નમોનમઃ

ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનીક;
જેહવો તેહવો સંજમી, એ તીરથે પૂજનિક. ૧૫
વિપ્ર લોક વિષધર સમા, દુખિયા ભૂતળ માન;
દ્રવ્યલિંગી કણ ખેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુણ્યનું કામ;
પુણ્યરાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ ૧૭ સિ૦

શ્રી પુણ્યરાશપર્વતાય નમોનમઃ

સંજમધર મુનિવર ઘણા, તપ તપતાં એક ધ્યાન;
કર્મ વિજોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરી નિરધાર. ૧૯ સિ૦

શ્રીપદગિરીપર્વતાય નમોનમઃ

શ્રી સીમંધર સ્વામીયે, એ ગિરી મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વરણવે, તિણે એ ઇંદ્રપ્રકાશ. ૨૦ સિ૦

શ્રી ઇંદ્રપ્રકાશપર્વતાય નમોનમઃ

દશ કોટિ અણુવ્રતધરા, ભક્તિ જમાડે સાર;
જૈન તીરથ જાત્રા કરી, લાભ તણો નહિં પાર. ૨૧
તેહ થકી સિદ્ધાચળે, એક મુનીને દાન;
દેતાં લાભ ઘણો હુએ, મહાતીરથ અભિધાન. ૨૨ સિ૦

શ્રી મહાતીર્થપર્વતાય નમોનમઃ

પ્રાયે એ ગિરી શાશ્વતો, રહેશે કાળ અનંત;
શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત. ૨૩ સિ૦

શ્રી શાશ્વતગિરિપર્વતાય નમોનમઃ

ગૌ નારી બાળક મુની, ચઉ હત્યા કરનાર;
જાત્રા કરતાં કાર્ત્તિકી, ન રહે પાપ લગાર. ૨૪ સિ૦
જે પરદારા લંપટી, ચોરીના કરનાર;
દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યનાં, જે વળી ચોરણ હાર. ૨૫
ચૈત્રી કાર્ત્તિકી પુનમે, કરે યાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તિણે દૃઢશક્તિ નામ ૨૬ સિ૦

શ્રી દૃઢશક્તિપર્વતાય નમો નમઃ

ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરી તેહ. ૨૭ સિ૦

શ્રી મુક્તિનિલયગિરિ પર્વતાય નમોનમઃ

દ્રવ્ય ભાવ વેરી તણા, જિહાં આવ્યા હોય સિતિ;
તે સિદ્ધાચળ સમરીયે, જાયે ભવની ભિતિ. ૨૮ સિ૦

શ્રી મહાનંદપર્વતાય નમોનમઃ

જગહિતકારી જિનવરા, આવ્યા ઇણુહિજ ઠામ; તે સિ૦ જસ મહિમા ઉદ્દામ.૨૯
શ્રી કર્મસોદનપર્વતાય નમોનમ:
નદી શેત્રુંજી સ્નાન કરી, મિથ્યામલ ધોવાય; તે સિ૦ સવિજનને સુખદાય. ૩૦
શ્રી અકલંકપર્વતાય નમોનમ:
આઠે કર્મ તે સિદ્ધગિરે, ઉદય તિવ્ર વિપાક; તે સિ૦ જિહાં નવિ આવે કાંક. ૩૧
શ્રી સુંદર્ય્ય પર્વતાય નમોનમ:
સિદ્ધ સલા તપનીય પયમ, રત્ન સ્ફાટીક ખાણુ; તે સિ૦ પામ્યા કેવળ નાણુ. ૩૨
શ્રી વિભાસનપર્વતાય નમોનમ:
સોવન રૂપને રત્નની, ઉષધિ જાતિ અનેક; તે સિ૦ ન રહે પાતિક એક. ૩૩
શ્રી અમરકેતુ પર્વતાય નમોનમ:
સંમજધારી સંજમે, પાવન હોય જિણુ ખેત્ર; તે સિ૦ હેવા નિરમલ નેત્ર. ૩૪
શ્રી મહાકર્મસૂદનપર્વતાય નમોનમ:
શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઓછવ પૂજા સ્નાત્ર; તે સિ૦ પોષે પુન્ય સુપાત્ર. ૩૫
શ્રી મહોદયપર્વતાય નમોનમ:
સાહમીવછલ પુન્ય જિહાં, અનંત ગુણુ કહેવાય; તે સિ૦ સોવન ફૂલ વધાય. ૩૬
શ્રી રાજરાજેશ્વરપર્વતાય નમોનમ:
સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત; તે સિ૦ ત્રિભુવનમાંહે વિદીત. ૩૭
શ્રી ઢીંકપર્વતાય નમોનમ:
પાલીતાણું પૂરણુ ભલું, સરોવર સુંદર પાળ; તે સિ૦ જાયે સકળ જંજાળ. ૩૮
શ્રી માલવતોયપર્વતાય નમોનમ:
મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય; તે સિ૦ ગુણુમણિ ભાવ લખાય. ૩૯
શ્રી સુરગિરીપર્વતાય નમોનમ:
જિણે ગિરી રૂખ સોહામણો, કુંડે નીરમળ નીર; તે સિ૦ ઉતારે ભવજળ તીર. ૪૦
શ્રી આનંદમંદિર પર્વતાય નમોનમ:
મુગતી મંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ; તે સિ૦ લહિયે સિવપુર રાજ.૪૧
શ્રી મહાજસપર્વતાય નમોનમ:
કર્મ કોટ અઘ વિઘટ્ટ ભવ, દેખી ધ્રુજે અંગ; તે સિ૦ દિન દિન ચઢતે રંગ. ૪૨
શ્રી વિજયભદ્રપર્વતાય નમોનમ:
ગોરી ગિરવર ઉપરે, ગાવે જિનવર ગીત; તે સિ૦ સુણે સાસન રીત. ૪૩
શ્રી ઢીંકગિરી પર્વતાય નમોનમ:
કવડ જક્ષ રખવાળ જસ, અહર્નિસ રહે હજૂર; તે સિ૦ અસૂરાં રાખે દૂર. ૪૪
શ્રી અનંતશકિતપર્વતાય નમોનમ:
ચીત્ત ચતુરાં ચકેશરી, વિઘન વિનાસણુ હાર; તે સિ૦ સંઘતણી કરે સાર. ૪૫
શ્રી વિજયાનંદપર્વતાય નમોનમ:
સુરવરમાં મઘવા જથા, ગ્રહગણુમાં જિમ ચંદ; તે સિ૦ તિમ સવિ તીરથે ઇંદ. ૪૬
શ્રી મહાતીર્થપર્વતાય નમોનમ:

દીઠો દુરગતિ વારણો, સમર્થો સારે કાજ; તે સિ૦ સવિ તીરથ સીરતાજ. ૪૭
શ્રી શાસ્વતતીર્થ પર્વતાય નમોનમઃ
પુંડરીક પાંચ કોડીશું, પામ્યા કેવળ જાણ; તે સિ૦ કર્મતણી હોયે હાણ. ૪૮
શ્રી મહાશૈલ્યપર્વતાય નમોનમઃ
મુનીવર કોટી દસ સહિત, દ્રાવડને વારીખેણ; તે સિ૦ ચઢીયા સિવની શ્રેણ. ૪૯
શ્રી ભદ્રંકરપર્વતાય નમોનમઃ
નમી વિનમી વિદ્યાધરા, દોય કોડ મુની સાથ; તે સિ૦ પામ્યા સિવપુર સાથ. ૫૦
શ્રી મહાપર્વતાય નમોનમઃ
ઋષભવંસી નરપતી ઘણા, એણે ગિરી પોહતા મોક્ષ; તે સિ૦ ટાળ્યાં ઘાતિક દોષ. ૫૧
શ્રી અજરામરપર્વતાય નમોનમઃ
રામ ભરત બિહુ બાંધવ, ત્રણ કોડ મુની યુત; તે સિ૦ એણે ગિરિ સિદ્ધિ સંપત. ૫૨
શ્રી મહાપીઠપર્વતાય નમોનમઃ
નારદ મુનીવર નીર્મળો, સાધુ એકાણું લાખ; તે સિ૦ પ્રવન પરગટ ભાખ. ૫૩
શ્રી સુદર્શન પર્વતાય નમોનમઃ
સાંબ પ્રદ્યુમ્ન સુરીખી કહ્યું, સાઢી આઠે કોડ; તે સિ૦ પુરવ કર્મ વિછોડ. ૫૪
શ્રી ચર્ચગિરી પર્વતાય નમોનમઃ
થાવચ્ચા સૂત મુની સહેસશું, અણુસણ રંગે કીધ; તે સિ૦ વેગે સિવ પદ લીધ. ૫૫
શ્રી તાલધ્વજગિરિ પર્વતાય નમોનમ;
કાંકરે કાંકરે સિદ્ધજી, અનંતા કહેવાય; તે સિ૦ સુરનર જસ ગુણ ગાય. ૫૬
શ્રી ખેમંકર પર્વતાય નમોનમઃ
સુકપરમાચારજ વળી, એક સહસ્સ અણગાર; તે સિ૦ પામ્યા સિવપુર દ્વાર. ૫૭
શ્રી અનંતગુણાકરગિરીપર્વતાય નમોનમઃ
સૈલંગ સુરી મુની પાંચસે, સહિત હુઆ સિવનાહ; તે સિ૦ અંગેધરી ઉછાહ. ૫૮
શ્રી દૃઢશકિતગિરી પર્વતાય નમોનમઃ
વીસ કોડ મુનીરાજશું, પાંચે પાંડવ સિદ્ધ; તે સિ૦ કેવળ દુગ જેણે લીધ. ૫૯
શ્રી શિવંકરગિરી પર્વતાય નમોનમઃ
ઇમ બહુ સિદ્ધા ઇણે ગિરે, કહેતાં નાવે પાર; તે સિ૦ શાસ્ત્રમાંહે અધિકાર. ૬૦
શ્રી કેવળદાયકગિરી પર્વતાય નમોનમઃ
બીજ ઇહાં સમકિત તણું, રોપે આતમ ભોમ; તે સિ૦ ટાળે પાતિક ધૂમ. ૬૧
શ્રી કર્મક્ષયગિરી પર્વતાય નમોનમ;
ભ્રમ સ્ત્રી બાળક ગૌહત્યા, પાપે ભારીત જેહ; તે સિ૦ પોહતા સિવપુર છેહ. ૬૨
શ્રીજ્યોતીસ્વરૂપગિરી પર્વતાય નમોનમઃ
જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ; તે સિ૦ તીરથ માંહે ઉકીઠ. ૬૩
શ્રી હિમગિરી પર્વતાય નમોનમઃ
ધન ધન શોરઠ દેશ જિહાં, તીરથ માંહે સાર; તે સિ૦ જનપદમાં સિરદાર. ૬૪
શ્રી નગાધિરાજગિરી પર્વતાય નમોનમઃ

અહનીસી આવત ઢુંકડી, તેહ પણ જેહને સંગ; તે સિ૦ પામ્યા સિવવધુ રંગ. ૬૫
શ્રી અચલગિરી પર્વતાય નમોનમઃ
વિરાધક જિન આણના, તે પણ હુઆ સુદ્ધ; તે સિ૦ પામ્યા નીરમળ બુધ. ૬૬
શ્રી અભિનંદગિરી પર્વતાય નમોનમઃ
મહા મ્લેચ્છ શાસન રીપુ, તે પણ હુઆ ઉપસંત; તે સિ૦ મહિમા દેખી મહંત. ૬૭
શ્રી સ્વર્ણગિરી પર્વત નમોનમઃ
મંત્રયોગ અંજન સવે, સિદ્ધ હોયે જિણે ઠામ; તે સિ૦ પાતિકહારી નામ. ૬૮
શ્રી પરમબ્રમગિરી પર્વતાય નમોનમઃ
સુમતી સુધારસ વરસતે, કામ દાવાનલસંત; તે સિ૦ ઉપસમ રસ ઉલસંત. ૬૯
શ્રી મહેંદ્રધ્વજગિરી પર્વતાય નમોનમઃ
શ્રુતધર જે નિતુ ઉપદિસે, તત્વાતત્વ વિચાર; તે સિ૦ ગ્રહે ગુણયુત આ ર. ૭૦
શ્રી વિશ્વાધિસગિરી પર્વતાય નમોનમઃ
પ્રીય મેલક ગુણગણ તણો, કીરતી કમલા સિંધુ; તે સિ૦ કલિકાળે જગબંધુ. ૭૧
શ્રી કદંબકગિરી પર્વતાય નમોનમઃ
શ્રીશ્રીશાંતિકરણ તરણ, જેહની ભકિત વિસાલ; તે સિ૦ દિન દિન મંગલ માલ. ૭૨
શ્રી મહિધરગિરી પર્વતાય નમોનમઃ
સ્વેત ધ્વજા જસ લહકતી, ભાખે ભવિને એમ; તે સિ૦ ભ્રમણ કરોછો કેમ. ૭૩
શ્રી હસ્તગિરી પર્વતાય નમોનમઃ
સાધક સિદ્ધ દશાભણી, આરાધે એક ચિત; તે સિ૦ સાધન પરમ પવિત. ૭૪
શ્રી પ્રિયંકરગિરી પર્વતાય નમોનમઃ
સંઘપતિ થઇ એહની, જે કરે ભાવે જાત્ર; તે સિ૦ તસ હોયે નિર્મળ ગાત્ર. ૭૫
શ્રી દુઃખહરગિરિ પર્વતાપ નમોનમઃ
સૂદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ; તે સિ૦ જેહનો જસ છે અભંગ. ૭૬
શ્રી જયાનંદગિરી પર્વતાય નમોનમઃ
રાયણવૃક્ષ સોહામણું, જિહાં જિનેશ્વર પાય; તે સિ૦ સેવે સુરનર રાય. ૭૭
શ્રી આનંદધરગિરિ પર્વતાય નમોનમઃ
પગલાં પૂજી ઋષભનાં, પૂજી ઉપજે ઉમંગ; તે સિ૦ સુમતા પાવન અંગ. ૭૮
શ્રી જસોધરગિરી પર્વતાય નમોનમઃ
વિદ્યાધર જિહાં મળે બહુ, વિચરે ગિરિવર શ્રૃંગ; તે સિ૦ દિન દિન ચઢતે રંગ. ૭૯
શ્રી સહસ્રકમલગિરી પર્વતાય નમોનમઃ
માલતિ મોગર કેતકી, પરિમલ મોહેભૃંગ; તે સિ૦ પૂજે ભવિ એકાંગ. ૮૦
શ્રી વિશ્વપ્રભાવકગિરી પર્વતાય નમોનમઃ
અજિત જિનેસર જિહાં રહ્યા, ચોમાસુ ગુણ ગેહ; તે સિ૦ આણિ અવિહડ નેહ. ૮૧
શ્રી તમોકંદનગિરી પર્વતાય નમોનમઃ
શાંતિ જિનેશર સોલમા, સોલ કષાય કરી અંત; તે સિ૦ ચાતુરમાસ રહંત. ૮૨
શ્રી વિસાલગિરી પર્વતાય નમોનમઃ

નેમ વિના જિનવર સવે, આવ્યા જેણે ઠામ; તે સિં૦ સુદ્ધ કરે પરિણામ. ૮૩
શ્રી હરીપ્રિયગિરી પર્વતાય નમોનમ:
નમી નેમ જિન અંતરે, અજિત શાંતિસ્તવ કીધ; તે સિં૦ નંદીખેણ સુપ્રસિદ્ધ ૮૪
શ્રી સુરકાંતગિરી પર્વતાય નમોનમ:
ગણધર મુની પાઠિક તિમ, લાભ લહ્યા કેઈ લખ, તે સિં૦ જ્ઞાન અમૃત રસ ચખ. ૮૫
શ્રી પુન્યકેસગિરી પર્વતાય નમોનમ:
નિત્ય ઘંટા ટંકારવે, રણઝણે ઝલ્લરી નાદ; તે સિં૦ દુંદુભી માદલ વાદ. ૮૬
શ્રી વિજયગિરી પર્વતાય નમોનમ:
જેણે ગિરી ભરત નરેસર, કીધો પ્રથમ ઉદ્ધાર; તે સિં૦ મણીમય મૂરત સાર. ૮૭
શ્રી ત્રિભુવનપતિગિરી પર્વતાય નમોનમ:
ચોમુખ ચૌગતિ દૂખ હરે, સોવનમગ સુવિહાર; તે સિં૦ અક્ષય સુખ દાતાર. ૮૮
શ્રી વૈજયંતગિરી પર્વતાય નમોનમ:
દ્રવ્ય ભાવ વૈરી તણા, જેહથી થાયે અંત; તે સિં૦ શેત્રુંજય સમરંત. ૮૯
શ્રી જયંતગિરી પર્વતાય નમોનમ:
પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ; તે સિં૦ પુંડરગિરીવર નામ. ૯૦
શ્રી સર્વાર્થસિદ્ધગિરી પર્વતાય નમોનમ:
ઇત્યાદિક મોટા કહ્યા, સોળ ઉદ્ધાર સફાર; તે સિં૦ લઘુ અસંખ્ય વિચાર. ૯૧
શ્રી ભવતારણગિરી પર્વતાય નમોનમ:
કાંકરે કાંકરે એણેગિરે, સિદ્ધ હુઆ સુપવિત્ર; તે સિં૦ સિદ્ધ ખેત્ર સુભ ચિત્ત. ૯૨
શ્રી કર્મક્ષયગિરી પર્વતાય નમોનમ:
દ્રવ્ય ભાવ મલ વિશેષથી, જેહથી જાયે દૂર; તે સિં૦ વિમલાચળ સુખ પૂર. ૯૩
શ્રી પુરૂષોત્તમગિરી પર્વતાય નમોનમ:
સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમળ વાન; તે સિં૦ સુરગિરી નામ પ્રમાણ. ૯૪
શ્રી કયંબૂ તીર્થગિરી પર્વતાય નમોનમ:
પર્વત સહુમાંહે વડો, મહાગિરી તિણે કહંત; તે સિં૦ દરિસન લહે પુણ્યવંત. ૯૫
શ્રી લોહિતાક્ષગિરી પર્વતાય નમોનમ:
મહીપાલાદિક રાજવી, તેહનાં ગયાં સહુ કષ્ટ; તે સિં૦ કુમતી કહે બહુ ખષ્ટ. ૯૬
શ્રી મણીકાંતગિરી પર્વતાય નમોનમ:
પુન્ય અનર્ગળ જેહથી, થાયે પાપ વિનાશ; તે સિં૦ નામ ભલું પુણ્ય રાસ. ૯૭
શ્રી પ્રત્યક્ષગિરી પર્વતાય નમોનમ:
લક્ષ્મી દેવી જે ભણી, કુંડે કમળ નિવાસ; તે સિં૦ શ્રીપદ્મ નામ સુખ વાસ. ૯૮
શ્રી અસીવિહારગિરી પર્વતાય નમોનમ:
સર્વ ગિરીમાં સુરપતિ સમો, પાતિક પંક વિલાસ; તે સિં૦ પર્વતેંદ્ર વિખ્યાત. ૯૯
શ્રી ગુણકંદગિરી પર્વતાય નમોનમ:
ત્રિભુવનમાં તીરથ સવે, તેહમાં મોટો એહ; તે સિં૦ મહા તીર્થ જસ રેહ. ૧૦૦
શ્રી ગજચંદ્રગિરી પર્વતાય નમોનમ:

આદિ અંત નહીં જેહનો, કોઇ કાળે નવિ લય; તે સિ૦ સાસ્વતો ગિરી કહેવાય. ૧૦૧
જંગતરણીગિરી પર્વતાય નમોનમઃ
ભલાભદ્ર જે ગિરીવરે, આવ્યા હોય અપાર; તે સિ૦ નામ સુભદ્ર સંસાર. ૧૦૨
શ્રી અનંતગુણાકરગિરી પર્વતાય નમોનમઃ
વીર્ય વધે શુભ સાધુને, પામી તીરથ ભકત; તે સિ૦ નામે જે દ્દઢ વિત્ત. ૧૦૩
શ્રી નગશ્રેષ્ટગિરી પર્વતાય નમોનમઃ
સીવપંથ સાધે જે ગિરે, તે માટે અભિધામ; તે સિ૦ મુકિતનીલય ગુણ ખાણ. ૧૦૪
શ્રી સેહેજાનંદગિરી પર્વતાય નમોનમઃ
ચંદ્ર સૂર્ય સમકિત ધરી, સેવ કરે શુભ ચિત્ત; તે સિ૦ પુષ્ફદંત વિદિત્ત. ૧૦૫
શ્રી સુમતિગિરી પર્વતાય નમોનમઃ
ભિન્ન રહે ભવજળથકી, જે ગિરી લહે નિવાસ; તે સિ૦ મહાપદ્મ વિલાસ. ૧૦૬
શ્રી અભયગિરી પર્વતાય નમોનમઃ
ભૂમી ધરી જે ગિરીવરે, ઉદધીજ લોપે લીહ; તે સિ૦ પૃથવીપીઠ અહનીહ. ૧૦૭
શ્રી સુરગિરી પર્વતાય નમોનમઃ
મંગળ સવિ મળવા તણું, પીઠ એહ અભિરામ; તે સિ૦ ભદ્રપીઠ જસ નામ. ૧૦૮
શ્રી ભવ્યગિરી પર્વતાય નમોનમઃ
મૂળ જાસ પાતાળમાં, રત્નમય મનોહાર; તે સિ૦ પાતાળમૂ[illegible]વિચાર. ૧૦૯
શ્રી સિદ્ધશેખરગિરી પર્વતાય નમોનમઃ
કર્મ ક્ષય હોયે જેહથી, હોયે સિદ્ધ સુખકેલ; તે સિ૦ અકર્મ કરે મન મેલ. ૧૧૦
શ્રી અનંતરલેસગિરી પર્વતાય નમોનમઃ
કામીત સવિ પૂરણ હોયે, જેહનું દરિશન પાય; તે સિ૦ સર્વ કામ મન ઠાય. ૧૧૧
શ્રી શ્રેષ્ઠગિરી પર્વતાય નમોનમઃ

ઇત્યાદિક એકવીસ ભલા, નિરૂપમ નામ ઉદાર;
જે સમર્યા પાતિક હરે, આત્મશક્તિ અનુહાર. ૧૧૨
મન વચ કાયાયેં કરી, સેવે ગિરિ સુવિસાલ;
ભવિયણ નિત નિત પામશે, જય જય મંગળ માળ. ૧૧૩

કળશ.

એ તીર્થ નાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધગિરી
અઠોતરસય ગાહ સ્તવને, પ્રેમ ભક્તિ મન ધરી. ૧૧૪
શ્રી કલ્યાણસાગર સુરી શીષ્યે, શુભ જગીસે સુખકરી;
પુન્ય મહોદય સકલ મંગળ, વિલસે જય જય સિદ્ધગિરી. ૧૧૫

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોના નાંમ.

૫ શેઠ પ્રેમચંદ રાયચંદ
૫ „ વીરચંદ દીપચંદ જે. પી.
૧૦ „ દામજીભાઇ લક્ષ્મીચંદ જે. પી.
૫ „ માણેકચંદ કપુરચંદ
૫ „ ઝવેરભાઇ હરજીવનદાસ
૫ „ વીરજીભાઇ ત્રીકમદાસ
૫ „ દીપચંદ માણેકચંદ
૫ „ સોભાગચંદ તલકચંદ
૧૦ „ નાગરદાસ ઉત્તમચંદ પારેખ
૫ „ કાળીદાસ મુળજી
૨ „ મુળચંદ સરૂપચંદ
૧ „ ભીખાભાઇ મગનલાલ
૧ „ બાલાભાઇ જેચંદ
૧ „ હરીભાઇ વેલજી
૧ „ દેવસી મોનસી
૨૫ „ મગનલાલ જીવરાજ
૨ „ જુઠા ચાંપસી
૧ „ ગલાલચંદ વીરજી
૧ „ ભગવાનદાસ હરજીવનદાસ
૨ „ ગોડીજી જૈન પાઠશાળા
૫ „ ચંદુલાલ ખુશાલજી
૧ „ સવચંદ પ્રેમચંદ
૧ „ ઓતમચંદ પરમાણંદ
૧ „ ખીમજી માલસી
૧ „ વીરજી માવજી

૨૦ શેઠ દલીચંદ લખમીચંદ
૧ „ અભેચંદ કસ્તુરચંદ
૧ „ ચંદુલાલ દલસુખ
૧ „ નાનચંદ જેઠાભાઇ
૧ „ જેચંદ ખીમચંદ
૧ „ જેચંદ રઘુભાઇ વોરા
૧ „ જગજીવન પાનાચંદ
૧ „ ભાઇચંદ ગગજી
૧ „ ગોવીંદજી મોનજી
૧ „ મુલજી ભીમજી
૧ „ નીઆલચંદ દીઆળજી
૧ „ જસરાજ ઝવેર
૧ „ ગોપાળજી નીહાલ
૧ „ માલજી કાનજી
૧ „ નારણજી જીવણ
૧ „ દેવકરણભાઈ મુળજી
૧ „ કાનજી ગાંગજી
૧ „ વીરજી રતનસી
૧ „ જેઠા ભારીઆ
૧ „ દામજીભાઈ આશકરણ
૧ „ સોમચંદ ધારસી
૧ „ હરજીવન રાઘવજી
૧ „ હેમાજી હકમચંદ
૧ „ માણેકચંદ તેજપાર